શ્રી ફાર્બસ ગુજરાતી સભા-ગ્રંથમાળા નં. ૧૧

અહુનવર

એ નામનો સર્જનજૂનો મંત્ર

(પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન)

લેખક

માનશંકર પીતાંબરદાસ મહેતા

ભાવનગર

પ્રકાશક

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—મુંબઈ

ઈ. ૧૯૩૭ વિ. સં. ૧૯૯૩

પ્રત ૭૫૦ આવૃત્તિ ૧ લી

કિંમત ૦-૮-૦

પ્રકાશક
રા. રા. હરસિદ્ધભાઇ વજુભાઇ દિવેટીયા,
એમ. એ. એલ એલ. બી., એડવોકેટ, હાઇકોર્ટ મુંબઈ,
મહારાજા મેન્શન્સ, સેન્ટહર્સ્ટ રોડ, મુંબઇ, નં. ૪

મુદ્રણસ્થાન:
આદિત્યમુદ્રણાલય, રાયખડ: અમદાવાદ.
મુદ્રક: ગજાનન વિ. પાઠક.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા-ગ્રંથમાળા નં. ૧૧

અહુનવર

એ નામનો સર્જનજૂનો મંત્ર

(પારસી ધર્મતત્ત્વનું વૈદિક દષ્ટિએ અવલોકન)

લેખક

માનશંકર પીતાંબરદાસ મહેતા

ભાવનગર

પ્રકાશક

શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મુંબઇ

સં. ૧૯૮૭ ઇ. સ. ૧૯૩૧

પ્રત ૭૫૦ આવૃત્તિ ૧ લી

કિમ્મત ૦-૮-૦

પ્રકાશક

રા. રા. હરસિદ્ધભાઇ વજુભાઇ દિવેટીયા,
એમ. એ. એલ એલ. બી., એડવોકેટ, હાઇકોર્ટ મુંબઈ,
મહારાજા મેન્શન્સ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ, નં. ૪

મુદ્રણસ્થાન:
આદિત્યમુદ્રણાલય, રાયખડ: અમદાવાદ.
મુદ્રક: ગજાનન વિ. પાઠક.

પ્રસ્તાવના

આ લઘુ લેખ લખવાની પ્રેરણા મારા એક પારસી મિત્ર શ્રીયુત ફ્રામજી ખરશેદજી કોચબિલ્ડરના આગ્રહથી થઈ છે. તેઓ પોતાનાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવામાં બહુ ઉત્સાહથી રસ લે છે. થોડાં વર્ષો પહેલાં "ચેરાગ" નામના એક માસિક પત્રમાં અહુનવર નામના મંત્રના યૂરપીય અને આ દેશના પારસી વિદ્વાનોએ કરેલા લગભગ વીશ પચીસ અર્થો પ્રકટ થયા હતા, તે તેઓના વાંચવામાં આવ્યા. તે એક જ મંત્રના એટલા બધા વિદ્વાનોએ એટલા બધા અર્થો કર્યા છતાં તેમાંથી તેઓને કાંઈ તાત્ત્વિક ગૌરવ જણાયું નહિ. અવસ્તાની ભાષા વૈદિકભાષાની સમાન હોવા છતાં, તેમ જ જરથુસ્ત્ર-પ્રકટિત ગાથાઓના અને યજશ્ને જેવાં શાસ્ત્રોના વિચારો ઘણે અંશે વૈદિક વિચારોને મળતા આવે છે, છતાં પારસીધર્મના તત્ત્વરૂપ મંત્રમાંથી તેવું તત્ત્વદર્શન શા માટે થતું નથી, તેનું કંઈ પણ કારણ તેઓના સમજવામાં ન આવવાથી વૈદિક દૃષ્ટિએ તેનું અવલોકન કરી, જે પરિણામ આવે તે પારસી વિદ્વાનો સમક્ષ રજુ કરવાનો તેઓએ આગ્રહ કર્યો. મારા પોતાનાં વૈદિક સાહિત્યના અભ્યાસમાં વૈદિક ભાષા સાથે અવસ્તાની ભાષાના સામ્ય વિષે તેમ જ અવસ્તાના ધાર્મિક સિદ્ધાન્તો સાથે વૈદિક સિદ્ધાન્તોના સામ્ય વિષે વાંચવામાં આવતાં, તે ભાષાનો અને તે પુસ્તકોનો અભ્યાસ કરવાની ઇચ્છા તો મારા હૃદયમાં ઘણાં સમયથી તરવરી રહી હતી. તે ઇચ્છાની પૂર્તિ કરવાને માટે મારા તે મિત્રે મને જોઇએ તેટલાં સાધનો આપ્યાં. તે સાધનોથી મારાથી જેટલો અભ્યાસ થઈ શકયો, તેટલા અભ્યાસના પરિણામરૂપે આ લઘુ લેખ લખાયો છે.

જે વિષયમાં યૂરપના તેમ જ આ દેશના ધુરંધર વિદ્વાનોએ અવગાહન કરી, તલસ્પર્શ કર્યો હોય, અને તેને પરિણામે અનેક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો અને નિબંધો પ્રકટ થયા હોય, તે વિષયમાં

મારા જેવો અલ્પાભ્યાસી કંઇક નવીન દૃષ્ટિથી માથું મારવાની હિમ્મત કરે, એ વિચિત્ર જેવું તો ગણાય. છતાં કલકત્તાયુનિવર્સિટીના પ્રોફેસર તારાપોરવાળાએ આ લેખ વાંચી અતિ પ્રોત્સાહન સાથે પ્રકટ કરવાને અનુમોદન આપ્યું, ત્યારે હવે પછીના અભ્યાસીઓને તેમાંથી કંઇક નવીન સૂચન અથવા નવીન માર્ગદર્શન થઈ શકશે, એવી આશા રાખી, આ લેખ પ્રસિદ્ધિમાં મુકવામાં આવ્યો છે.

પ્રોફેસર તારાપોરવાળાએ આ લેખ વાંચી તેમાંની કેટલીક ત્રુટિઓ સુધારવાની સૂચનાઓ કરી હતી. બની શક્યું ત્યાંસુધી એમની સઘળી સૂચનાઓનું અનુસરણ કરવામાં આવ્યું છે; પરંતુ જે જે સ્થલોએ વૈદિક દૃષ્ટિએ મતભેદ જણાયો, તે તે સ્થળોએ તેઓની સૂચનાઓનાં ઉલ્લેખનો સાથે તેવા મતભેદો પણ દર્શાવવામાં આવ્યા છે. છતાં મુખ્ય આધાર તો સુવિખ્યાત પારસી વિદ્વાન્ કાવસજી એદલજી કાંગાના અવસ્તાના વ્યાકરણ અને શબ્દકોષ ઉપર તેમ જ તેઓએ કરેલાં અવસ્તાના ગ્રંથોનાં અનેક ગુજરાતી ભાષાન્તરો ઉપર રાખવામાં આવ્યો છે. આનુષંગિક વિષયોની ચર્ચા કરવામાં યુરોપીય વિદ્વાનોનાં પુસ્તકોમાંથી પ્રોફેસર માર્ટિન હાઉગના પારસી ધર્મ સંબધી નિબંધો તેમ જ અંતરેયબ્રાહ્મણના અંગ્રેજી ભાષાન્તર સાથે તેઓએ જોડેલી વિસ્તીર્ણ ભૂમિકા જ મને માર્ગદર્શક થઈ પડેલ છે. એ માટે તે સઘળા વિદ્વાનોનો આ સ્થલે હું અંતઃકરણપૂર્વક ઉપકાર માનવાની આવશ્યકતા સમજું છું.

આ લઘુ લેખ લખાઈ તૈયાર થયા પછી ઇ. સ. ૧૯૩૦ ના ડીસેંબર માસમાં પટણામાં ભરાયેલી છઠ્ઠી ઓરિન્ટલ કન્ફરન્સના પ્રમુખવર્ય્ય રાયબહાદુર હીરાલાલે કરેલ ભાષણમાંથી આ વિષય ઉપર તાજેતર પ્રસિદ્ધ થયેલ નિબંધોની હકીકત જાણવામાં આવી. એ નિબંધોમાંથી વિશેષતઃ દિલ્હી યુનિવર્સિટીના સંસ્કૃત પ્રોફેસર પંડિત લક્ષ્મીધર શાસ્ત્રીનો ઇ. સ. ૧૯૩૦ માં દિલ્હીયુનિવર્સિટીએ પ્રસિદ્ધ

કરેલ ‘ આર્યોની જન્મભૂમિ ’ નામના પુસ્તકમાંથી તેમજ પટણા કોલેજના સંસ્કૃત પ્રોફેસર અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રીના× ઇ. સ. ૧૯૨૬ માં ‘ અસુર ઇંડિયા ’ નામના પ્રસિદ્ધ થયેલ પુસ્તકમાંથી આ લેખમાં ઉપજાવેલાં અનુમાનોને અચિંત્ય પુષ્ટિ મળી શકી છે.

યદ્યપિ પ્રોફેસર અનંતપ્રસાદ બેનરજી શાસ્ત્રીએ અસુર નામની સ્વતંત્ર તેમ જ વિદેશીય જાતિ કલ્પીને અનેક વિલક્ષણ અનુમાનો ઉપજાવ્યાં છે, છતાં અનેક દેશીય અને વિદેશીય વિદ્વાનોના લેખો-માંથી તેઓએ એટલું બધું સંશોધન કર્યું છે, અને તેને પરિણામે તેઓએ એટલી બધી માહિતી આપી છે કે ભવિષ્યના અન્વેષકોને તેઓનું પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડયા વિના રહેશે નહિ. અસુરોની એક સ્વતંત્ર અનાર્ય જાતિ હતી; તેઓ આસિરિયા અને બાબીલોનીયામાંથી અરબી સમુદ્રને માર્ગે થઇને સિંધુ નદીના મુખ પાસે હિન્દુસ્થાનમાં આવ્યા; પાંચ ૭ વર્ષ પહેલાં સિંધમાં લારખાના પાસે મોહેન-જો-ડેરો(મોહનધાર ,નાં ખંડેરોમાંથી મળી આવેલાં અવશેષો ઉપરથી, તે સ્થળે અસુરોનું એક બલવાન્ અને સંસ્કારી રાજ્ય હતું, દાશરાજ્ઞ વિગ્રહમાં આર્યરાજા સુદાસની સામે લડનાર દ્રુહ્યું, તુર્વશુ, અનુ, પુરૂ અને યદુ-એ પાંચ જાતિઓ અસુર હતી, અને તેઓને સહાય કરનાર ભૃગુઓ પણ એસિયામૈનરમાં વસનારી અસુર જાતિના હતા; છેવટે રાવિ નદી ઉપર તેઓની સખ્ત હાર થવાથી સમુદ્રમાર્ગે નાશી જઈ, એશિયા અને યુરપમાં જઇને વસ્યા, વગેરે તેઓએ ઉપસ્થિત કરેલી કલ્પનાઓ જેટલી વિલક્ષણ છે, તેથી અધિક વિવાદગ્રસ્ત છે. આ સ્થળે તે સંબંધી ચર્ચા કરવાનો પ્રસંગ નથી, તેમ આવશ્યકતા પણ નથી. છતાં દાશરાજ્ઞ વિગ્રહમાં ભાગ

× The Home of the Aryas by Pandit Lachmidhar Kalla, M. O. L. Shastri (A. D. 1930) and Asura India by Anantprasad Banerji Shastri, U. A. (Cal) D. Phil. (oxon), (A. D. 1926).

લેનાર તે દ્રુહ્યુ આદિ જાતિઓના રાજાઓનો પરાજય થયાથી તેઓ આ દેશ છોડી સમુદ્રમાર્ગે પલાયન કરી ગયા, (પૃ. ૧૦૦) વગેરે જે અનુમાનો કરવામાં આવ્યાં છે, તે અનુમાનો આ લેખમાં ઉપજાવેલાં તેવાં જ અનુમાનોને સંપૂર્ણ પુષ્ટિકારક થઈ પડે છે.

પંડિત લક્ષ્મીધરશાસ્ત્રીનો ત્યારપછી લખાયલો નિબંધ તો તેથી પણ વધારે ઉપયોગી થઈ પડે તેવો છે. ગ્રિસ્વૉલ્ડ જેવો યૂરોપિય વિદ્વાન્ પણ સ્વીકારે છે કે આર્યો હિન્દુસ્થાનમાં વિદેશમાંથી આવ્યા તેવું કંઈ પણ સૂચન વૈદિક સાહિત્યમાંથી થતું નથી. છતાં તેઓ એમ માને છે કે– ભાષાતત્ત્વની દૃષ્ટિએ આર્યભાષાની સઘળી ઉપશાખાઓનું સમીક્ષણ કરતાં આર્યો યૂરપમાંથી એશિયામાં અને ત્યાંથી ઇરાનમાં થઈને હિંદુસ્થાનમાં આવીને વસ્યા હતા,+ પંડિતજીએ તે વિષે સંપૂર્ણ અભ્યાસ કર્યો છે, અને ભાષાતત્ત્વની દૃષ્ટિએ જ તે કલ્પનાનું સમૂલ ખંડન કર્યું છે. અનેક યૂરપીય તેમ જ આ દેશના પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોના લેખોનું અવલોકન કરીને તેઓએ સ્પષ્ટરીતે સિદ્ધ કર્યું છે કે આર્યોનું મૂલ વતન હિમાલયની તલેટીમાં આવેલ સરસ્વતી અને સિંધુ નદી વચ્ચેનો સપ્તસિંધુ નામનો પ્રદેશ હતો. ત્યાંથી તેઓ પશ્ચિમમાં, દક્ષિણમાં અને પૂર્વમાં અનાર્યો અને આર્યો સાથે વિગ્રહો કરીને ચારે તરફ ફેલાઈ ગયા; અને ત્યાર પછી એશિયા અને યુરપમાં જઈને વસ્યા (પૃ. ૧૦૪–૫). એ મુખ્ય સિદ્ધાન્ત સિદ્ધ કરતાં દરમ્યાન તેઓએ કેટલાંક અવાન્તર અનુમાનો પણ ઉપજાવ્યાં છે. અનેક પ્રમાણો ટાંકી તેઓએ સ્પષ્ટ કર્યું છે કે (૧) ઇરાની આર્યોના અવસ્તાના ધર્મગ્રંથો તથા ગ્રીસના હોમર કવિનાં કાવ્યો વૈદિક સાહિત્ય પછી રચાયાં છે, (પૃ. ૫૫); (૨) આવસ્તિક સાહિત્ય વૈદિક સાહિત્યના નમુના ઉપર રચાયું હોય, એમ પ્રતીત થાય છે; (પૃ. ૫૬), (૩) અવસ્તાની રચનાનો કાળ વૈદિક

+ The Religion of The Rigveda, by A. D. Griswold, M. Ph. D., D. D. P. P. 1–7).

બ્રાહ્મણોની રચનાના કાલને અંતે તથા મહાભારતાદિ વીરકાવ્યોની રચનાના કાલના આરંભમાં હોવો જોઇએ (પૃ. ૧૩૬); ઇત્યાદિ અનુમાનો આ લેખમાં ઉપજાવેલાં અનુમાનોને અક્ષરશઃ ટેકો આપે છે. એ ઉભય શાસ્ત્રીઓએ અતિ પરિશ્રમ લઇને પ્રસિદ્ધ કરેલા નિબંધો-માંથી આર્યજાતિના પુરાતન ઇતિહાસ ઉપર કંઇક નવીન જ પ્રકાશ પડે છે. આપણા શાસ્ત્રીજીઓ માત્ર સંસ્કૃત પ્રાચીન સાહિત્ય અને શાસ્ત્રોનું પરિશિલન કરવામાં આખું આયુષ્ય વ્યતીત કરી નાંખે છે, તેને બદલે સાથે સાથે વિદેશીય ભાષાઓનો અભ્યાસ કરીને તે તે ભાષામાં રચાયેલા ગ્રંથોનું પણ પરિશિલન કરે, અને તે ઉપરથી પોતાના વિચારો પ્રસિદ્ધિમાં મૂકે તો માત્ર હિન્દુસ્થાનને જ નહિ, પણ સઘળી વિદેશીય સંસ્કારી પ્રજાઓને પણ ઉપકારક થઇ શકે.

છેવટે આ વિષય સમાપ્ત કરતાં જણાવવું જોઇએ કે મુંબઈની શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ આ લેખ પ્રકાશિત કરવાનું જે ઔદાર્ય દર્શાવ્યું છે, તેને માટે તે સભાનો અને વિશેષતઃ તેના અગ્રણીઓનો સંપૂર્ણ ઉપકાર માનું છું.

ભાવનગર
તા. ૨૯-૫-૧૯૩૧ શુક્રવાર } માનશંકર પીતાંબરદાસ મહેતા

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૭	અલ્યાઈ	અહ્માઈ
૬	૫	રૂદ્રસંપ્રદાય	રુદ્રસંપ્રદાય
૧૫	૭	રૂચ્ચે	રુચ્ચે
૧૮	૨૦	ત	તે
૧૮	૨૧	મંત્રગત્	મંત્રગત
૨૦	૧	**अह्**	**अंह्**
૨૫	૨૫	અતિવ્યાપ્ર	અતિવ્યાપ્ત
૨૯	૨	અહુરઝદે	અહુરમઝદે
૨૯	૭	વિક્રામ	વિકાસ
૩૪	૨૩	તેમ જ વર્ત્તમાન	તેમ જ પરસ્મૈપદનું
૩૭	૨૩	નિરૂક્તમાં	નિરુક્તમાં
૩૭	૫	પાછળ પૃષ્ઠ ૨૯ નું પાદટિપ્પણ ૩૪	પાછળ પૃષ્ઠ ૨૫નું પાદટિપ્પણ ૪૦
૪૮	૧૬	પરૂચ્છેદ	પરૂચ્છેપ
૪૮	૨૭	**अभिल्लक्ष्य**	**अभिख्लग्य**
૪૯	૨૧	દષ્ટાન્ઓ	દ્રષ્ટાઓ
૫૧	૫૭	કહાર	કંહાર
૫૪	૬	પુરૂષ	પુરુષ
૫૩	૯-૧૦	**हू-हू**	**हूं-हूं**
૫૪	૬	પુરૂષનું	પુરુષનું
૫૬	૧૯	**असुरः**	**असुरः**
૫૭	૪	અધિપત્ય	આધિપત્ય
૫૭	૧૮	**वहाम्यम्**	**वहाम्यहम्**
૬૨	૧૭	વહુમન	વસુમન

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૨	૨૩	સકલ્પોથી	સંકલ્પોથી
૬૨	૨૬	**अमृतोपनिषद्**	**अमृतोपबिन्दूपनि-षद्**
૬૨	૨૭	સિદ્ધત	સિદ્ધાંત
૬૩	૧૮	પ્રકૃતિ (Matter)	પ્રકૃતિ (Matter)—માંથી
૬૫	૧	કર્યો હતો.	કર્યો ન હતો.
૬૮	૮	આશિરિયા	આસિરિયા
૭૪	૧૬	તેઓના પૌરૂશસ્પ	પૌરૂશસ્પ
૭૫	૧૦	સાયણાચાર્યે	શંકરાચાર્યે
૮૪	૨૧	બુદ્ધિતિ	બુદ્ધિ

અનુક્રમણિકા

શ્રી ફાર્બસ ગુજરાતી સભા–મુંબઈ

સાહિત્યપ્રચારને ઉત્તેજનની યોજના

શાળા–પાઠશાળાઓને ઇનામ માટે તેમ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિમ્મતની ગોઠવણ

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ, મુંબાઇ ઇલાકાનાં સરકારી, દેશી રાજ્યોનાં તેમ જ મ્યુનીસીપાલીટીઓ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાંઓમાં અભ્યાસ તથા વાંચનપ્રસાર દ્વારા તથા વિદ્યાર્થીઓને અપાતાં ઇનામો દ્વારા, તેમ જ તેમના હસ્તકની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ અને પુસ્તકાલયોમાં ગુજરાતી સાહિત્યનો પ્રસાર બહોળા પ્રમાણમાં સહેલાઇથી, ઓછા ખર્ચે થઈ શકે તે માટે પોતાની માલિકીનાં પુસ્તકો (રાસમાળા ભાગ ૧–૨ સિવાય) અર્ધી કિમ્મતે અને રાસમાળા (ભાગ–૧૨) સાડા બાર ટકે ઉપલી સંસ્થાઓને વેચાતાં લેઈ શકવાની અનુકૂલતા કરી આપવા ઠરાવ્યું છે.

સૂચના:

ઉપલી સંસ્થાઓમાંની જેમને આ પુસ્તકો અર્ધી કિમ્મતે વેચાતાં લેવાં હોય, તેમણે **નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.**

રા. રા. હરસિદ્ધભાઈ વજુભાઇ દિવેટીયા,

એમ. એ., એલએલ. બી., એડવોકેટ, હાઇકોર્ટ, મુંબઈ.

માનાર્થ મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા,

મહારાજ, મેન્શન્સ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબાઇ નં. ૪.

૧૬૨૬૧

અહુનવરનામનો સર્જનજૂનો મંત્ર

૧ મંગલાચરણ

અષેમ્[૧] વોહૂ[૨] વહિશ્તેમ્[૩] અસ્તી[૪] । ઉશ્તા[૫] અસ્તી[૬] ॥

अषम् वसु वसिष्ठम् अस्ति । उशितम् अस्ति ॥

ઉશ્તા[૭] અહ્માઇ[૮] । હ્યત્[૯] અષાઇ[૧૦] વહિશ્તાઇ[૧૧] અષેમ્[૧૨] ॥*

उशितम् अस्मै । यत् अषाय वसिष्ठाय अषम् ॥

અર્થ:—પરમ સત્યરૂપ[૧-૩] પરમાત્મા પ્રિયરૂપ[૨] છે,[૪] આનંદરૂપ[૫] છે;[૬] જે[૯] (મનુષ્ય) પરમ સત્યરૂપ પરમાત્મા[૧૦-૧૧] (ની પ્રાપ્તિ) માટે (મન, વચન અને કર્મથી) સત્યરૂપ[૧૨] (થાય છે), તેને[૮] પરમાનંદ[૭] (પ્રાપ્ત થાય છે); અથવા તેની[૮] સર્વ કામનાઓ[૭] (સિદ્ધ થાય છે).

ટિપ્પણ—**वसु**=પ્રિય; **वस्**=ચાહવું, તે. ઉપરથી.

वसिष्ठ=વસુનું અતિશયતાદર્શક રૂપ.

उशित=ઇચ્છા, કામના, સુખ, આનંદ; **वश्** ઉપરથી.

પ્રોફેસર એરચ જહાંગીર સોરાબજી તારાપોરવાલા વૈદિક **वषट्** શબ્દ સાથે ઉસ્તાનો સંબંધ હોય, એમ ધારે છે. પરંતુ **वषट्** અને **स्वाहा** એ શબ્દો અવ્યય છે, અને યજ્ઞમાં દેવોને આહુતિ આપતી વખતે તેઓનો પ્રયોગ કરવામાં આવે છે: જેમકે **इन्द्राय वषट्**, **इन्द्राय वौषट्**, **इन्द्राय स्वाहा.** તેનો અર્થ 'ઇન્દ્ર તૃપ્ત થાઓ!' એવો થાય છે. તેવી જ રીતે પિતૃઓને માટે **स्वधा** અને મનુષ્યને માટે **हन्त** વપરાય છે.

---

* પારસીઓનો નિત્ય જપ કરવાનો પવિત્ર મંત્ર.

ગાથાઓમાં ઉશ્તા શબ્દ અનેક સ્થળોએ વપરાયેલ છે. **वषट्**ની જેમ તે અવ્યય નથી, પણ નામ છે. તેનો અર્થ "સુખ, આનંદ" એવો જ કરવામાં આવે છે. **वषट्** શબ્દમાં **वष्** ધાતુ છે, તેનો અર્થ પીડવું, હણવું, એવો કરવામાં આવ્યો છે, તે પણ ધ્યાનમાં લેવા જેવું છે.

(જુઓ શ્રી. આપ્તેના સંસ્કૃત શબ્દકોષમાં તથા શબ્દકલ્પદ્રુપમાં **वषट्, वौषट्, स्वाहा, स्वधा** અને **हन्त** શબ્દો.)

૨. પારસીઓનાં અવસ્તાદિ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવાની આવશ્યકતા

હિન્દુસ્થાનનો ઐતિહાસિક કાળ તો મકદુનિયાના મહાન્ સિકંદરે પંજાબ ઉપર ઇ. સ. પૂર્વે ૩૨૬ માં હુમલો કર્યો, ત્યારથી શરૂ થાય છે. તેની પૂર્વના ઇતિહાસની રૂપરેખાઓ બૌદ્ધ જાતકો, પુરાણો તેમ જ મહાભારત અને રામાયણ ઉપરથી દોરી શકાય છે. પરંતુ તે તે ગ્રંથો રચનારાઓનો આશય તે તે કાળની રાજકીય, સામાજિક કે આર્થિક અવસ્થાઓ વર્ણવા કરતાં પોતપોતાના ધર્મનો પ્રચાર કરવાનો વધારે હોવાથી, તે તે ગ્રંથોમાં ઇતિહાસ તો શું, પણ ઇતિહાસાભાસ પણ આવી શક્યો નથી. મહાભારતના ઇતિહાસે મહાભારતના કાળની રાજકીય સ્થિતિનું ભભકભર્યું ચિત્ર આલેખ્યું છે; પરંતુ તે પહેલાંના કાળનો ઇતિહાસ જાણવાને કંઈ પણ સાધન નથી.

વૈદિક સંહિતાઓમાં આર્યો અને અનાર્યોના વિગ્રહોનું તેમ જ આર્યોના આન્તરવિગ્રહોનું રસમય વાણીમાં કવન કર્યું છે; રાજાઓની રણવીરતા અને દાનવીરતાની પ્રશસ્તિઓ લલકારી છે, તેમ જ ઋષિઓનાં બ્રહ્મવર્ચસ્ અને બ્રહ્મબલનાં ગાનો પણ ગાયાં છે; છતાં તેમાંથી તે સમયની સમાજસ્થિતિનું ઝાંખું દિગ્દર્શન પણ થઈ શકતું નથી. ભૂસ્તરવિદ્યાના અભ્યાસીઓ જેમ ભૂમિમાં ખોદાણ કરીને,

એક પછી એક સ્તરમાંથી પુરાતન વસ્તુઓના અવશેષો શોધી કાઢે છે, અને તે ઉપરથી કાલાનુક્રમ ગોઠવી ઐતિહાસિક કલ્પનાઓ કલ્પે છે, તે પ્રમાણે સંહિતાદિક વૈદિક ગ્રંથોમાંથી સંમિશ્ર વૈદિક સ્તરોને છૂટા પાડી, તે તે સ્તરોમાંથી મળી આવતી વિગતો ઉપરથી વૈદિક કાળની ઐતિહાસિક કલ્પનાઓ કરવામાં આવે છે. તેમ છતાં વસ્તુતઃ તે કલ્પનાઓ કલ્પના જ છે, ઇતિહાસ નથી, કદાચ તેને ઇતિહાસાભાસ કહી શકાય.

યૂરોપીય પંડિતોએ આર્ય જાતિની જૂદી જૂદી શાખાઓની ભાષાઓ, પૌરાણિક કથાઓ અને ધાર્મિક ક્રિયાઓ અને વિચારોની તુલના કરી કંઇક તર્કગમ્ય ઇતિહાસ આપવાનો પ્રયાસ કર્યો છે. છતાં તે પ્રયાસ જોઇએ તેટલો સફલ થયો નથી.

પુરાતન કાળના ઇતિહાસના અભાવે ખરો માર્ગ તો એ જ છે કે પુરાતન કાળની પ્રજાઓના ધાર્મિક ગ્રંથોની પરસ્પર તુલના કરી. તેમાંથી બની શકે તેટલી વિગતો શોધી કાઢવી. વૈદિક કાળની ધાર્મિક, રાજકીય કે સામાજિક સ્થિતિનો ઝાંખો પણ સ્વીકાર્ય ઇતિહાસ મેળવવો હોય તો વૈદિક પંડિતોએ પારસીઓનાં ધર્મશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરવો જ જોઇએ. પારસીઓના વૈદિક કાળના અવસ્તા ગ્રંથનો મોટો ભાગ લુપ્ત થયો છે, છતાં અવસ્તા અને પહલવી ભાષામાં વંદીદાદ વગેરે જે ગ્રંથો સચવાઈ રહ્યા છે, તે ગ્રંથોમાંથી પણ વૈદિક સાહિત્યને મળતું સાહિત્ય પુષ્કળ મળી આવે છે.

વૈદિક સંહિતાઓ જો વૈદિક કાળમાં અથવા મહાભારતના કાળમાં લખાઈ હોય, તો તે કઈ લિપિમાં લખાઈ હશે, તે જાણવાને આપણી પાસે સાધનો નથી. આપણા દેશની જૂનામાં જૂની બ્રાહ્મી લિપિ અશોકના લેખોમાં જોવામાં આવે છે. તે બ્રાહ્મી લિપિમાં જ પ્રથમ વેદો લખાયા હશે કે કેમ, અથવા મહાભારતના કે તે પૂર્વેના કાળમાં બ્રાહ્મી લિપિ જ પ્રચલિત હશે કે કેમ, તેનો

કોઈ પણ રીતે નિર્ણય થઈ શકે તેમ નથી. હાલમાં અવસ્તાના ગ્રંથો જે લિપિમાં લખાયા છે, તે લિપિ સેમેટિક લિપિને વિશેષ મળતી આવે છે. છતાં અવસ્તા અને તેની પેહેલાંની ગાથાઓની ભાષાના શબ્દકોષ અને વ્યાકરણ જોતાં,[1] વૈદિક ભાષામાંથી નિષ્પન્ન થયેલી પાલી, માગધી તેમ જ ઇતર પ્રાકૃત ભાષાઓ કરતાં તે ભાષા વૈદિક ભાષાને વધારે મળતી આવે છે. યૂરોપીય પંડિતોના શબ્દોમાં કહીએ તો "અવસ્તાની જૂનામાં જૂની ભાષા કારક, શબ્દકોષ, શબ્દવિન્યાસ, છંદો તેમ જ કવિતાની સામાન્ય રચનામાં વૈદિક ભાષાને એટલી બધી મળતી આવે છે કે, માત્ર સ્વરવિજ્ઞાનના નિયમો પ્રમાણે ફેરફાર કરવાથી અવસ્તાનાં સૂક્તો ને સૂક્તો કેવલ શુદ્ધ વૈદિક છંદોમાં જ નહિ, પણ વૈદિક કાવ્યભાવનામાં પણ શબ્દશઃ ઉતારી શકાય છે."[2]

પારસીઓના પૂર્વજો, ઇરાની આર્યો હિન્દી આર્યોથી ક્યારે જૂદા પડ્યા, શા માટે જૂદા પડ્યા, કયા દેશમાંથી જૂદા પડ્યા--એ સઘળા કોયડાઓ ઉકેલવાના પ્રથમ પ્રયત્નો જર્મની અને ફ્રાંસના વિદ્વાનોએ કર્યા હતા. આપણા દેશના પંડિતો અદ્યાપિ પર્યન્ત તેઓને પગલે ચાલવામાં માન સમજે છે. સૌથી પ્રથમ, તુલનાત્મક ભાષાશાસ્ત્રના જર્મન પ્રણેતા, આડેલુંગે (Adelung) ઈ. સ. ૧૮૦૬ માં પોતાના ગ્રંથમાં આર્યજાતિનો મૂલ જન્મપ્રદેશ કાશ્મીર દેશ હતો, એમ અનેકવિધ પ્રમાણો આપી સિદ્ધ કર્યું છે. તે સિદ્ધાન્ત યૂરપના ઇતર પંડિતોને ગળે ઉતરી શક્યો નહિ. પ્રત્યેકે વિશ્વામિત્ર ઋષિની જેમ પોતપોતાની નવનવી કલ્પનાસૃષ્ટિ ઘડી કાઢી. કોઇએ યૂરપ, તો કોઇએ પશ્ચિમ એશિયા, કોઇએ મધ્ય એશિયા, તો કોઇએ ઉત્તર ધ્રુવપ્રદેશ—એમ સઘળાઓએ ભિન્ન ભિન્ન દિશાઓમાં પોતપોતાના તર્કતુરંગો દોડાવ્યા.

---

૧ જુઓ, પારસીઓની મુલ્લાં ફીરોજની મદ્રેસાના હેડ માસ્તર કાવસજી એદલજી કાંગાનો બનાવેલો અવસ્તાનો શબ્દકોષ અને વ્યાકરણ.

૨ Vedic Mythology by A. A. Macdonell, p. 7.

આ કલ્પનાની સામે કર્ઝન અને તેના અનુયાયીઓએ બળવો ઉઠાવ્યો. તેઓએ તો હઠ જ લીધો કે આર્યજાતિની મૂલ જન્મભૂમિ હિન્દુસ્થાન જ હતી.[૩] આપણા દેશના વિદ્વાનોને મધ્ય એશિયાનો વાદ બહુ રૂચિકર થઈ પડયો છે. છતાં તેઓની સામે સત્યવ્રત સામશ્રમી, નારાયણરાવ ભવનરાવ પાવગે, તથા અવિનાશચંદ્ર દાસ જેવા સમર્થ વિદ્વાનો બંડ ઉઠાવ્યા વિના રહી શકયા નથી. તેઓ તો આર્ય જાતિની મૂલ જન્મભૂમિ સપ્ત સિંધુપ્રદેશ અથવા અર્વાચીન પંજાબ પ્રાંત હતો, એમ અનેક દલીલોથી સિદ્ધ કરે છે.[૪] વેદિક ઇન્ડિયાના રચનાર રાગોઝીનના શબ્દોમાં કહીએ તો એ સર્વ અનેકરંગી વિગ્રહોનું શું પરિણામ આવશે તે કહી શકાય તેમ નથી.[૫] પરંતુ વૈદિક સાહિત્ય અને પારસીઓનાં ધર્મશાસ્ત્રોનું સાહિત્ય—એ ઉભય સાહિત્યોનું મંથન કરવામાં આવે તો તે વિવાદનો અંત આવવાનો સંભવ છે.

ઋગ્વેદસંહિતામાંથી જોઈ શકાય છે કે વર્ત્તમાન કાળમાં જેમ શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ, શક્તિ—ઇત્યાદિ દેવદેવીઓના સંપ્રદાયો પ્રચલિત છે, તેમ વૈદિક કાળમાં પણ અગ્નિ, ઇન્દ્ર, વિષ્ણુ, રૂદ્ર, અશ્વી—ઇત્યાદિ દેવોના સંપ્રદાયો ચાલતા હતા. છેક પ્રાચીન કાળમાં ભૃગુ, અથર્વા અને અંગિરા કુલોના ઋષિઓએ સૌથી પ્રથમ અગ્નિયજન અથવા અગ્નિસંપ્રદાય પ્રવર્તાવ્યો હતો. કાલાન્તરે જ્યારે અનાર્યો સામે ઘોર સંહારક વિગ્રહોમાં ઉતરવું પડ્યું, ત્યારે અંગિરાઓએ ઇંદ્રયજન અને વિષ્ણુયજન દાખલ કર્યો.

---

૩ The origin of the Aryans, by Isaac Taylar, 2nd Ed. 1892 A. D.

૪ જુઓ, સત્યવ્રત સામશ્રમીનું ઐતરેયાલોચન પૃ. ૨૨–૩૭, તથા પાવગેનું Aryavartic Home તથા અવિનાશચંદ્ર દાસનું Rig Vedic India.

૫ Vedic India by Ragozin p, 176.

એ નવીન સુધારો ભૃગુઓ સહન કરી શક્યા નહિ.[૬] તે કારણથી ઋષિઓમાં અન્યોન્ય કલહો થવા લાગ્યા. પરંતુ જ્યાં સુધી અનાર્યોથી આખા દેશને સુરક્ષિત કરી શકાયો નહતો ત્યાં સુધી તે ધર્મકલહોએ ઉગ્ર સ્વરૂપ પકડયું ન હતું. તે જ સમયાન્તરમાં વસિષ્ઠ ઋષિના યજમાન વૈવસ્ત મનુના પુત્ર નાભાનેદિષ્ઠે રૂદ્રસંપ્રદાય[૭] અને આનર્ત દેશના રાજા શર્યાતિની સાહાય્યથી ભૃગુકુલોત્પન્ન ચ્યવન ઋષિએ અશ્વીસંપ્રદાય દાખલ કર્યો.[૮]

આમ એક તરફ ધર્મમહાસાગરની સીમા વધતી અને વધતી ચાલી, ત્યારે બીજી તરફ ધર્મનિમિત્તે ચાલતા વિક્ષેપક ઝઘડાઓથી કંટાળી ગયેલા ઋષિઓ એક નવીન એકેશ્વરસંપ્રદાય સ્થાપવાનો ઉપક્રમ કરવા લાગ્યા. અંગિરાકુલોત્પન્ન દીર્ઘતમા નામના ઋષિએ અનેક દેવોના અસ્તિત્વના સંબંધમાં પ્રખર પ્રતિવાદ ઉઠાવ્યો છે. તેઓએ તો મુક્ત કંઠે કહ્યું છે કે સઘળાં દેવદેવીઓ માત્ર એક વિશ્વપતિ એટલે પરમેશ્વરનાં જૂદાં જૂદાં નામો અને રૂપો માત્ર છે.[૯] તેવી પરિસ્થિતિમાં પંજાબની પરુષ્ણી અથવા રાવિ નદી ઉપર આર્ય રાજાઓમાં મહાભારત જેવો જ એક ભીષણ આન્તર વિગ્રહ થયો. તે વિગ્રહમાં એક તરફ ભરતવંશી સુદાસ રાજાએ અને

---

૬ ઋગ્વેદના આઠમા મંડલ(સૂ. ૧૦૦. ઋ. ૩)માં ભાર્ગવ ગોત્રના નેમ ઋષિએ ઇન્દ્રના અસ્તિત્વ સામે સખ્ત વિરોધ દર્શાવ્યો છે. તેઓએ કહ્યું છે કે—" ઇન્દ્ર નામનો કોઈ દેવ છે જ નહિ. તેને કોણે જોયા છે? ત્યારે આપણે કોની સ્તુતિ ગાઇશું?"

૭ ઐતરેય બ્રાહ્મણ, પંજિકા ૫, અ. ૨૨, ખંડ ૯ તથા ઋગ્વેદ મં. ૧૦-૬૧ તેમ જ ૧૦-૬૨.

૮ શતપથ બ્રાહ્મણ ૪-૧-૫ તથા જૈમિનીય તલવકાર બ્રાહ્મણ ૧-૧૧૨ થી ૧૨૮.

૯ एकं सत् विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥

"એક સદ્રૂપ પરમેશ્વરને પંડિતો અગ્નિ, યમ, માતરિશ્વા-ઇત્યાદિ અનેક નામોથી ઓળખાવે છે. ઋગ્વેદ, મંડળ ૧૦, સૂક્ત ૧૬૪, ઋચા ૪૬."

તેને સાહાય્ય આપવાને માટે વસિષ્ઠ કુલના ઋષિઓએ ભાગ લીધો હતો, ત્યારે બીજી તરફ યદુ, તુર્વસુ, આદિ દશ રાજાઓ બીજા અનેક પહાડી રાજાઓને લઇને રણસંગ્રામમાં ઉતરી પડયા હતા. તેઓને મદદ આપવાને ભૃગુઓ અને કદાચ અથર્વાઓ પણ આવ્યા હતા. તેમ છતાં વિધાતાએ તો સુદાસના કંઠમાં જ વિજયમાળા આરોપી હતી, એટલું જ નહિ પણ સંગઠિત રાજ્યોની સેનાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

પુરાણોમાં આ અતિ અગત્યના વિગ્રહનું નામ નિશાન પણ જોવામાં આવતું નથી. છતાં ઋગ્વેદના સાતમા મંડળના દ્રષ્ટા વસિષ્ઠ કુલના ઋષિઓએ તેમ જ ત્રીજા મંડલના દ્રષ્ટા વિશ્વામિત્ર કુલના ઋષિઓએ તો તે વિગ્રહનું બહુ ઓજસ્વી કાવ્યમાં વર્ણન કર્યું છે.[૧૦]

રણક્ષેત્રમાંથી બચેલા ક્ષત્રિઓ, ભૃગુઓ તથા અથર્વાઓને લઇને પંજાબની મર્યાદા વટાવી ગયા; ત્યાંથી અફઘાનીસ્તાન, બેકટ્રીયા, તાતાર, આસિરિયા વગેરે પ્રદેશોમાં ફરતા ફરતા છેવટે ઇરાનમાં જઇને વસ્યા હશે, એમ અનુમાન થાય છે. એ રીતે તેઓને અનેક વિપત્તિઓ ભોગવવી પડી, છતાં જે ધર્મને માટે તેઓએ અસંખ્ય પ્રાણોની આહુતિ આપી હતી, તેમાંથી જરા પણ શિથિલ ન થતાં તેઓ તેને વધારે ને વધારે મજબૂત કરતા ગયા. આસિરિયામાં દીર્ઘતમાના વિશ્વપતિનું નામ વૈદિક અસુરમહસ્ ઉપરથી અસરમઝાસ રાખ્યું અને ઇરાનમાં જઇને તેનો ઉચ્ચાર અહુરમજદ કરી નાંખ્યો.[૧૧]

ઇરાનમાં ગયા પછી જે પ્રભુને માટે તેઓ ઝંખી રહ્યા હતા,

---

૧૦ જુઓ ઋગ્વેદ મંડળ સાત, સૂક્ત ૧૮–૩૩ તથા ૮૩, તેમ જ ત્રીજા મંડળનાં સૂકતો ૩૩ અને ૫૩.

૧૧ આસિરિયાના રાજા આસુર બનિપાલ(ઇ. સ. પૂ. ૬૬૮–૬૨૬)–ના સમયનો શિલાલેખ જડી આવ્યો છે. તેમાં અસરમઝાસ નામ લખેલું છે. The Religion of the Rig-Veda, by Griswold, p. 25 n.

તેણે ધર્મનું રહસ્ય સમજાવવાને જરથુસ્ત્ર પયગંબરને મોકલાવ્યા. ધર્મને બ્હાને યજ્ઞોમાં થતી પશુહિંસા અને ધર્મને નામે થતા મનુષ્ય-વધોને એકદમ અટકાવી દેવા, એવો તેઓનો આશય હતો. સોમયાગોમાં પીવાતો સોમરસ અને સુરારસ તરફ તેઓનો અંતઃકરણપૂર્વક તિરસ્કાર હતો. એ સઘળી પશુહિંસા, મનુષ્યહિંસા અને માદક પાનો જૂદા જૂદા દેવોના અનુગ્રહો મેળવવાના ઉદ્દેશથી જ કરવામાં આવતાં હતાં. જરથુસ્ત્રે તેટલા માટે, યજ્ઞયાગો અને બની શકે તો તે યજ્ઞયાગોના દેવોને પણ દેશનિકાલ કરવાનો પ્રયાસ કરવા માંડયો. છતાં ઇરાનની આર્યપ્રજામાં સપ્તસિંધુમાંથી વજ્રલેપવત્ થઈ ગયેલા વૈદિક સંસ્કારો સપ્તસિંધુમાંથી બહિષ્કૃત થયા છતાં પણ ઘસાયા નહિ. જે સાંપ્રદાયિક દેવો, ઇન્દ્ર (ઇન્દ્ર અથવા અંદ્ર) રુદ્ર એટલે શર્વ (સૌર્વ) અને અશ્વી એટલે નાસત્યો(નહોનહઇથ્ય)ને માટે તેઓને એટલું બધું સહન કરવું પડયું હતું, તેઓને તેમણે દૈત્યવર્ગમાં મૂકયા; દેવ શબ્દનો અર્થ પણ ઉલટાવી નાંખ્યો અને દૈત્યના અર્થમાં તેનો ઉપયોગ કરવા લાગ્યા.[૧૨] છતાં ભૃગુઓ અને અથર્વાઓ જેવા ચુસ્ત અગ્નિપૂજકોએ તેઓનો ઉદ્દેશ પાર પડવા દીધો નહિ. મુખ્ય પાંચ ગાથાઓ સિવાય યજશ્નેનાં બીજાં કેટલાંક પ્રકરણો પણ જરથુસ્ત્રે રચ્યાં છે, એમ સ્વીકારીએ તો કહેવું પડે છે કે જરથુસ્ત્રને પણ અગ્નિયજન, સોમયાગ અને તેમાં થતું સોમપાન કાયમ રાખવું પડયું.[૧૩] અગ્નિ, સૂર્ય, મિત્ર, વરૂણ, અર્યમા, ઇત્યાદિ સઘળા વૈદિક દેવોને[૧૪] અહુરમઝદ એટલે વિશ્વપતિ પરમેશ્વરના અધિકારી દેવો તરીકે યજનભજનમાં દાખલ કરવા

---

૧૨ The Essays on The Parsees by Martin Haug p. 272 તથા યજશ્નેનો હા ૧૨ મો.

૧૩ જુઓ, યજશ્નેના હા ૧ થી ૮ તથા હા ૯–૧૦ તેમ જ હા ૩૬, કાવસજી એમલજી કાંગાકૃત યજશ્નેનું ગુજરાતી ભાષાંતર.

૧૪ The Religion of The RigVeda by Grilswold p. 25.

પડ્યા. વૈદિક તેત્રીસ દેવોની યોજનાને તેત્રીસ ઋતુઓ રૂપે સ્વીકારવી પડી.[૧૫]

વૈદિક ક્રિયાઓ, વૈદિક સૂક્તો અને વૈદિક મંત્રોમાં દેશ-કાલાનુસાર ફેરફાર કર્યા છતાં, તેમાંથી વૈદિક ભાવના દૂર કરી શકાઈ નહિ. અહુરમજ્દે પોતે પોતાના અધિકારી દેવ સ્રઓશ (સં. શ્રોષન્=શ્રૌષ્ય) મારફત જરથુસ્રને જે પાંચ ગાથાઓ ગાઈ સંભળાવી હતી, તેમાં તો માત્ર અનેક દેવવાદનો બહિષ્કાર, એકેશ્વર-વાદની સ્થાપના અને તે વાદને અનુકૂળ આવે તેવું વિશ્વોપત્તિવિજ્ઞાન, ઈશ્વરની શક્તિઓ અને તે શકિતઓનો વિશ્વનિર્વાહમાં તેમ જ જીવની ક્રમમુકિતમાં અથવા ઈશ્વરપ્રસાદની પ્રાપ્તિમાં સાધનરૂપે મહિમા-ઇત્યાદિ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૧૬]

પરંતુ પારસીઓને જે મંત્રો નિત્ય જપવાની આજ્ઞા કરવામાં આવી છે, અથવા જે મંત્રોથી જરથુસ્રને પોતાને પોતાનો મત સ્થાપિત કરવામાં પ્રેરણા પ્રાપ્ત થઈ છે, તે 'અહુનવર', 'અષેમવોહૂ', તથા 'યેન્હે હાતાંમ્'-નામના ત્રણ મંત્રો તો ખુદ. અહુરમઝદે પોતે જ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં પ્રકટ

૧૫ યજશ્ને, હા ૧, પરિચ્છેદ ૧૦, તથા Essays on The Religion of The Parsis, 3rd Ed. by Martin Haug Ph. D., p. 273. મૂલ અવસ્તાના મુખ્ય ત્રણ ભાગો છે: ૧ વંદીદાદ, ૨ વીસ્પરદ, અને ૩ યસ્ન અથવા યજશ્ને. યજશ્નેમાં યજનભજનમાં ઉપયોગી મંત્રો, તે મંત્રોની ઉત્પત્તિ અને રહસ્ય, તે સંબંધની કથાઓ અને મંત્રોનો વિનિયોગ એ સર્વ એક સાથે આપ્યું છે. તે ઉપરથી તેને કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શાખાની સંહિતા સાથે સરખાવી શકાય.

૧૬ પ્રસ્તુત પાંચ ગાથાઓ યજશ્નેમાં નીચે પ્રમાણે આપવામાં આવેલ છે: ૧ અહુનવઇતિ (હા ૨૮–૩૪), ૨ ઉશ્તવઇતિ (હા ૪૩–૪૬), ૩ સ્પેન્તામઈન્યુ (હા ૪૭–૫૦), ૪ વોહુખ્શત્ર (હા ૫૧) અને ૫ વહિશ્તો ઇશ્તિ (હા ૫૩). વીસ્પરદના ૧ લા કરદમાં પણ આ ગાથાઓનો મહિમા ગાયેલો છે.

કર્યા હતા.[૧૭] તે મંત્રોમાં તો વૈદિક સંહિતાનો ભક્તિભાવ અને ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન સમાયલું જોવામાં આવે છે. તે ત્રણ મંત્રો પૈકી 'અહુનવર'નો મંત્ર અવશ્ય પ્રાચીનતમ જણાય છે. જરથુસ્ત્રે પહેલી જ ગાથાના ૧૦૧ શ્લોકો બનાવ્યા છે,[૧૮] તે ગાથાનું નામ આ મંત્રના નામ ઉપરથી 'અહુનવઈતિ' રાખવામાં આવ્યું છે. 'અષેમ્‌વોહૂ'-મંત્ર જરથુસ્ત્રના આખા સંપ્રદાયના પાયા રૂપ છે, છતાં તે મંત્રની રચના અને વિચારો જોતાં, તે મંત્ર 'અહુનવર'-મંત્ર પછી લાંબે કાળે રચાયો હશે, એમાં કંઈ શક નથી. તેટલા જ માટે આ પ્રસંગે માત્ર 'અહુનવર'-મંત્રનો જ વિચાર કરવામાં આવ્યો છે. તે મંત્રમાં વૈદિક હિરણ્યગર્ભસૂક્ત(મંડલ ૧૦ સૂક્ત ૧૨૧)ની તેમ જ પુરુષસૂક્ત(મં. ૧૦. સૂ. ૯૦)ની ઈશ્વર-વિદ્યાનો ભાવ તથા ગાયત્રીમંત્રનું તત્ત્વજ્ઞાન યથાર્થ સમાયાં છે, એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનારને જણાયા વિના રહેશે નહિ.

૩. અહુનવરમંત્રનો મહિમા અને ચમત્કાર

ગાયત્રીમંત્ર જેમ બ્રાહ્મણોનું પરમ દૈવત છે, આ લોકમાં અભ્યુદયનું પર લોકમાં ઉત્તરોત્તર ઉત્તમોત્તમ લોકપ્રાપ્તિનું અને પરિણામે મોક્ષસિદ્ધિનું પણ સાધન છે, તેમ અહુનવરમંત્ર પારસીઓમાં તેટલો જ મહત્ત્વનો અને અગત્યનો ગણાય છે. વૈદિક સંહિતા જેવા ખોરદેહ અવસ્તાના ગ્રંથમાં તે મંત્ર પ્રારંભે જ મૂકવામાં આવ્યો

---

૧૭ યજશ્ને, હા ૧૯-૨૦-૨૧; તથા કાંગાકૃત ખોરદેહ અવસ્તાનું ગુજરાતી ભાષાંતર, પૃ. ૧-૨-૩૮ તથા ૩૯.

૧૮ પ્રોફેસર એરચ જહાંગીર સોરાબજી તારાપોરવાલાની માન્યતા પ્રમાણે પેહેલી એટલે અહુનવઈતિ ગાથામાં અહુનવરના મંત્રનો સમાવેશ કરવામાં આવે તો જ કુલ ૧૦૧ શ્લોકો થાય છે. પરંતુ તે ઉપરથી તે મંત્રનું પ્રાચીનત્વ અસિદ્ધ થતું નથી.

છે. તે મંત્રનું વિવરણ યજશ્નેના ૧૯ મા હા[19](=પ્રકરણ)માં કરવામાં આવ્યું છે.

ગાયત્રીમંત્ર ચોવીશ અક્ષરોના ગાયત્રી છંદમાં રચાયો છે, ત્યારે પ્રસ્તુત મંત્રમાં સોળ સોળ અક્ષરોનાં અનુષ્ટુપ્ છંદનાં ત્રણ ચરણો આવ્યાં છે. બૃહદારણ્યકોપનિષદ્(અ. ૫-૧૪-૫)માં કહ્યા મુજબ વેદના કોઈ શાખાધ્યાયીઓ અનુષ્ટુપ્ છંદમાં રચાયેલા

---

૧૯ પ્રોફેસર એરચ જહાંગીર સોરાબજી તારાપોરવાલા તેમ જ અવસ્તા-કોષના કર્તા કાંગા હા શબ્દની વ્યુત્પત્તિ सो (=કાપવું) ધાતુ ઉપરથી કરે છે. सो ધાતુને ल्युट् પ્રત્યય લગાડવાથી તેનું सान રૂપ થાય છે; જેમકે अवसान વગેરે. તેમ જ घञ् પ્રત્યય લગાડવાથી साय રૂપ થાય છે; જેમકે अवसाय, व्यवसाय વગેરે). सान અથવા साय માંથી न અથવા य નો લોપ થતાં, सा રહે છે; તેનું આવસ્તિક રૂપાન્તર હા થઈ શકે છે.

પરંતુ ગાથાનો અર્થ ગાન જેવો થાય છે. ગાથાનો પ્રત્યેક શ્લોક ગવાઈ શકે છે, એવી માન્યતા પણ છે. આખો સામવેદ ગાનરૂપ છે. ગાથાના મંત્રો ગાનરૂપ હોય તો તે મંત્રો સામવેદના સામોનું અનુકરણ કરીને રચાયા હશે, એવું અનુમાન થાય છે. साम=सामन् શબ્દની વ્યુત્પત્તિ પણ सो ધાતુને मनिन् પ્રત્ય લગાડવાથી થાય છે. स्यति पापमिति सामन् એમ કેટલાક કોષકારો સિદ્ધ કરે છે.

તેજ પ્રમાણે કેટલાક કોષકારો साम् (=સાંત્વન કરવું)-એ ધાતુ ઉપરથી सामयतीति सामन्—એમ પણ વ્યુત્પત્તિ આપે છે. ગમે તે વ્યુત્પત્તિ હોય છતાં સામમંત્રો તેમ જ ગાથાના મંત્રો ગાયન રૂપ હોવાથી 'હા'ની વ્યુત્પત્તિ सामन्માંથી માનવી, એ વધારે વાસ્તવિક લાગે છે. सामन्માંથી मन् પ્રત્યયનો લોપ થતાં सा રહે છે, અને અવસ્તાની ભાષામાં તેનું 'હા' રૂપાન્તર થયું છે. (જુઓ કાંગાકૃત અવસ્તાનો શબ્દકોષ, પૃ. ૫૮૪ તથા આપ્ટેના અને શબ્દકલ્પદ્રુપના સંસ્કૃત શબ્દકોષોમાં सामन् શબ્દ.)

સાવિત્રીમંત્રને જ મૂલ ગાયત્રીમંત્ર માની, તે મંત્રનો ઉપયોગ કરતા હતા.[20] કદાચ વૈદિક કાળમાં બ્રાહ્મણોમાં પરસ્પર તેવો વિરોધ થયા પછી, ઈરાની આર્યોએ પ્રસ્તુત અહુનવરમંત્ર સાવિત્રીમંત્રનું અનુકરણ કરીને રચ્યો હશે. વેદની વ્યાખ્યારૂપ બ્રાહ્મણગ્રંથોમાં જેમ ગાયત્રીમહિમાનું વર્ણન કર્યું છે, તેમ યજશ્ને, વંદીદાદ, વીશ્પરદ, સ્તોતયસ્ત, વગેરે અવસ્તાની વ્યાખ્યારૂપ રચાયેલા ગ્રંથોમાં અહુનવરમંત્રના મહિમાનું વર્ણન કર્યું છે.

છાંદોગ્યોપનિષદ્(અ.૩,ખં.૧૨)માં ગાયત્રીને અખિલ વિશ્વ,વાણી, પૃથ્વી, પ્રાણ, હૃદય, હૃદયાકાશ, વિશ્વાકાશ અને વિશ્વમાં તેમ જ વિશ્વની બહાર વ્યાપી રહેલ પરબ્રહ્મરૂપ કહેલ છે, તેમ જ બૃહદારણ્યકોપનિષદ્(અ. ૫, બ્રા. ૧૪)માં તદુપરાંત ગાયત્રીને ઋક્, યજુષ્ અને સામ—એ વેદત્રયીરૂપ તેમ જ પ્રાણ, બળ અને સત્યરૂપ કહેલ છે. તે બન્ને ઉપનિષદોમાં વળી વિશેષ એમ પણ કહેવામાં આવ્યું છે કે રહસ્ય–

---

૨૦ ઋગ્વેદ મંડલ (૫–૨–૧૦), ઋષિ અત્રિપૌત્ર તેમ જ અર્ચના પુત્ર શ્યાવાશ્વ.

સાવિત્રીમંત્ર

तत्सवितुर्वृणीमहे वयं देवस्य भोजनम् ।
श्रेष्ठं सर्वधातमं तुरं भगस्य धीमहि ॥

અર્થ:—તે સર્વપ્રેરક સવિતાદેવની સત્ત્વગુણરૂપ સંપત્તિની અમે વાંછના કરીએ છીએ; તે સૂર્યદેવના સકલશ્રેષ્ઠ ઋદ્ધિસિદ્ધિનું અમે નિરંતર ધ્યાન ધરીએ છીએ.

શ્યાવાશ્વ નામ અશ્વાન્ત છે; જરથુસ્ત્રના પૂર્વજોનાં નામો પણ અસ્પાન્ત એટલે અશ્વાન્ત હતાં; એટલું નામસામ્ય છે. શ્યાવાશ્વ ઋષિ હસ્તિનાપુર વસાવનાર અજમીઢના ભાઈ પુરૂમીઢના સમકાલીન હતા. તેઓ દાલ્ભ્યરથીવિતિ રાજાની કન્યાને પરણ્યા હતા. આખા પાંચમા મંડલમાં અસુર શબ્દ ખરાબ અર્થમાં વપરાયો નથી. તેથી શ્યાશ્વ ઋષિ દાસરાજ્ઞ વિગ્રહ પહેલાં થયા હતા, એમ અનુમાન થાય છે. તે કારણથી સાવિત્રીમંત્ર દાશરાજ્ઞ વિગ્રહ પહેલાં રચાયો હશે, અને ઈરાની આર્યો જૂદા પડ્યા પહેલાં ગાયત્રીમંત્ર તરીકે તેનો કોઈ બ્રાહ્મણો ઉપયોગ કરવા લાગ્યા હશે.

જ્ઞાનપૂર્વક ગાયત્રીના જપ કરનારને આ લોકના અને પર લોકના સઘળા પદાર્થો સહજે પ્રાપ્ત થાય છે, તેને મૃત્યુનો ભય રહેતો નથી, સરસ્વતી તેની જિવ્હાગ્રે જ વસે છે, ત્રણે વેદો મૂર્તિમાન્ થઇને દર્શન આપે છે, તેની વાણી અનાયાસે સત્ય ધારણ કરે છે, આત્મબળ અને તપોબળ તેને વશ થઈ જાય છે.

ગાયત્રીબ્રાહ્મણ ઉપર ભાષ્ય કરનાર શ્રી શંકરાચાર્ય કહે છે કે ગાયત્રી સઘળા છંદોનો પ્રાણ હોવાથી અને પ્રાણ ક્ષતમાંથી રક્ષણ કરનાર હોવાથી, ગાયત્રી પણ ક્ષત્ર કહેવાય છે. વિરાટ્-પુરૂષ ઇશ્વરે ગાયત્રીમંત્રનો ઉચ્ચાર કરીને બ્રાહ્મણોને સર્જ્યાં.

તે જ પ્રમાણે યજસ્નેના ૧૯ મા હામાં અહુનવરમંત્ર માટે પણ કહ્યું છે કે અહુરમઝદે (ઇશ્વરે) આકાશ, જળ, પૃથ્વી, પશુ, પક્ષી, અગ્નિ, સાધુજનો, દુર્જનો, દાનવો તેમ જ સઘળી સ્થૂલ સૃષ્ટિ રચ્યા પેહેલાં અહુનવરમંત્ર પ્રકટ કર્યો હતો. (પરિ. ૩–૮). શા માટે પ્રકટ કર્યો હતો? આ સૃષ્ટિના ઉત્પત્તિના આરંભમાં જેમ બ્રહ્મદેવને મધુકૈટભ નામના દૈત્યો સતાવતા હતા, તે જ પ્રમાણે અન્ગ્રોમઇન્યુ નામનો દૈત્ય અહુરમઝદને સતાવતો હતો. તે કારણથી અહુરમઝદે અહુનવરમંત્રનો ઉચ્ચાર કરી: આ અન્ગ્રોમઇન્યુને પરાસ્ત કર્યો.[૨૧] ત્યાર પછી તેઓએ તે મંત્રનો ઉચ્ચાર કરીને સઘળી સાધુસૃષ્ટિ રચી.[૨૨] તે જ પ્રકરણ(પરિચ્છેદ ૫–૬–૭)-માં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે આ મંત્રના એક ચરણનો પણ જપ કરનાર બહુ ઉત્તમ ફળ મેળવે છે. વિશેષતઃ કહ્યું છે કે આ મંત્રના જપ કરનારને મૃત્યુ પછી અહુરમજદ પોતે જ ચિન્વદનો

૨૧ વંદીદાદ, ફરગરદ ૧૯, Sacred Books of The East, Vol. IV, The Zend Avesta, Part I, translated by James Darmesteter તથા તે જ પુ. ૫ માં જુઓ બુંદિહિશ પ્ર. ૧ પરિ. ૨૧–૨૨.

૨૨ યજશ્ને હા ૧૯ પરિ૦ ૧૫, ગુજરાતી ભાષાંતર, પૃ. ૯૨ તથા હાઉગના નિબંધો, ૩જી આવૃત્તિ, પૃ. ૧૮.

પુલ (પૌરાણિક વૈતરણી નદી) પસાર કરાવી, સ્વર્ગમાં લઈ જાય છે, ત્યાંથી તેના આત્માને ઉત્તમોત્તમ લોકમાં પોહોંચાડે છે. યજશ્નેના ૬૧ મા હા માં 'અહુનવર' અષેમ્‌વોહૂ અને 'યેહ્‌હાતાંમ્' — એ ત્રણે મંત્રોનો ચમત્કાર વર્ણવતાં કહ્યું છે કે, જાદુગરો, ભૂત, પ્રેત, પિશાચાદિ દુષ્ટ સત્ત્વો, ચોરો, લુંટારા, નાસ્તિકો, દુરાચારી, અસત્યવાદી ઇત્યાદિ દુર્જનોને પરાસ્ત કરવામાં આ ત્રણે મંત્રો બહુ અસરકારક છે.[૨૩]

ગાયત્રીના બીજા પદના આઠ અક્ષરોમાંથી ઋક્, યજુષ્ અને સામવેદો પ્રકટ થયા છે, એમ કહેવામાં આવ્યું છે,[૨૪] તે જ પ્રમાણે દિનકદ (પુ. ૮–૯) નામના ધર્મગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે અહુનવરમંત્રનાં ૨૧ પદોને અનુસરીને જરથુસ્ત્રે અવસ્તા ગ્રંથના ૨૧ વિભાગો રચ્યા હતા;[૨૫] એટલું જ નહિ પણ તે ૨૧ વિભાગો રચતાં પહેલાં પાંચ પવિત્ર ગાથાઓ રચી; તેમાંની પહેલી જ ગાથા અહુનવર મંત્રના ભાવમાં અને છંદમાં રચી, તે ઉપરથી તે ગાથાનું નામ અહુનવઇતિ કહેવામાં આવે છે.[૨૬] પ્રભુએ પોતે પ્રકટ કરેલા ત્રણ મંત્રોમાંથી પણ અહુનવર મંત્રનું માહાત્મ્ય અધિક છે, એમ તે ઉપરથી સ્પષ્ટ જણાય છે.

૪ ગાયત્રી તથા અહુનવર–એ ઉભય મંત્રોનું આન્તરસામ્ય તથા વૈષમ્ય

ઉપર્યુક્ત વિવેચનથી તો તે ઉભય મંત્રોની બાહ્ય સમાનતા સિદ્ધ થઈ. પરંતુ તે ઉભય મંત્રોમાં આન્તરિક ભાવના સમાન છે,

---

૨૩ યજશ્નેનું ગુજરાતી ભાષાન્તર, પૃ. ૧૪૭–૧૪૯.

૨૪ બૃહદારણ્યોપનિષદ્ અ. ૫–બ્રા. ૧૪.

૨૫ The Essays on The Religion of The Parsis by Martin Haugh Ph. D., p. 125.

૨૬ તે જ, પૃ. ૧૪૪.

કે વિષમ, તેમ જ તેઓનાં પ્રયોજન અને ફલસિદ્ધિમાં કંઈ સમાનતા છે કે નહિ, એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ગાયત્રીમંત્રનું[૨૭] પરમ ધ્યેય (**तत्सवितुर्वरेण्यं भर्गः**) સૂર્યમંડલાન્તર્ગત પરમ પ્રકાશરૂપ પરમાત્મતત્ત્વ છે, તે પરમાત્મતત્ત્વ સૂર્યમંડલ અથવા નિખિલ વિશ્વમાં વ્યાપ્ત હોવાથી, તે સગુણ બ્રહ્મ અથવા ઈશ્વર કહેવાય છે. ધ્યાતા અથવા ઉપાસકને માટે સગુણ બ્રહ્મ જેને ઈશ્વર કહો કે શક્તિ વગેરે રૂચે તે નામ આપો, પરંતુ તેવું સગુણ તત્ત્વ જ ઉપયોગી છે. તે જ પ્રમાણે અહુનવર મંત્રનું પરમ ધ્યેય અહુરમઝદ એટલે સકલ વિશ્વનો સ્રષ્ટા, ધર્તા અને સંહર્તા ઈશ્વર જ છે, અહુરમઝદને સૂક્ષ્મસ્થૂલ વિશ્વના અધિષ્ઠાતા અહૂવઈર્યે (મહાપ્રાણ, હરિણ્યગર્ભ, સૂત્રાત્મા) અને રતુ(વિરાટ્પુરૂષ, વિશ્વપતિ, પ્રજાપતિ)ના અધિપતિ કહ્યા છે,[૨૮] અને તે અહૂવઈર્યે અને રતુનો આવિષ્કાર અષ એટલે પ્રકાશરૂપ પરમાત્મામાંથી થયાનું કહેલ છે, તેટલે અંશે અહુનવરમંત્રનું પરમ લક્ષ્ય ગાયત્રીમંત્રની પેઠે પરમાત્મતત્ત્વ જ છે, એમ પ્રતીત થાય છે. છતાં ગાયત્રીમંત્રમાં એક ઈશ્વર તથા પરમાત્મા સિવાય ઈતર કોઈ પણ દેવને દાખલ કરવામાં આવેલ નથી,[૨૯] તે કારણથી અહુનવરમંત્રના રચનારે ગાયત્રીમંત્રનું પૂરેપૂરૂં અનુકરણ કરેલું જણાતું નથી.

શા માટે ગાયત્રીનો જપ કરવો? અર્થાત્ તેનું પ્રયોજન કે ફલ શું

---

૨૭ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात्—ગાયત્રીમંત્ર.

અર્થઃ—તે સૂર્યનારાયણના પરમ પ્રકાશરૂપ અંતરાત્માનું અમે ધ્યાન ધરીએ છીએ. તે પરમાત્મા અમારા અંતઃકરણને વિકસિત કરે!

૨૮ યજશ્ને, હા ૧૯, પરિ૦ ૧૨.

૨૯ ગાયત્રીમંત્રમાં **देवस्य सवितुः** એ પદોથી સૂર્યનારાયણ એટલે ઈશ્વર વિવક્ષિત છે, ત્યારે અહુનવરમંત્રમાં અહૂવઈર્ય=સૂક્ષ્મ સૃષ્ટિના અધિષ્ઠાતા, રતુ=સ્થૂલ સૃષ્ટિના અધિષ્ઠાતા, અહુરમઝદ=પરમેશ્વર તથા અષ=પરમાત્મા–એ ચાર તત્ત્વો કહેલાં છે. એટલું એ ઉભય મંત્રોમાં વૈષમ્ય છે.

છે ? તે પ્રશ્નનો ઉત્તર તે મંત્રમાં જ આપ્યો છે. (**धियो यो नः प्रचोदयात्।**) "અમારૂં અંતઃકરણ નિર્મલ કરો, અમારી દુર્વાસનાઓ અને કુસંસ્કારોને ભસ્મીભૂત કરો, તેમ જ અમારૂં અંતઃકરણ સત્ત્વગુણથી ભરપૂર કરો !"—એ જ એ મંત્રનો ઉદ્દેશ છે, એ જ પ્રયોજન છે, એ જ ફલ છે. ત્યારે અહુનવર મંત્રમાંથી શું પ્રાપ્ત થાય છે ? સીધી રીતે આ પ્રશ્નનો ઉત્તર આ મંત્રમાંથી મળી શકતો નથી. 'અહુરાઇ મજ્દાઇ ખ્શથ્રેમ્ દજ્દા '—એ પદોથી[30] સ્પષ્ટ સૂચિત થાય છે કે આ મંત્ર તેનો જપ કરનાર દુઃખીઓનાં દુઃખો પણ નિવારતો હોય તો તેને પરમાત્મા ઈશ્વરપ્રાપ્તિ થવાને માટે મનોબળ તથા શારીરબળ આપે છે.[31] એ રીતે પ્રયોજન અને ફલ પણ બન્ને મંત્રોનાં લગભગ સમાન જ જણાય છે. પરંતુ મંત્રનો વિશેષ ઝોક અહુરમઝદ, અહૂવઇર્યં અને રતુનો મહિમા દર્શાવવાનો હોય, એમ જણાયા વિના રહેતું નથી. તેટલે અંશે આખો મંત્ર ઋગ્વેદના હિરણ્યગર્ભસૂક્ત અને પુરૂષસૂક્તની ભાવનાને વધારે મળતો આવે છે.

પ્રસ્તુત મંત્રની ભાષા અવસ્તાની ભાષા કરતાં ગાથાની ભાષાને વધારે મળતી આવે છે, તે નિર્વિવાદ છે.[32] ગાથાની ભાષા વૈદિક ભાષાને ઘણે અંશે મળતી આવે છે, તેમાં પણ કંઈ શક જેવું નથી. ગાથાઓનો રચનાકાળ હિન્દી આર્યો અને ઈરાની આર્યો જૂદા પડયા પછી, વધારે દૂર નહિ હોય. જ્યારે એમ છે ત્યારે ગાથાઓના પ્રત્યેક

---

૩૦ મૂલ મંત્રના ત્રીજા, ચોથા અને પાંચમા પદોનો અન્વય કરતાં ઉપર્યુક્ત પદ નિષ્પન્ન થાય છે. જુઓ 'અન્વય સહિત વાક્યાર્થ' પરિચ્છેદ ૬.

૩૧ જુઓ આગળ, આ મંત્રના શબ્દાર્થ અને વાક્યાર્થના પરિચ્છેદો.

૩૨ આ મંત્રમાં આવેલાં પદો પૈકી યથા, અહૂ, અથા, અષ, ચીત્, હચા, દજ્દા, શ્યઓથનનામ્, મઝદાઇ, અહુરાઈ—એ પદો શુદ્ધ ગાથિક છે; એટલું જ નહિ પણ તે સિવાયના સઘળાં પદો જે રૂપોમાં વપરાયાં છે, તે તે શબ્દો તેવાં જ રૂપોમાં ગાથામાં વપરાયાં છે. (વિશેષ સ્પષ્ટીકરણ માટે જૂઓ પાછળ પરિચ્છેદ ૪ મૂલમંત્ર અને શબ્દાર્થ.)

શબ્દનું વૈદિક રૂપાન્તર શોધી કાઢી, તે રૂપાન્તરિત શબ્દોથી થતા વાક્યનો અર્થ કરવાનો જોઇએ તેવો પ્રયત્ન હજુ સુધી થયો નથી. ઓક્ષ્ફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર મિલ્સે તો મુક્ત કંઠે કહ્યું છે કે "માત્ર ગાથાઓનું જ નહિ, પણ આખા અવસ્તાગ્રંથનું અતિશય અગત્યની ભગિની ભાષામાં, એટલે વૈદિક ભાષામાં જરા પણ સમયવ્યય કર્યા વિના રૂપાન્તર કરવું જોઇએ. વૈદિક ભાષા અને અવસ્તાની ભાષાનું તાદૃશ્ય એટલું બધું છે કે તે તાદૃશ્યના બલથી હિન્દુસ્થાન સાથે ઇરાનને સીધો સંબંધ હતો, એમ સિદ્ધ થાય છે; એટલું જ નહિ પણ હિન્દી આર્યોનું મૂલ વતન પણ ઇરાન હતું, તે સિદ્ધાન્તને પુષ્ટિ મળે છે. વૈદિક જ્ઞાન વિના અવસ્તા સમજી શકાય કે અવસ્તાના જ્ઞાન વિના વેદ સમજી શકાય, તે વિચાર જ ભૂલભરેલો છે."[૩૩] તેમ છતાં યુરપીય પંડિતોએ વૈદિક મંત્રોનો અનુવાદ કરવામાં જેમ સાયણાચાર્યકૃત ભાષ્ય ઉપર વિશેષ આધાર રાખ્યો છે, તેમ અવસ્તાનો અનુવાદ કરવામાં ત્યાર પછી રચાયેલાં પારસીઓનાં ધર્મપુસ્તકો ઉપર વિશેષ આધાર રાખવામાં આવ્યો છે.

આ સ્થળે આ મંત્રનાં સઘળાં પદોનાં વૈદિક રૂપાન્તરો શોધી કાઢીને, તે ઉપરથી વાક્યાર્થ ઉપજાવવાનો અને તે ઉપરથી પ્રાપ્ત થતાં અનુમાનો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેવા પ્રયાસથી કદાચ અવસ્તાના પંડિતો પ્રસન્ન ન થાય, અથવા તેવા પ્રયાસને અવસ્તાના અનુયાયીઓ કદાચ સંમત પણ ન થાય, તે સંભવિત છે. પરંતુ પંડિતોનો પરિતોષ સુપ્રાપ્ય કોને થઈ શક્યો છે? મતાગ્રહીઓએ નવીનતાનો સ્વીકાર સરલતાથી ક્યારે કર્યો છે? છતાં ભવિષ્યમાં તેવા પ્રયત્ન કરનારને આથી કંઇક માર્ગદર્શન થશે, તો તેથી આ લેખકને ઓછો સંતોષ થશે નહિ.

---

33 Exposition of the Lore of the Avesta by Professor Lawrence Mills, pp. 30–31.

૫. મૂલ મંત્ર અને તેનો શબ્દાર્થ

મૂલ મંત્ર[34]

(અનુષ્ટુપ્ છંદ)[35]

૧ ૨ ૩ ૪
યથા અહૂ વઇર્યો અથા
यथा असुः वर्यः तथा

૫ ૬ ૭ ૮
રતુશ્ અષાત્–ચીત્ હચા ॥ ૧ ॥
ऋतुः (ऋतं) अषात्–चित् सचा

૯ ૧૦ ૧૧
વङ्हेउश् દઝદા મનङ्हो
वसोः (वंहोः) दत्ते मनसः

૧૨ ૧૩ ૧૪
શ્યઓથનનામ् અङ्हेउश्, મઝદાઈ ॥ ૨ ॥
च्यौत्नानाम् अंसोः (अंहोः) महादाय (महसे)

૧૫ ૧૬ ૧૭
ખ્શથ્રેમ્ ચા અહુરાઈ
क्षत्रं च असुराय

૨૧ ૧૮ ૧૯ ૨૦ ૨૧
આ યિમ્ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ્ ॥ ૩ ॥
आ यत्(यः) दरिद्रेभ्यः(द्रोग्धृभ्य –द्रुग्भ्यः) अददात् वस्त्रम्

---

૩૪ મંત્રગત પદોની જોડણી શ્રી. કાવસજી એદલજી કાંગાકૃત અવસ્તાના શબ્દકોષ(પૃ. ૨૦)માં અવસ્તાની લિપિમાં આપેલા મંત્ર ઉપરથી કરવામાં આવી છે. પદચ્છેદ સંસ્કૃત ભાષાના પદોને અનુસરીને કરવામાં આવેલ છે.

૩૫ પ્રત્યેક ચરણમાં અનુષ્ટુપ્–છંદના ૧૬ અક્ષરો સંસ્કૃત રૂપાન્તરિત પદોના અક્ષરો પ્રમાણે મળી રહે છે. પ્રથમ ચરણમાં ૧૫ અક્ષરો છે, તે અપવાદ રૂપે છે, અથવા वर्यः બદલે ગાયત્રીમંત્રગત वरेण्यः પદ વાંચીએ તો ૧૬ અક્ષરો પૂરા થઈ શકે છે. છેલ્લા ચરણમાં દ્રેગુબ્યોનું રૂપાન્તર दरिद्रेभ्यः ન વાંચતાં द्रुग्भ्यः વાંચીએ તો, સોળેસોળ અક્ષરો થઈ રહે છે.

શબ્દાર્થ[૩૬]

૧ યથા (સં. **यथा**) અવ્યય ; = જે પ્રમાણે, જેમ. અવસ્તા-માં યથ રૂપ મળે છે, ત્યારે યથા ગાથાનું રૂપ છે. (કાં. અ. વ્યા. પૃ. ૨૭૧).

૨ અહૂ (સં. **असुः**), નામ, પ્ર. ૧; = પ્રાણ. (કાં. અ. શ. કો. પૃ. ૭૧–૮૧) પ્રોફેસર તારાપોરવાલા પ્રમાણે અહુ શબ્દ સંસ્કૃત **अस्** ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. અવસ્તાની ભાષામાં **अस्**નાં અહ્ અને અહૂં – એ બે રૂપો થાય છે. તેથી સંસ્કૃત **अंह्** ધાતુ સાથે તેને કંઈ સંબંધ નથી. અહૃ એટલે મહીપતિ, રાજા, સમ્રાટ્, એવો અર્થ તેઓ કરે છે.

આ સ્થલે **असु**ના અંહુ રૂપ ઉપરથી અહૂનો પ્રયોગ થયો છે. અંહુનું પ્રથમા વિભક્તિનું એકવચન અંહુશ્ થાય છે. પરંતુ અહિંયાં તેને બદલે અહૂ રૂપ વપરાયું છે, તે અનિયમિત છે. (કાં અ. શ. કો. પૃ. ૮૫)

વૈદિક **असु** સાથે અહુને સરખાવીએ તો તેનો અર્થ પ્રાણ જ થઈ શકે છે. તે ઉપરથી અહૂવઇર્યો એટલે મહાપ્રાણ, સૂક્ષ્મ-જગતનો અધિપતિ.

---

૩૬ શબ્દાર્થનો મુખ્ય આધાર રા. કાવસજી એદલજી કાંગાકૃત અવસ્તાના શબ્દકોષ (કાં. અ. શ. કો.) ઉપર, વ્યાકરણનો આધાર તેઓના જ અવસ્તાના વ્યાકરણ (કાં. અ. વ્યા.) ઉપર, સંસ્કૃત શબ્દોના આધાર આપ્ટેના સંસ્કૃત ઈંગ્રેજી શબ્દકોષ (આપ્ટે. સં. કો.) ઉપર, તથા યાસ્કમુનિકૃત નિરુક્ત (યા. નિ.) ઉપર, તેમ જ શબ્દોના વિવેચનનો આધાર માર્ટિન હાઉગના નિબંધોની ત્રીજી આવૃત્તિ (હાઉગ–નિ. ૩ આ.) ઉપર રાખવામાં આવ્યો છે.

૧૯મા પદમાં દ્રેગુબ્યોને બદલે દ્રિગુબ્યો પાઠ પ્રોફેસર તારાપોરવાલા સૂચવે છે. પરંતુ દ્રેગુબ્યો પાઠ બહુમાન્ય હોવાથી, તે પાઠ અત્ર સ્વીકારવામાં આવ્યો છે.

વેદમાં **अह्** (**अंहते**) ધાતુ જે સ્થળે વપરાયો છે, ત્યાં તેનો અર્થ 'જવું, પોહોંચવું' કરવામાં આવ્યો છે. **अंह्** ઉપરથી **अंहु** શબ્દ પણ નિષ્પન્ન થયો છે, તેનો અર્થ 'પાપી' કરવામાં આવ્યો છે. (નિઘંટુ ૪–૨, નિરૂક્ત ૬–૨૭, આપ્ટે. સં. શ. કો. પૃ. ૨). પ્રોફેસર તારાપોરવાલા કહે છે તેમ આવસ્તિક અહુ સાથે **अंहु**ને સીધો સંબંધ નહિ હોય, તે સંભવિત છે. પરંતુ ઇરાની આર્યો અને વૈદિક આર્યો જે સમયે એક જ પ્રદેશમાં રહેતા હશે, ત્યારે **असु**ના અપભ્રંશ થઈને **अंहु** શબ્દ વપરાવા લાગ્યો હશે. જ્યાં સુધી તે બન્ને સમવાયો વચ્ચે વિરોધ થયો ન હતો, ત્યાં સુધી ગામડાંઓમાં પ્રસિદ્ધ થયેલો **अंहु** શબ્દ સારા અર્થમાં વપરાયો હશે. પરંતુ તેઓ ઉભય વચ્ચે વિગ્રહ થયો, અને તેને પરિણામે તેઓ જૂદા પડયા, ત્યારે **अंहु** શબ્દનો વૈદિક ઋષિઓએ ખરાબ અર્થમાં ઉપયોગ કર્યો હશે, એવું અનુમાન સ્વાભાવિક રીતે થઈ શકે છે.

૩ વઇર્યો (સં. **वर्यः**), વિશેષણ, પ્ર. ૧. = વર્ ધાતુ ઉપરથી આ શબ્દનો અર્થ 'ઇશ્વરેચ્છા, ધણીની ઇચ્છા, ઇચ્છા,'–એવો કરવામાં આવ્યો છે. (કાં. અ. શ. કો. પૃ. ૪૮૧–૪૮૨) વર્ ધાતુનો અર્થ 'ઢાંકવું, સંતાડવું, પસંદ કરવું, ચાહવું,'–એવો આપ્યો છે. (કાં. અ. શ. કો. પૃ. ૧૦૦૫) એ અર્થને અનુસરીને પ્રોફેસર હાઉગે વઇર્યોનો અર્થ 'પસંદ કરેલો' કર્યો છે. (હાઉગ નિબંધ પૃ. ૧૪૧); તે તો કંઇક સંગત છે, પરંતુ પ્રોફેસર તારાપોરવાલા અને ડૉક્ટર મિલ્સ સિવાય અહુનવરમંત્રના સઘળા અનુવાદકોએ તેનો અર્થ ઇચ્છા કર્યો છે, તે તો સમીચીન નથી જ.[૩૭] ઝાતસ્પરમ નામના પારસીઓના ધર્મપુસ્તક(પરિચ્છેદ ૧૨ થી ૧૯ સુધી)માં અહૂનવૂર મંત્રનું વ્યાખ્યાન કર્યું છે, તે સ્થળે વઇર્યનો અર્થ ઇચ્છા

---

૩૭ 'રાહે જરથુશ્ત્ર' નામનું ત્રૈમાસિક પત્ર. પુ. ૫, અં. ૧, માર્ચ–જુન, ઈ. સ. ૧૯૨૩, પૃ. ૭૫–૮૧.

કર્યો છે.[૩૮] આ દેશના તેમ જ યુરપના પંડિતો પણ તે પરંપરાગત સાંપ્રદાયિક અર્થથી દોરાઈ ગયેલા જણાય છે. પ્રોફેસર તારાપોરવાલાએ તેનો અર્થ સર્વશક્તિમાન્ કર્યો છે અને ડોકટર મિલ્સે તેનો શ્રેષ્ઠ અર્થ કર્યો છે, તે બરાબર છે. હરકોઈ વ્યક્તિમાં વ્યાપી રહેલો પ્રાણ અલ્પપ્રાણ કહેવાય છે, ત્યારે આખા વિશ્વમાં વ્યાપી રહેલો પ્રાણ મહાપ્રાણ કહેવાય છે. ગાયત્રીમંત્રમાં તે અર્થ દર્શાવવાને **वरेण्य** શબ્દનો પ્રયોગ કર્યો છે, તેને જ અનુસરીને પ્રસ્તુત મંત્રમાં વઇર્ય શબ્દ વપરાયો છે. અર્થાત્ આ સ્થળે વઇર્ય અથવા વર્ય શબ્દ તેમ જ અહુનવરમંત્રગત વર શબ્દનો અર્થ 'મહાન્'જ થાય છે. અહુન શબ્દ અહુનું વિશેષણ છે. (કાં. અ. શ. કો. પૃ ૭૧)

અર્થાત્ અહૂવઇર્યો (સં. **असुः वर्यः**) નો અર્થ મહાપ્રાણ થાય છે. તે જ મહાપ્રાણને વૈદિક સાહિત્યમાં હિરણ્યગર્ભ, એટલે પરમાત્માનું સૂક્ષ્મ જગતમાં વ્યાપેલું પ્રથમ રૂપ કહેલ છે. વસ્ત્રના તાણાવાણાની પેઠે અખિલ વિશ્વમાં ઓતપ્રોત હોવાથી, તે સૂત્રાત્મા પણ કહેવાય છે. પુરુષસૂક્તમાં તેને વિશ્વરૂપ એક પાદમાં વ્યાપી રહેલ પુરૂષ એટલે વિશ્વાત્મા કહ્યો છે. તે જ અર્થ આ સ્થળે વિવક્ષિત છે.

૪ અથા (સં. **अथ** અથવા **तथा**) અવ્યય:=એ પ્રમાણે, તે પ્રમાણે. એમ, તેમ. (કાં. અ. શ. કો. પૃ. ૨૪). અથ અવસ્તાનું રૂપ છે, અથા ગાથાનું રૂપ છે (કાં. વ્યા. પૃ. ૨૭૦)

૫ રતુશ્ (સં. **ऋतुः-ऋतं**) નામ, પ્ર. ૧.=સાચો માણસ, સત્ય, ધર્માચાર્ય, પયગંબર (કાં. અ. શ. કો. પૃ. ૪૩૯). આ શબ્દ અવસ્તાના અરેત્ ધાતુ ઉપરથી એટલે સંસ્કૃત **अर्** (=મળવું, મેળવવું, સ્વીકારવું) ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે, એમ કહેવામાં

---

૩૮ Sacred Books of The East, Vol. V, Pahelvi Texts by E. W. West, Pp. 157-159.

આવ્યું છે. (કાં. અ. શ. કો. પૃ. ૪૨–૪૪) પરંતુ સંસ્કૃતમાં **ऋतु** અને **ऋत**–એ બન્ને શબ્દો **ऋ** (=જવું, વધવું, ઉગવું, મળવું, મેળવવું) ઉપરથી થયા છે. **ऋत**નો અર્થ યોગ્ય, સત્ય, પ્રકાશ, સૂર્ય, ઈશ્વરી નિયમ, વિશ્વનિયમ. યજ્ઞ, તેમ જ પરમાત્મા પણ આપ્યો છે. (આ. સં. કો. પૃ. ૩૪૮) વૈદિક શબ્દકોષ એટલે નિઘંટુમાં **ऋत**નો અર્થ સત્ય આપેલ છે. (નિઘંટુ ૩–૧૦)

તે જ પ્રમાણે સંસ્કૃત સાહિત્યમાં **ऋतु** શબ્દનો વિશ્વનિયમ, તેજ, દીપ્તિ, વિષ્ણુ (**ऋतुधामन्**) તેમ જ વર્ષની જૂદી જૂદી ઋતુઓ એટલે મોસમમાં પ્રયોગ થયો છે. (આ. સં. કો. પૃ. ૩૪૯) પ્રસ્તુત મંત્રમાં રતુ પુલ્લિંગમાં છે, તેથી તે સંસ્કૃત **ऋतु**ને મળતો આવે છે.

પ્રોફેસર તારાપોરવાલા આવસ્તિક રતુ શબ્દ વૈદિક ઋષિ શબ્દનું રૂપાન્તર છે. એમ માને છે. રતુનો અર્થ પરલોકનો માર્ગ દર્શાવનાર, ધર્માચાર્ય, પયગંબર અથવા ઋષિ જેવો થાય છે, એમ તેઓનો અભિપ્રાય છે.

વૈદિક **ऋषि** શબ્દ **ऋष्**=જવું–એ ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. કદાચ **ऋष्** ધાતુ પણ **ऋ** ધાતુનું રૂપાન્તર હોવાનો સંભવ છે. એ રીતે **ऋतु** અને **ऋषि**–ઉભય શબ્દોની વ્યુત્પત્તિ **ऋ** ધાતુ ઉપરથી થઈ શકે છે. **ऋषि** શબ્દનો અર્થ જેણે ધર્મનાં પ્રત્યક્ષ દર્શન કર્યા છે, તેવા સત્યદ્રષ્ટા, ત્રિકાલદ્રષ્ટા, સત્યદર્શક. ધર્માચાર્ય– એવો થાય છે. (નિરૂક્ત ૧–૨૦).

પ્રોફેસર તારાપોરવાલા કહે છે, તેમ અહૂનો અર્થ ' આ લોકનો પતિ '–કરીએ તો રતુનો અર્થ પરલોકનો પતિ (=પયગંબર, ધર્માચાર્ય, ઋષિ) કરવો પડે.

પરંતુ યજશ્નેના ૧૯ મા હા(પરિ. ૧૨)માં અહૂને પરલોકનો પતિ અથવા નિયંતા કહ્યો છે, ત્યારે રતુને આ લોકનો પતિ અથવા નિયંતા કહ્યો છે. (હાઉગ નિબંધ, ૩ આ. પૃ. ૧૮૭) ત્યાર પછી

ધર્મભાવનામાં જેમ સ્થૂલતા વધતી ગઈ, તેમ તેમ રતુનો અધિકાર પણ ઘટાડવામાં આવ્યો. યજશ્નેના ૫ મા હા(પરિ. ૭)માં તેનો અર્થ માત્ર મુખી, સરદાર અથવા નાયક કર્યો છે. (તેજ, પૃ. ૧૭૫); યજશ્નેના ૧ લા હા(પરિ. ૧૦)માં તથા વીસ્પરદના ૧ લા કરદમાં રતુનો અર્થ " ૩૩ ફિરસ્તાઓ અથવા આ લોકના તથા પરલોકના અધિષ્ઠાતા દેવો " જેવો કર્યો છે; તે ૩૩ રતુઓ વૈદિક ૩૩ દેવતાઓને મળતા આવે છે. (તેજ, પૃ. ૨૭૬) વેદમાં તો સઘળા દેવોને ઋત એટલે વિશ્વનિયંતા કહ્યા છે;[૩૯] તે રીતે જોતાં વૈદિક ઋત અને ઋતુ તેમ જ અવસ્તાના રતુનો મૂલ અર્થ "વિશ્વનિયમ, સત્ય અથવા વિશ્વનિયમનો નિયંતા "–એવો પ્રાપ્ત થાય છે. તે ઉપરથી અહૂનો પરલોક અથવા સૂક્ષ્મ જગતનો અધિષ્ઠાતા અથવા નિયંતા તેમ જ રતુનો આ લોકનો અધિષ્ઠાતા અથવા નિયંતા–એ જ અર્થ થઈ શકે છે.

૬ અષાત્ (સં. **अषात्**) નામ, પંચમીનું એકવચન. આ શબ્દ જરથુસ્ત્રે સ્થાપિત કરેલા ધર્મના પાયા રૂપ હોઇને જેટલી અગત્ય ધરાવે છે, તેટલી જ વિકટતા તેનું સંસ્કૃત રૂપાન્તર ઉપજાવવામાં ઉપસ્થિત થઈ છે. યુરપના પંડિતોને વૈદિક **ऋत** સાથે અવસ્તાના અષનું અર્થસામ્ય અથવા ભાવૈક્ય જણાયાથી, તેઓએ તેની વ્યુત્પત્તિ સંસ્કૃત **ऋ** ધાતુ ઉપરથી કલ્પીને, અવસ્તાની ભાષામાં તે **ऋ** ધાતુનું રૂપાન્તર **अर्** કલ્પ્યું છે, અથવા સંસ્કૃત **अर्ह्** ધાતુ સ્વીકારીને અવસ્તામાં તેનું અરેત્ રૂપ કલ્પ્યું છે. (કાં. અ. શ. કો. પૃ. ૪૨ તથા ૪૪) પરંતુ **ऋ** અથવા **ऋत** તેમ જ અર્ અથવા અરેત્માંથી અષનું રૂપાન્તર શી રીતે થયું, તેને માટે સ્વરવિજ્ઞાનના કોઈ પણ નિયમનો આધાર આપવામાં આવ્યો નથી. સંસ્કૃત **ऋत** અથવા **ऋतु** ઉપરથી આવસ્તિક રતુ શબ્દ નિષ્પન્ન

---

૩૯ The Religion of the RigVeda by Griswold, Pp. 107–108.

થયો છે, છતાં તે જ શબ્દ ઉપરથી તેનું બીજું અર્થ રૂપ શી રીતે માની લીધું છે, તે સમજી શકાતું નથી. વસ્તુતઃ અર્થને **ऋत** સાથે અર્થસગાઈ ગમે તેટલી હોય, પરંતુ વર્ણસગાઈ તો બિલકુલ નથી.

ઋગ્વેદમાં **ऋत** શબ્દનો પ્રયોગ એક કરતાં વધારે અર્થોમાં કરેલો જોવામાં આવે છે. **ऋत** ને **सत्य**ના પર્યાય તરીકે પણ વાપરવામાં આવ્યો છે, **सत्येनोत्तभिता भूमिः। ऋतेनादित्यास्तिष्ठन्ति।** એટલે 'સત્યને આધારે પૃથ્વી અદ્ધર ટકી રહી છે, ઋતને આધારે આદિત્યો અદ્ધર ટકી રહ્યા છે.' (ઋગ્વેદ મંડલ ૧૦ સૂક્ત ૮૫, ઋચા ૧)—એવાં વચનો જોવામાં આવે છે. તે સ્થલે ઋત અને સત્ય સમાનાર્થમાં જ વપરાયેલ છે. પરંતુ **ऋतस्य प्रेषा ऋतस्य धीतिः** એટલે 'હે ઈશ્વર! તું ઋતનો પ્રેરક છે, ઉત્પાદક છે,' (**ऋ.** ૧૦–૬૮–૩)–તે સ્થળે તેમ જ **तस्य देवा अनुव्रतागुर्भुवत्परिष्टिर्द्यौ न भूम** એટલે 'દેવોએ ઋતનું વ્રત ધારણ કર્યું, તેમ જ આકાશની પેઠે પૃથ્વીએ પણ તેનો આશ્રય લીધો' (**ऋ.** ૧૦–૬૫–૨) તે સ્થલે **ऋत**નો અર્થ નિશ્ચિત થઈ ગયેલો જણાય છે. તે બન્ને સ્થળોએ **ऋत** એટલે વિશ્વનિયમ (Cosmic Law) એ જ અર્થ થઈ શકે છે. એટલું જ નહિ પણ **ऋतं च सत्यं चाभीद्धात् तपसोऽध्यजायत** એટલે પરમાત્માના અતિ જ્વલંત પ્રકાશમાંથી **ऋत** અને **सत्य**–એ બન્ને ઉત્પન્ન થયાં (ઋ. ૧૦–૧૯૦–૧),–તે સ્થલે **ऋत** અને **सत्य**નો જૂદા જૂદા અર્થોમાં જ ઉપયોગ કરેલો સ્પષ્ટ જણાય છે.

ऋतની વ્યુત્પત્તિ **ऋ** ધાતુમાંથી થાય છે, અને **ऋ** ધાતુ ગતિવાચક એટલે ક્રિયાવાચક હોવાથી **ऋत**નો સંબંધ વિકારશીલ વિશ્વની સાથે છે. અર્થાત્ **ऋत**નો યૌગિક તેમ જ રૂઢાર્થ વિશ્વનિયમ જ કરવામાં આવ્યો છે. ત્યારે **सत्य**ની વ્યુત્પત્તિ **अस** જેવા સ્થિતિવાચક ધાતુમાંથી હોવાથી, તેનો સંબંધ અવિકારી **सत्**ની સાથે, એટલે આત્મા કે પરમાત્માની સાથે જ રહી શકે છે. ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન–એ ત્રણે કાળમાં તેમ જ મન, વચન

અને કર્મ—એ ત્રણે પ્રવૃત્તિઓમાં જે કંઈ નિર્વિકાર એક રૂપે હોય છે, તે **सत्य** છે, એવો તેનો અર્થ રાખવામાં આવ્યો છે અર્થાત્ જ્યારે **ऋत**નો અર્થ વિશ્વનિયમ (Cosmic Law) થાય છે, ત્યારે **सत्य**નો અર્થ આત્મિક સત્તા (Spiritual Law) અથવા આત્મતા (Spirituality) કે આત્મા (Spirit) જ થઈ શકે છે.

એ પ્રમાણે **ऋत** અને **सत्य**ના અર્થોમાં જેટલો ભેદ છે, તેટલો જ અથવા તેથી પણ અધિક ભેદ આવસ્તિક રતુ અને અપના અર્થોમાં છે. ઋગ્વેદ સંહિતામાં માત્ર એક જ સ્થલે **अष** શબ્દ વપરાયો છે.[૪૦] તે સ્થળે તેનો અર્થ પ્રિય અથવા વ્યાપ્ત કરવામાં આવ્યો છે. વૈદિક સાહિત્યમાં તે શબ્દનો તેથી વધારે વિકાસ થયેલો જણાતો નથી. તે **अष**ની વ્યુત્પત્તિ પણ **अष्** ધાતુમાંથી થઈ છે, એમ માનવામાં આવ્યું છે, અને **अष्** ધાતુનો અર્થ 'પ્રકાશવું'—એવો પણ કરવામાં આવ્યો છે. (આપ્ટે. સં. કો. પૃ. ૨૦૫) પરંતુ **अष्** ધાતુ પણ મૂલ ધાતુ નથી, મૂલ ધાતુ તો **अस्** (એટલે હોવું) જ છે. જે ધાતુમાંથી **सत्** અને **सत्य** વ્યુત્પન્ન થયેલ છે, તે જ ધાતુ ઉપરથી **अष्** નિષ્પન્ન થયો છે. તે જ કારણથી **अष्** ધાતુનો અર્થ પ્રકાશવું, જે હોવાનું બીજું રૂપ છે, તે અર્થ આપ્યો છે. એ રીતે વિચારતાં **अष**નો અર્થ **सत**, **सत्य** અને **प्रकाश** જ થઈ શકે છે.

अष શબ્દનો વિકાસ વૈદિક ઋષિઓએ કર્યો નથી. છતાં જે સમયે ઈરાની આર્યો અને હિન્દી આર્યો વચ્ચે ધાર્મિક વિગ્રહો ચાલતા હતા, તે સમયે કેટલાક તત્ત્વચિંતકો અનેક દેવોમાંથી એક તત્ત્વ શોધી કાઢવાનો પ્રયત્ન કરતા હતા. તે એક તત્ત્વ **सत्** છે, એમ જ્યારે એકાદ ઋષિએ જાહેર કર્યું,[૪૧] ત્યારે **सत्** શું, **असत्**

---

૪૦ ता कर्माऽषतराऽस्मै प्रच्यौत्नानि देवयंतो भरन्ते (ऋ. १–१७३–८.) = તે ઇન્દ્રને માટે અતિવ્યાપ્ર હવિઓ તૈયાર કરીએ! દેવોની ઇચ્છાવાળા ઋત્વિજો સુંદર સ્તોત્રો ગાય છે, અથવા મોટાં કાર્યો કરે છે.

૪૧ ऋ. १–१६४–४२.

શું, **असत्**માંથી **सत्** થયું કે **सत्**માંથી **असत्** થયું, તે વિષયની ચર્ચા ચાલી રહી હતી.[૪૨] છેવટે **सत्यं ज्ञानमनन्तं ब्रह्म। एतदात्म्यमिदंसर्वम्, तत्सत्यं, स आत्मा।** 'બ્રહ્મ સત્યરૂપ, જ્ઞાનરૂપ અને અનંત છે, તેમ જ આ જે કંઈ જણાય છે, તે સર્વ આત્મરૂપ છે, તે સત્યરૂપ છે અને તે જ આત્મા છે.'

એ પ્રમાણે ઉપનિષદોનું જ્ઞાન પ્રકટ કરનારા વૈદિક આર્યોએ **सत्य**નો વિકાસ કરતાં કરતાં, તેને ઉચ્ચતમ સ્થાન આપ્યું; તે જ સમયાન્તરમાં ઈરાની આર્યોએ અષમાં પણ તેટલો જ ઉચ્ચતમ ભાવ સમાવી દીધો. અહુનવર મંત્રનો અષ અને ઉપનિષદોનું **सत्य** એક જ અર્થમાં અને એક જ લક્ષ્યમાં વપરાયેલ છે. કદાચ ઉભય સ્થળોના તત્ત્વચિંતકો વચ્ચે સીધી રીતે સ્પર્ધા ચાલતી હશે, તેને પરિણામે ઉભયનો ઉદ્દેશ, પ્રયોજન અને લક્ષ્ય તાદૃશ હોવા છતાં, તે લક્ષ્યના વાચક માટે જૂદા જૂદા શબ્દો વિકસિત થવા પામ્યા.

'અષેમ્વોહૂ' મંત્રમાં અષ શબ્દ માત્ર માનસિક ભાવમાં, એટલે **सत्य**ના અર્થમાં તેમ જ વહિસ્ત (**वसिष्ठ**) વિશેષણ જોડીને કંઈક મૂર્ત્ત સ્વરૂપ(Concrete Form)માં પણ વપરાયેલ છે.[૪૩] તે સ્થળે અષવહિસ્તનો અર્થ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના પુરૂષોત્તમ જેવો થાય છે.[૪૪] અથવા મંત્ર રચનારે ધ્યાતા અને ધ્યેયનો ભેદ

---

૪૨ ઋ. ૧૦–૭૨, ૮૧ અને ૧૨૯.

૪૩ મૂલ મંત્ર અને તેના અર્થ માટે જુઓ, પ્રારંભે આપેલું મંગલાચરણ.

૪૪ यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥

અ. ૧૫, શ્લો. ૧૮.

'હું વિકારી પદાર્થોથી પર છું, નિર્વિકારી આત્માથી પણ પર છું; તેથી સામાન્ય જનસમૂહમાં તેમ જ વેદાદિશાસ્ત્રોમાં પણ હું પુરૂષોત્તમરૂપે પ્રસિદ્ધ થયો છું.

દષ્ટિમાં રાખીને, અહુનવરમંત્રગત અષ કરતાં અષવહિશ્તમાં કંઇક વિશેષ વ્યક્તિત્વ આરોપ્યું છે, એમ આખા મંત્રના ભાવ ઉપરથી જણાયા વિના રહેતું નથી. તેટલે અંશે અષેમ્‌વોહૂ મંત્ર અહુનવર મંત્રથી વધારે અર્વાચીન હોય, એમ પણ અનુમાન થાય છે.

હિન્દી આર્યોમાં તેમ જ ઇરાની આર્યોમાં એ રીતે તત્ત્વચિંતનનો વિકાસ થતો હતો, તેની સાથે સાથે જ યજ્ઞને નિમિત્તે થતી હિંસા, યજ્ઞને નિમિત્તે થતું માદકપાન, યજ્ઞને નિમિત્તે થતા પુરોહિતના પરસ્પર ઝઘડાઓ પ્રતિ બન્ને પ્રજાઓમાં તિરસ્કાર ઉત્પન્ન થયો અને સ્વલ્પ સમયમાં તે તિરસ્કારની જ્વાલા એટલી બધી ઉગ્ર થઈ ગઈ કે કાળના કાળથી મનુષ્યના ઐહિક જીવન ઉપર અને પારલૌકિક ભાવના ઉપર યજ્ઞનો જે પ્રભાવ હતો, તે પ્રભાવ તે જ્વાલામાં હોમાઈ ગયો. જનસમાજની તેવી મનોદશામાં બન્ને દેશોને કોઈ અલૌકિક જીવાત્માની જરૂર પડી. શ્રી કૃષ્ણ ભગવાને અર્જુન જેવા પ્રચલિત ધર્મભાવનાઓથી ગભરાઈ ગયેલ, તેની સાથે જ જ્ઞાનની અપૂર્વ જ્યોતિ ઝીલવાને આતુર થઈ રહેલ શિષ્યને કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર સન્મુખ રાખીને કર્મ, યોગ, ભક્તિ અને જ્ઞાનની ચતુષ્કિકાને એક ચક્રમાં ગોઠવી દીધી, ત્યારથી હિન્દી આર્યોની ધર્મભાવનામાં તેમ જ જીવનમાં એકદમ પરિવર્તન થઈ ગયું.

કદાચ ત્યાર પછી કેટલેક કાળે તે જ હેતુથી જરથુસ્ત્રનો અવતાર ઇરાન અથવા બેક્ટ્રીયામાં થયો. હિન્દી આર્યોના ઇન્દ્રાદિ જે દેવો યજ્ઞભાવનાથી પરિપુષ્ટ થયા હતા, તેઓને દેશનિકાલ કરવા અને સર્વોપરિ એક પરમેશ્વરની ભક્તિભાવના સ્થાપિત કરવી, એ જ તેઓનો જીવનસંદેશ અથવા અવતરણકર્તવ્ય હતું. પરંતુ કુદરતની સૂક્ષ્મ શક્તિઓ અથવા મનુષ્યની માનસિક શક્તિઓ કંઈ શશશૃંગ જેવી મિથ્યા ન હતી. તે તે શક્તિઓને ને તે શક્તિઓના અધિષ્ઠાતા દેવો દ્વારાએ ઉદ્દભાવીને તેમ જ ખીલવીને, તેઓનો નિર્વાહમાં તેમ જ વિનાશમાં ઉપયોગ થઈ શકતો હતો, તેવી માન્યતાને અસત્ય ઠરાવી

કદાચ તેમ ન હતું. તેથી પ્રચલિત નિર્દોષ માન્યતામાંથી નિર્દોષ અંશોનો તો તેઓને પણ સ્વીકાર કરવો પડ્યો. પરંતુ સદ્રૂપ, પરમ કૃપાળુ અને પૂર્ણ-ન્યાયી પરમેશ્વર અસત્, હિંસક અને અધર્મી પ્રજા શી રીતે ઉત્પન્ન કરી શકે, તેનો કોયડો તેઓ ઉકેલી શક્યા નહિ. અસત્, નિર્દયતા અને અન્યાય તે સત્, દયા અને ન્યાયની બીજી બાજુઓ જ છે, વિનાશમાં જ ઉત્પત્તિ અને નિર્વાહ રહેલ છે, અથવા ઉત્પત્તિ અને નિર્વાહને વિનાશ વિના ચાલતું જ નથી, એવું સત્યદર્શન શ્રીકૃષ્ણ ભગવાનને થયું હતું, તેવું દર્શન કદાચ જરથુસ્ત્રને નહિ થયું હોય, અથવા તો પડોશમાં આવેલ સેમિટિક પ્રજાના સંસર્ગથી સ્વદેશની ભ્રાન્ત પ્રજાને તેવા દુર્ગમ્ય સિદ્ધાન્તો પચી શકશે નહિ, એવી તેઓને પ્રતીતિ હોવાથી જ, સત્ અને અસત્ અથવા સાધુ અને દુષ્ટ-એવી શક્તિઓના અધિષ્ઠાતા દેવતાઓ પરસ્પર ભિન્ન અને સ્વતંત્ર છે, એવી કલ્પનાનો આશ્રય લેવાની જરૂર પડી. યજશ્નેના આખા ૩૦ મા પ્રકરણમાં તેઓએ પોતાના ધર્મસિદ્ધાન્તનું રહસ્ય અથવા તત્ત્વજ્ઞાન સમાવી દીધું છે. તે પ્રકરણમાં અથવા પાંચે ગાથાઓમાં કદાચ સ્પેન્તામઇન્યુ તથા અંગ્રામઇન્યુ-જેવાં ઉભય શક્તિના પ્રતિનિધિ દેવતાઓનાં નામો જોવામાં આવતાં નથી. પરંતુ પાંચે ગાથાઓનું તત્ત્વ વિચારતાં સ્પષ્ટ જણાય છે કે અહુરમઝદને જેટલે જ અંશે જરથુસ્ત્ર તે તે શક્તિઓ અને તેઓના અધિષ્ઠાતા દેવતાઓનું અસ્તિત્વ અને અધિકાર સ્વીકારતા હતા.

પ્રકૃત વિષય ઉપર આવતાં, યજશ્નેના ૪૭મા હાના પહેલા જ પરિચ્છેદથી તો સ્પષ્ટ જણાય છે કે વોહુમન; અષવહિસ્ત, ખ્શથ્ર-વઇર્ય, આર્મેઇતિ, હઉર્વતાત અને અમેરેતાત[૪૫] એ ૭ તત્ત્વો

૪૫ પવિત્ર મન, પરમ સત્ય, સર્વશક્તિમત્તા, પ્રેમાળ હૃદય, સમ્પૂર્ણતા અને અમરતા. જુઓ ગાથાઓનું રા. કાવસજી એદલજી કાંગાકૃત ગુજરાતી ભાષાન્તર, પૃ. ૧૬૧.

અહુરમઝદની પ્રકૃતિના અથવા સ્વરૂપના જ અંશો છે, માત્ર અમૂર્ત ભાવો છે, એવો જરથુસ્ત્રનો દૃઢ સિદ્ધાન્ત હતો. છતાં અહુરમઝદે વિશ્વરચના કરી. તેમાં તેને દેવી, માનુષી, તિર્યક્-ઇત્યાદિ સકલ સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં તે જ અમૂર્ત્ત ભાવોનો અથવા અંશોનો ઉપયોગ કરવો પડયો. અહુરમઝદ એટલે જ તે ૭ અમૂર્ત્ત ભાવો, તેની સૃષ્ટિ એટલે પોતાનો અથવા તે ૭ ભાવોનો મૂર્ત્ત રૂપોમાં વિકાસ-એ જ અર્થ થઈ શકે અને તે જ અર્થ જરથુસ્ત્રે ખુલ્લી રીતે સ્વીકાર્યો છે.

બ્રાહ્મણોના તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં **આત્મા**નો મુખ્યાર્થ તો **सत्, चित्** અને **आनन्द** જ કરવામાં આવ્યો છે, છતાં આખું વિશ્વ તે જ આત્માનો વિકાસ અથવા આભાસ હોવાથી સૂક્ષ્મ મન તથા બુદ્ધિથી માંડી સ્થૂલ શરીર સુધી **આત્મા** ના અર્થને ઉતારી દેવામાં આવ્યો છે. તેવી જ રીતે જરથુસ્ત્રસ્થાપિત મઝદ ધર્મમાં પણ અષની અવસ્થા થઈ છે. અષ અથવા અષવહિશતનો મુખ્યાર્થ પરમ સત્ય રૂપ પરમેશ્વર(અહુરમઝદ)નો સ્વભાવ, એવો જરથુસ્ત્રે પોતે જ કર્યો છતાં યજશ્નેના ૨૯મા હામાં તેઓએ પોતાના પયગમ્બરપણાનો દાવો કર્યો છે, તેમાં તો સ્પષ્ટ કહ્યું છે કે—

'પૃથ્વી ઉપર અત્યાચાર, લૂંટફાટ, મારામારી, દ્રોહ, દ્વેષ, અસત્યાદિ પાપનો ભાર વધી ગયો, ત્યારે પૃથ્વીનો આત્મા અહુરમઝદ (ઈશ્વર) પાસે રક્ષણ માગવા ગયો. ત્યારે અહુરમઝદે અષને પૂછયું કે-તે પૃથ્વીનો રતુ એટલે અધિપતિ કોને બનાવું?'[૪૬]

---

૪૬ જૂઓ, યજશ્ને હા ૨૯ પરિ૦ ૧-૨; ઉપર તે પરિચ્છેદોનો સાર માત્ર આપવામાં આવ્યો છે. મૂલ શ્લોકમાં પૃથ્વીના આત્માને માટે 'ગેઉશ્ ઉર્વા'-શબ્દો આપ્યા છે. ગેઉશ્ એ ગો શબ્દનું છઠ્ઠીનું એકવચન છે, ઉર્વા ઉર્વન્ શબ્દનું પ્રથમાનું એકવચન છે. સંસ્કૃતમાં તેનાં મૂલ રૂપો गावः उर्वा થઈ શકે. પરંતુ સંસ્કૃત ભાષામાં ઉર્વા શબ્દ વપરાયો નથી. उरु ઉપરથી

આ સ્થળે અષનો અર્થ અહુરમઝદનો કોઈ અધિકારી દેવતા જ થઈ શકે છે; તેમ જ રતુનો અર્થ તો તેથી પણ ઉતરતા ભાવમાં કરવામાં આવ્યો છે, એમ સ્પષ્ટ જણાય છે. અર્થાત્ અહુનવર મંત્રમાં અષનો પ્રયોગ માત્ર પરમ સત્યરૂપ પરમાત્મામાં જ થયો છે, અને અષેમ્‌વોહૂ મંત્રમાં અષનો અર્થ માત્ર સત્યમાં અને અષવહિશ્તનો અર્થ સત્યસ્વરૂપ આત્મા અથવા પુરુષોત્તમમાં કરવામાં આવ્યો છે, ત્યારે ગાથાઓમાં તેની અધિકારી ફિરસ્તામાં પણ ગણના કરવામાં આવી છે, તેમાં કંઈ પણ શંકા રહેતી નથી.

उर्वी શબ્દ નિષ્પન્ન થયો છે, તેનો અર્થ પૃથ્વી થાય છે, તેમ गोનો અર્થ ગાય તેમ જ પૃથ્વી થાય છે. પુરાણોમાં, પૃથ્વી પોતે ગાયનું રૂપ ધારણ કરી બ્રહ્મદેવ પાસે ફરીયાદ કરવા ગઇ, બ્રહ્મદેવ વિષ્ણુ પાસે ગયા અને વિષ્ણુએ પૃથ્વી ઉપર વધી ગયેલ પાપનો ભાર ઉતારવાને માટે મનુષ્યાવતાર લેવાનું વચન આપ્યું, એવી કથાઓ અવતારોના સંબંધમાં જોવામાં આવે છે. તેવો જ ભાવ ૨૯ મા હા માં રહ્યો હોય, એમ જણાય છે. પૌરાણિક કથાઓનું મૂળ કોઈ પુરાતન કથામાં હોવું જોઈએ; અને તે મૂલ કથા ઈરાની આર્યોમાં જરથુસ્ત્રના સમય સુધી સચવાઈ રહેલી હોવી જોઇએ. પુરાણોની કથા સાથે ઉપર્યુક્ત ગાથાની કથાને સુસંગત કરવી હોય તો ગેઉશ્ ઉર્વાને બદલે "ગાઉશ્ ઇથા ઉર્વી (સં. गौरिव उर्वी,)એટલે ગાયનું રૂપ ધારણ કરીને પૃથ્વી"–એવો પ્રયોગ કરવો જોઈએ. તેમ છતાં ઉભય કથાઓનો આશય તો સરખો જ છે, એમાં કંઈ સંશય નથી. તે જ હા ના બીજા પરિચ્છેદમાંથી નીચે પ્રમાણે વચનો પ્રાપ્ત થાય છે:

"અદા તષા ગેઉશ્ પેરેસત્ અષેમ્ ।
કથા તોઇ ગવોઈ રતુશ્ ॥

તેનો સંસ્કૃત પર્યાય નીચે પ્રમાણે થઈ શકે છે.

तदा तष्टा गावः अपृच्छत् अषम् ।
कथं तस्यै गवे ऋतुः ॥

અર્થ—ત્યાર પછી સૃષ્ટિકર્તા અહુરમઝદે અષને પૂછ્યું કે તે પૃથ્વીનો અધિપતિ કોને બનાવું ? અહીં રતુ શબ્દ ઈશાવતાર અથવા પયગંબરના અર્થમાં વપરાયો છે.

૭ ચીત્ (સં. **चित्**) અવ્યય;=ઇત્યાદિ, વિગેરે. ‘ ચિત્ ’ શબ્દ અવસ્તાનું રૂપ છે, ત્યારે ચીત્ ગાથાનું રૂપ છે. તે પ્રાયશઃ બીજા હરકોઈ પદની સાથે જ વપરાય છે. (કાં. અ. શ. કો. પૃ. ૧૮૧). આ સ્થળે તે અષાત્‌ની સાથે જ જોડાયેલો છે. અવસ્તાના પંડિતો તેનો અર્થ ઇત્યાદિ, વગેરે, એવો કરે છે. પરંતુ વેદમાં ચિત્‌ને નિપાત વર્ગમાં, એટલે અવ્યય વર્ગમાં ગણવામાં આવેલ છે. યાસ્ક મુનિપ્રણીત નિરુક્ત(અધ્યાય ખંડ ૪)માં કહ્યું છે કે-**चित्** શબ્દનો અનેક અર્થમાં પ્રયોગ થાય છે. **आचार्यश्चित्**-એ પદમાં ‘ પૂજ્ય આચાર્ય ’-એવો અર્થ થાય છે. અહીંયાં પણ અષની સાથે ચીત્ આવવાથી તેનો અર્થ ‘ મહાન્ , શ્રેષ્ઠ, પૂજ્ય, પરમ ’-એવોજ થઈ શકે છે. તેથી આખા અષાત-ચીત્ પદનો અર્થ “પરમાત્મા” થાય છે.

૮ હુચા (સં. **सचा**)-અવ્યય. આ શબ્દ સંસ્કૃત **सच्** (**सचते**) એટલે પાછળ જવું, અનુસરવું, એ ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. અવસ્તાના વિદ્વાનોએ તેનો અર્થ ‘ લીધે, વાસ્તે ’-એવો કર્યો છે. (હાઉગ નિબંધો, ૩ જી આવૃત્તિ, પૃ. ૧૪૧ તથા કાંગાકૃત ખોરદેહ અવસ્તાનું ગુજરાતી ભાષાન્તર, પૃ. ૩). અવસ્તાના શબ્દકોષમાં આ શબ્દનો ધાતુ સચ્ કહ્યો છે, અને “ પાછળ જવું, અનુસરવું. ” એવો તેનો અર્થ આપ્યો છે. (કાં. અ. શ. કો. પૃ. ૫૬૮-૫૬૯). **सच्** ધાતુ ઉપરથી શિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં **सचा**નો પ્રયોગ થયાનું જોવામાં આવતું નથી. ઋગ્વેદ સંહિતામાં **सचा सन्** એ પદોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તે સ્થળે સાયણાચાર્ય **सचा**નો અર્થ મિત્ર અને વેદાર્થયત્નકારે (પુ. ૨ પૃ. ૧૩૨ માં) અનુચર કર્યો છે.[૪૭] ઉક્ત

---

૪૭ मथीद्युदीं विभृते मातरिश्वा गृहे गृहे श्येतो जेन्योऽभूत्।
आदीं राज्ञे न सहीयसे सचा सन्ना दूत्यं भृगवाणो विवाय ॥
(ઋગ્વેદ, મંડલ ૧, સૂક્ત ૭૧ ઋચા ૪.)

અર્થ—જ્યારે માતરિશ્વા નામના વાયુદેવે અગ્નિને મંથન કરી, ઉત્પન્ન

મંત્રમાં અનુચર અર્થ વધારે સંગત જણાય છે. 'અષાત્—ચીત્ હચા અથવા અષાત્ હચા'—એ પદોનો પ્રયોગ ગાથાઓમાં વારંવાર થયેલો જોવામાં આવે છે. અહુનવઇતિ નામની પેહેલી જ ગાથામાં 'અષાત્–ચિત્, હચા, અહુ, 'રતુશ્'—એવાં વચનો વપરાયાં છે; તેનો અર્થ 'પરમાત્મામાંથી પ્રકટ થયેલો તેમ જ તેના સંકલ્પ પ્રમાણે વર્તનારો મહાપ્રાણ તથા વિરાટ્ પુરૂષ' એવો થઈ શકે છે.[૪૮] યજશ્નેના ૩૧ મા પ્રકરણ (પરિચ્છેદ ૨)માં 'યા અષાત્ હચા જવામહી'નો અર્થ પ્રોફેસર તારાપુરવાલાએ 'That we may live according to the Eternal Law' 'એટલે જેથી અમે એક સનાતન નિયમને અનુસરીને જીવીએ,' એવો કર્યો છે. તે સ્થળે તેઓએ હચાનો અર્થ લીધે અથવા વાસ્તે કર્યો નથી, પરંતુ 'અનુસરીને' એવો જ કર્યો છે.[૪૯] અને તે જ અર્થ વાસ્તવિક છે. તૈત્તિરીય બ્રાહ્મણ(૨-૬-૧૩)માં પણ **सच** ધાતુનું **सश्चत** રૂપ તેમ જ તેમાંથી વ્યુત્પન્ન થયેલા **सचा** પદ વપરાયું છે.

કર્યો, ત્યારે તે રમતીયાળ, શ્વેત જ્વાલાવાળા તેમ જ કુલવાન્ અગ્નિની ઘેર-ઘેર (યજ્ઞ કુંડોમાં) પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારથી સૂર્યનાં કિરણો જેટલી ગતિવાળો તે અગ્નિ જાણે કોઈ પશકર્મા રાજાનો અનુચર હોય નહિ, તેમ (યજમાનોની સમક્ષ દેવતાઓને હવિ પોહોંચાડવાને માટે) અનુચર પેઠે વર્તવા લાગ્યો. વેદાર્થયત્ન પુ. ૨, પૃ. ૧૩૨.

૪૮ નોઇત્ અએવા અહૂ વિરેતો, નએદા રતુશ્ અષાત્–ચિત્ હચા ॥
न इत् एकः असुः वित्तः न एषः क्रतुः अषात्-चित् सचा ॥

અર્થ—પરમાત્મામાંથી ઉત્પન્ન થયેલ, તેના સંકલ્પને અનુસરનાર મહાપ્રાણ પણ તે કામને માટે યોગ્ય હોય, એમ લાગતું નથી; તે જ પ્રમાણે વિરાટ્ પુરૂષ પણ તે કામને માટે યોગ્ય નથી.

૪૯ શાહે જરથુશ્ત્ર નામનું ત્રૈમાસિક પત્ર, પુ. ૫, અં. ૩, સપ્ટેંબર, ૧૯૨૩, પૃ. ૧૨૪.

સાયણાચાર્યે તે સ્થલે **सश्चत**નો અર્થ 'સંબંધમાં આવ્યો,' અથવા 'એકત્ર થયો,' અને **सचा**નો અર્થ 'સંબંધમાં આવેલાં,' અથવા 'એકત્ર થયેલાં'—એવો કર્યો છે.[૫૦]

પ્રસ્તુત અહુનવર મંત્રમાં 'અપાત્–ચીત્'—એ પદોનો અર્થ 'પરમાત્મામાંથી પ્રકટ થયેલ અને તેના સંકલ્પ પ્રમાણે વર્તનાર,' એવો થાય છે; અથવા, અહ્‌વર્‌ર્ય, રતુશ્ અને અષ–એ સર્વ એ રીતે પરસ્પર સંબંધમાં આવ્યા છે, એવો પણ થઈ શકે છે.

૯ વહ્‌હુ ઉશ્ (સં. **वसोः** અથવા **वंहोः**) નામ, છઠ્ઠીનું એકવચન.=વિશુદ્ધ, નિર્મલ, સુંદર, તેજસ્વી. અવસ્તા શબ્દકોષમાં વંહુ શબ્દ વંહ્ એટલે પ્રકાશવું, ચળકવું, એ ધાતુ ઉપરથી અથવા વસ્ એટલે ચાહવું, પસંદ કરવું, એ ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે, એમ કહ્યું છે. ગાથાઓમાં તેમ જ અવસ્તાના બીજા ભાગમાં વોહુ શબ્દ વપરાયો છે. એ શબ્દ પણ વસ્ ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયેલ વસુનું રૂપાન્તર છે, અને વંહુનો પર્યાય છે, એમ માનવામાં આવે છે. (કાં. અ. શ. કો. પૃ. ૪૫૫–૪૫૬–૪૭૬–૪૭૧) સંસ્કૃત ભાષામાં પણ **वस्** ધાતુ ઉપરથી **वसु** શબ્દ ઉત્પન્ન થયો છે. અવસ્તાનો વોહુ તે વસુનું રૂપાન્તર છે.

પ્રોફેસર તારાપોરવાલાના મત મુજબ આવસ્તિક વસ્ અને

---

૫૦ स सूत्रात्मा हविष्पतिः । यजमानाय सश्चत ॥

અર્થ—તે ઇન્દ્ર બીજા દેવો સાથે યજમાનના કલ્યાણ માટે એકઠો થયો.

स बिभेद वलं मघं । नमुचावासुरे सचा ॥

અર્થ—નમુચિ નામના અસુર સાથે એકત્ર થઈ આવેલા મોટા વલ નામના અસુરને તે ઇન્દ્રે હણ્યો.

तमिन्द्रं पशवः सचा । अश्विनोभा सरस्वती ॥

અર્થ—ઇન્દ્રને પ્રસન્ન કરવાને (યજ્ઞકાર્યમાં) પશુઓ, અશ્વીઓ અને સરસ્વતી એકત્ર થયાં.

વંહ્, એ ઉભય ધાતુઓ સંસ્કૃત **वस्** ધાતુનાં રૂપાન્તરો છે. એ ધાતુ ઉપરથી વોહુ અને વંહુ, એ બન્ને જૂદાં જૂદાં રૂપો થયાં છે.

પરંતુ સંસ્કૃત ભાષામાં પણ **वंह्** ધાતુ છે, જેનો અર્થ 'વધવું અથવા ઉગવું '-એવો થાય છે. (આપ્ટે, સં. શ. કો. પૃ. ૯૩૭-૭૮૫) પરંતુ એ ધાતુ ઉપરથી **वंहु** શબ્દ વ્યુત્પન્ન થઈ સંસ્કૃત ભાષામાં વપરાયાનું જણાતું નથી. તેથી ઈરાની આર્યોના વંહ્ ધાતુ ઉપરથી પ્રચલિત વંહુ શબ્દ પ્રચલિત થયો હોય, એ સંભવિત છે. વહ્વેઉશ પદ મનહ્વો એટલે મન અથવા અંતઃકરણની સાથે વિશેષણ તરીકે વપરાયો છે. પિંડ એટલે આપણા સ્થૂલ શરીરમાં મન અથવા અંતઃકરણ તે શરીરનું જેમ સૂક્ષ્મ શરીર છે, તેમ બ્રહ્માંડ અથવા સ્થૂલ જગતનું પણ સૂક્ષ્મ શરીર છે, જેને આપણે સૂક્ષ્મ જગત્ કહી શકીએ. પિંડમાં જેમ સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીર કરતાં વધારે નિર્મલ, વધારે તેજસ્વી અને વધારે પારદર્શક હોય છે, તેમ સ્થૂલ જગત કરતાં સૂક્ષ્મ જગત પણ વધારે નિર્મલ, વધારે તેજસ્વી અને વધારે પારદર્શક હોય છે. તે જ કારણથી જેમ સૂક્ષ્મ શરીરમાં વ્યાપી રહેલ અને તેનો નિયામક આત્માં તૈજસ કહેવાય છે, તેમ સૂક્ષ્મ જગતમાં વ્યાપી રહેલ અને તેનો નિયામક આત્મા હિરણ્યગર્ભ અથવા સૂત્રાત્મા કહેવાય છે. અહુનવરમંત્રગત અહ્વઈર્યો તે તૈજસાત્મા અથવા હિરણ્યગર્ભની બરાબર છે.

૧૦ દઝ્દા (સં. **दत्ते**)-ક્રિયાપદ, દા-ધાતુના વર્તમાન કાળના ત્રીજા પુરૂષનું એકવચન, આત્મનેપદ=આપે છે. અવસ્તા શબ્દકોષ-(પૃ. ૨૫૩)માં દા ધાતુના આત્મનેપદનું વર્ત્તમાનકાળના ત્રીજા પુરૂષનું એકવચન દઝ્દે આપ્યું છે; તેમ જ વર્તમાનકાળના ત્રીજા પુરૂષનું એકવચન દઝિદ આપ્યું છે. (પૃ, ૨૫૪) કાંગાકૃત અવસ્તા વ્યાકરણ(પૃ. ૧૯૬)માં દઝિદને બદલે દઝ્દી રૂપ પણ આપ્યું છે. ત્રણે રૂપો ઉપરથી દઝ્દા રૂપાન્તર થઈ શકે છે. (કાં. અ. પૃ. ૧૯)

પરંતુ નસરવાનજી શાપુરજી તવરીયાએ 'રાહે જરથુસ્ત્ર' નામના ત્રિમાસિક પત્રમાં 'અહુનવરનો કલામ'—એ નામનો બહુ વિદ્વત્તા-પૂર્ણ લેખ લખ્યો છે. એ લેખમાં તેઓએ દઝ્દા દા ધાતુના પૂર્ણ ભૂતકાળના ત્રીજા પુરૂષનું એકવચનનું રૂપ છે, એમ પણ કહ્યું છે,[૫૧] તે યથાર્થ નથી. દા ધાતુના પૂર્ણ ભૂતકાળના ત્રીજા પુરૂષના એક-વચનનું રૂપ દદા અથવા દધા થાય છે. (કાં. અ. વ્યા. પૃ, ૨૩૯) દદા ઉપરથી દઝ્દા થવાનું કંઈ કારણ નથી. પરંતુ અવસ્તાની ભાષામાં દા ધાતુનું વર્તમાનકાળના ત્રીજા પુરૂષના એકવચનનું રૂપ આત્મનેપદમાં દસ્તે અને પરસ્મૈપદમાં દસ્તી થાય છે. તે ઉપરથી ગાથામાં 'સ્ત'નો ઝ્દ થતાં ઉપર મુજબ રૂપો થયાં છે. (કાં. અ. વ્યા. પૃ. ૨૦૦–૨૦૧)

પ્રસ્તુત મંત્રના કેટલાક ભાષાંતરકારોએ દઝ્દાને નામવર્ગમાં મૂકીને, તેનો અર્થ 'બક્ષીસ' કર્યો છે.[૫૨] પ્રોફેસર તારાપોરવાલા પણ તેવો જ અર્થ કરે છે. સંસ્કૃત ભાષામાં પણ **दा** ધાતુ ઉપરથી **दत्त** અને **दत्ति** એવાં નામો વ્યુત્પન્ન થાય છે; તે શબ્દોનો અર્થ બક્ષીસ પણ થઈ શકે છે. તે **दत्त** અથવા **दत्ति**નું દઝ્દા રૂપાન્તર સંભવી શકે. પરંતુ આ સ્થલે તો તેનો ક્રિયાવાચક અર્થ કરવાથી જ આખા મંત્રના અર્થનું ગૌરવ પ્રતીત થઈ શકે છે.

૧૧ મનંહો (સં. **मनसः**) નામ, ષષ્ઠીનું એકવચન. આ મનહ્ શબ્દ મન્ ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. (કાં. અ. શ. કો. પૃ. ૩૯૪–૩૯૫). અહુરમઝદના ૭ અમેશસ્પેન્તો મઈન્યો-(આદિત્યો ?)માં વોહુમનહ્ (શુદ્ધ મનસ્) સૌથી મુખ્ય મઈન્યુ (અધિપતિ દેવતા) ગણાય છે. અહુરમઝદમાંથી શુદ્ધ મનસ્ પ્રકટ થયું છે, તેથી અહુરમઝદ (પરમેશ્વર) તેનો જનક અથવા પિતા

---

૫૧ 'રાહેજરથુસ્ત્ર,' પુ. ૪, ડીસેમ્બર ૧૯૨૨, પૃ. ૨૧૪

૫૨ 'રાહેજરથુસ્ત્ર,' પુ. ૫, અં. ૨, માર્ચ-જુન, ઈ. સ. ૧૯૨૩, પૃ. ૭૫-૮૧

કહેવાય છે.[૫૩] તે છએ દેવતાઓ વસ્તુતઃ અહુરમઝદથી ભિન્ન નથી, તેના સ્વાભાવિક અંશો છે. સૃષ્ટિની ઉત્પત્તિ સમજાવવાને માટે તેનાં મૂર્ત્ત રૂપો કલ્પ્યાં છે.[૫૪] ઋગ્વેદ સંહિતાના નાસદીય સૂક્તમાં પણ તેવો જ ભાવાર્થ જોવામાં આવે છે. સત્ એટલે સૃષ્ટિ, અને તે સૃષ્ટિનો સ્રષ્ટા કોણ છે અથવા કેવો છે, તેનો બહુ ઝાંખો આભાસ આપ્યા પછી કહેવામાં આવ્યું છે કે તે સૃષ્ટિકર્તા પરમેશ્વરના મનમાંથી બીજ રૂપે કામ એટલે ઇચ્છા અથવા સંકલ્પ પ્રથમ ઉત્પન્ન થયો; તેમાંથી આખી સૃષ્ટિ (**सत**) ઉત્પન્ન થઈ.[૫૫] તેવો જ ભાવ વોહુમદ્દમાં સમાયો હોય, એમ સ્પષ્ટ જણાય છે.

૧૨ શ્યઓથનનામ્ (સં. **च्यौत्नानाम्**)–નામ, ષષ્ઠીનું બહુવચન.=કામ, કર્મ. આવસ્તિક શ્યુ અથવા સં. **छ्यु** કે **च्यु** એટલે જવું, પોહોંચવું, ટપકવું, ચૂવું, એ ધાતુ ઉપરથી આવસ્તિક શ્યઓથ્ન શબ્દ વ્યુત્પન્ન થયો છે. ગાથામાં તેનું રૂપાન્તર શ્યઓથન થયું છે. (કાં. અ. શ. કો. પૃ. ૫૬૦–૫૬૧) ઋગ્વેદ સંહિતામાં **च्यौत्न**

---

૫૩ Essays on the Parsees by Martin Haug, 3rd Ed., p. 306.

૫૪ Early Zorastrianism IX, 97, 243, 245: quoted in The Religion of the RigVeda by Griswold p. 146.

૫૫ कामस्तदग्रे समवर्त्तताधि मनसो रेतः प्रथमं यदासीत् ।
सतो बन्धुमसति निरविन्दन् हृदि प्रतीष्या कवयो मनीषा ॥
(ऋ. मं. १०, सू. १२९: ऋ. ४).

અર્થ—(તે સૃષ્ટિ કર્ત્તા ઈશ્વરના) મનનું જે રેત એટલે બીજ **પ્રથમ નીકળ્યું. તે જ પેહેલાં કામ (એટલે સૃષ્ટિ રચવાની ઇચ્છા અથવા પ્રવૃત્તિ—શક્તિ) થયું. જ્ઞાતા પુરૂષોએ પોતાના હૃદયમાં પરીક્ષા કરીને પોતાની બુદ્ધિથી નક્કી કર્યું છે કે આ અસત્‌માં એટલે મૂળ પરબ્રહ્મમાં સત્‌નો એટલે વિનાશી દૃશ્ય સૃષ્ટિનો પ્રથમ સંબંધ થયો છે. (લોકમાન્ય તિલકકૃત ગીતારહસ્યનું ગુજરાતી ભાષાન્તર, પૃ. ૨૫૪).**

શબ્દ વિશેષણ રૂપે વપરાયો છે. તે પ્રસંગે તેનો અર્થ સુંદર કરવામાં આવ્યો છે. આશ્ચર્ય જેવું છે કે અપ શબ્દની સાથે જ એક જ ઋચામાં તેનો પ્રયોગ થયો છે.[૫૬] સંસ્કૃત સાહિત્યમાં **च्यौत्न** શબ્દ નામ તરીકે પણ વપરાયો છે. ત્યાં તેનો અર્થ કંપન, સાહસિક કર્મ, બલ ઇત્યાદિ કરવામાં આવ્યો છે. નિરુક્તમાં **च्यौत्न** શબ્દનો અર્થ બળ કરવામાં આવ્યો છે. (વૈદિક નિઘંટુ ૨–૯).

૧૩ અહુ̣ઉશ્ (સં. **अंसोः** અથવા **अहोः**)–નામ, ષષ્ઠીનું એકવચન. = સ્થૂલ જગત્. **अह्** અથવા **अस्** એટલે હોવું, થવું, શ્વાસ લેવો, એ ધાતુ ઉપરથી અહુ શબ્દ વ્યુત્પન્ન થયો છે. (કાં. અ. શ. કો. પૃ. ૧૮ તથા ૭૦). સંસ્કૃત **अंह्** ધાતુ છે, તેમ **अंस्** અથવા **अंश्** ધાતુઓ પણ છે. પણ તે ધાતુઓ ઉપરથી વ્યુત્પન્ન થતા શબ્દો **अंहु**, **अंसु** કે **अंशु** નો અર્થ સ્થૂલ જગત થતો નથી. વેદમાં **अंहु** શબ્દનો અર્થ પાપી અથવા પાપ–એવો કરવામાં આવ્યો છે. (જુઓ પાછળ પૃ. ૨૦ તથા આપ્ટે સં. શ. કો, પૃ. ૧–૨).

૧૪ મઝ્દાઈ (સં. **महद्धाय** અથવા **महसे**) નામ, ચતુર્થીનું એકવચન. = પ્રજ્ઞ, સર્વજ્ઞ અથવા મહત્તત્વને વિકસાવનાર પુરુષ, ચેતન્ય, આત્મા. મૂલ શબ્દ મઝ્દા અથવા મઝ્દ. એ બન્ને ગાથાઓ-માંથી મળી શકે છે. અહુરમઝ્દને માટે ગાથાઓમાં અહુર તથા મઝ્દ તથા અહુરમઝ્દ, એ ત્રણે શબ્દોનો પ્રયોગ થયો છે. મઝ્દા અથવા મઝ્દ શબ્દ મઝ્ (સં. **मह्**) ધાતુ અને દા ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયેલ છે, જ્યાં મઝ્ એટલે વધવું, મોટું થવું તથા દા એટલે આપવું, એવો અર્થ થાય છે. (કા. અ. શ. કો. પૃ. ૩૯૦–૭૨–૩૮૮–૩૫૩).

મઝ્ ધાતુ ઉપરથી મગ (સં. **मघ**) તથા મઘવન્ (સં. **मघवन्**) તેમ જ મઝહ્ (સં. **महस्**) શબ્દો પણ વ્યુત્પન્ન થયા

---

૫૬ ઋગ્વેદ મં. ૧, સૂ. ૧૭૪, ઋ. ૪ ને માટે જુઓ પાછળ, પૃ. ૨૯નું પાદટિપ્પણ ૩૪.

છે. મગનો અર્થ સાહસિક કામ અથવા મહાભારત કામ, મગવન્નો અર્થ મહાભારત કામ કરનાર અથવા મગવન્ નામનો ધાર્મિક સંપ્રદાય, અને મઝ્હૂનો અર્થ મહત્ત્વ આપેલ છે (તેજ, પૃ. ૩૮૮–૯). સંસ્કૃત ભાષામાં **मह्** ધાતુનો અર્થ માન આપવું, પૂજવું, વગેરે આપેલ છે. (આપ્ટે, સ. શ. કો. પૃ. ૮૪૯) મગનો અર્થ સૂર્યપૂજક મગ જાતિનો બ્રાહ્મણ, મઘનો અર્થ મઘ નામનો દેશ અથવા ખંડ, ધન, સંપત્તિ, અને મઘવન્નો અર્થ ધનસંપત્તિ આપનાર ઇન્દ્રદેવ આપ્યો છે. (તેજ, પૃ. ૮૩૦) ઈરાની આર્યોએ તો ઇન્દ્રની દૈત્યવર્ગમાં ગણના કરી છે, પરંતુ તેના પર્યાય મઘવન્ અને વૃત્રઘ્નને સાધુ દેવતાના વર્ગમાં ગણ્યા છે. તે ઉપરથી જણાય છે કે ઇન્દ્રસંપ્રદાયના અનુસારીઓ ઉપર તેઓને દ્વેષ થયો હતો, પરંતુ ખુદ ઇન્દ્ર ઉપર એટલો બધો દ્વેષ ન હતો. તે જ કારણથી તે ને તે ઇન્દ્રને સુખસંપત્તિ આપનાર મઘવન્ના નામથી તેમ વૃત્રોને હણનાર વૃત્રઘ્નના નામથી ઈરાની આર્યોએ ઉપાસ્ય દેવ તરીકે સ્વીકાર્યો હતો.

જરથુસ્ત્રસ્થાપિત ધર્મમાં જેટલો અપ શબ્દ મહત્ત્વનો છે, તેટલો જ અથવા તેથી અધિક મહત્ત્વનો શબ્દ મઝદ છે. અવસ્તાના પંડિતોએ અપની વ્યુત્પત્તિ કરવામાં જેટલી ગુંચ કરી નાંખી છે, તેથી અધિક ગુંચ મઝદની વ્યુત્પત્તિ કરવામાં કરી છે. અવસ્તાના વ્યાખ્યા રૂપ ગ્રંથોમાં મઝદનો અર્થ પ્રજ્ઞ અથવા સર્વજ્ઞ કરવામાં આવે છે. તે અર્થ ઉપર આધાર રાખી યૂરપીય[૫૭] પંડિતોએ મઝદને મળતો સંસ્કૃત મેધસ્ શબ્દ શોધી કાઢ્યો. સંસ્કૃત મેધસ્નો અર્થ પ્રજ્ઞા થાય છે, અને પ્રજ્ઞાવાનને માટે મેધાવી શબ્દ વપરાય છે. પરંતુ સ્વરવિજ્ઞાનના કયા નિયમ પ્રમાણે મેધાવી અથવા

---

૫૭ Essays on the Religion of The Parsis by Prof. Martin Haug. 3rd ed., p. 301, n.

મેધસ્નું રૂપાન્તર મઝદ થયું, તે સમજી શકાતું નથી. જેમ અષને ઋત સાથે અર્થસંબંધ છે, પરંતુ વર્ણસંબંધ નથી, તેમ અત્ર પણ મઝદને મેધસ્ સાથે અર્થસંબંધ છે. પરંતુ વર્ણસંબંધ નથી. પ્રોફેસર હાઉગને આ મુશ્કેલી નડી છે, અને તે જ કારણથી તેઓએ બે જૂદી જૂદી વ્યુત્પત્તિઓ સૂચવી છે. એક, મઝદા એટલે મદાતિધા, જેનું સંસ્કૃત રૂપ મતિધા અથવા મતિધ થઈ શકે. મતિધાનો અર્થ પણ બુદ્ધિનો ઉત્પાદક અથવા પ્રવર્તક થઈ શકે. પરંતુ તેવા રૂપનો પ્રયોગ સંસ્કૃત સાહિત્યમાં ક્યાંહિ પણ જોવામાં આવતો નથી; તેમ જ સ્વરવિજ્ઞાનાનુસાર મદાતિધાનું રૂપાન્તર મઝદ હોવાનું સિદ્ધ થઈ શકતું નથી. એ કારણ લક્ષમાં રાખી તેણે બીજી વ્યુત્પત્તિ મત્ એટલે મદ્ અને ધા ધાતુ, એ બે પદો એકઠાં મૂકી મદ્ધા શબ્દની સૂચવી છે. સંસ્કૃત **મત્**નો અર્થ 'સાથે' થઈ શકે, અને તે ઉપરથી તેઓએ આખા પદનો અર્થ સાથે ઉત્પન્ન કરનાર અથવા 'સંયુક્ત સ્રષ્ટા' કર્યો છે. અંગ્રોમઈન્યુ દુષ્ટ સૃષ્ટિનો સ્રષ્ટા છે, અને અહુરમઝદ સાધુ સૃષ્ટિનો સ્રષ્ટા છે, એમ કહેવામાં આવ્યું છે, તે ઉપરથી અહુરમઝદને સંયુક્ત સ્રષ્ટાનું[૫૮] ઉપ પદ સંગત થાય છે, એમ માની, મઝદનો અર્થ સંયુક્ત સ્રષ્ટા કર્યો છે. પરંતુ સંસ્કૃત સાહિત્યમાં મતિધા શબ્દ જેટલો અપરિચિત છે, તેથી વધારે અપરિચિત અથવા વાસ્તવિક રીતે કહીએ તો વ્યાકરણના નિયમો વિરુદ્ધ મદ્ધા શબ્દ છે. સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે **મત્** પ્રત્યય છે, તે પ્રત્યય કેટલાંક નામોની પાછળ જોડવામાં આવે છે. પરંતુ ક્રિયાપદની પહેલાં ઉપસર્ગ તરીકે તેનો કદી પણ ઉપયોગ કરવામાં આવ્યો નથી.[૫૯] તેમ જ અહુરમઝદનો અર્થ નક્કી કરતાં દુષ્ટ સૃષ્ટિના સ્રષ્ટા તરીકે

---

૫૮ તેજ, પૃ. ૩૦૨-૩-૪

૫૯ Higher Sanskrit Grammer by M. R. Kale, 2nd ed., p. 226.

એ ઉગ્રાઈન્યુ નામના કોઈ સ્વતંત્ર સત્ત્વનો સ્વીકાર તેઓ કરી શકતા નથી. યજશ્ને(હા. ૪૮–૪ તથા ૫૧–૬ તથા ૧૯–૯)નો આધાર લઈને, તેઓએ તો એમ જ સ્થાપિત કર્યું છે કે આખી સૃષ્ટિનો સર્જનહાર, રક્ષણ કરનાર તેમ જ સંહારનાર અહુરમઝદ જ છે.[૬૦] જ્યારે એમ છે, ત્યારે સંયુક્ત સ્રષ્ટાની કલ્પના નિર્મૂલ થઈ જાય છે. ગમે તેમ હોય, પણ સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે **मज्दा** અથવા **मज्द** રૂપ જ સિદ્ધ થઈ શકતું નથી. તેથી મઝદનું મૂલ રૂપ **मेधस्** અથવા **मेधावी** જેટલે અંશે અયથાર્થ છે, તેટલે જ અંશે **मतिधा** અને **मज्दा** રૂપો અયથાર્થ છે.

ઋગ્વેદિક ઇન્ડિયાના કર્તા અવિનાશ ચંદ્ર દાસ વળી કંઈ નવી જ કલ્પના ખડી કરે છે. અહુરમઝદ, તે સંસ્કૃત **असुर मघवानुं** રૂપાન્તર છે, એમ તેઓની કલ્પના છે.[૬૧] મઘવા એટલે સુખસંપત્તિ આપનાર ઇન્દ્ર,–એવો અર્થ વૈદિક સાહિત્યમાં થાય છે. પરંતુ **मघवा** ઉપરથી મઝદ શી રીતે થયું, તે તેઓએ દર્શાવ્યું નથી. જરથુસ્ત્રના સમયમાં મગવન્ અથવા મઘવા સંપ્રદાયના અનુયાયી મગ બ્રાહ્મણોએ તેઓનો ધર્મ સૌથી પ્રથમ સ્વીકાર્યો હતો, અને તે કારણથી જરથુસ્ત્ર તેઓના ઉપર બહુ પ્રસન્ન થયા હતા, એમ વોહુખ્શથ્રેમ્ નામની છઠ્ઠી ગાથામાં કહેવામાં આવ્યું છે. (યજશ્ને હા ૫૧, પારિચ્છેદ ૧૫). તે ઉપરથી તે મઘવાસંપ્રદાય મઝદ ધર્મથી પ્રાચીન અને ભિન્ન હતો, એમ સ્પષ્ટ અનુમાન થાય છે. તેથી તે સંપ્રદાયને મઝદ ધર્મ સાથે મિશ્ર કરી દેવાનું કંઈ કારણ નથી. ઐતરેય બ્રાહ્મણ(૭–૩૫–૨)માં કહેવામાં આવ્યું છે કે "ઇન્દ્રે ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને હણ્યો, વૃત્રોનો સંહાર કરી નાંખ્યો,

---

૬૦ હાઉગના નિબંધ, પૃ. ૩૦૩

૬૧ RigVedic India by Abinash Chandra Das, p. 161–163.

યતિઓને વરૂઓ પાસે ફડાવી નાંખ્યા, અરુર્મઘોનો ઘાણ કાઢી નાંખ્યો અને બૃહસ્પતિને પરાસ્ત કર્યો, તે કારણોથી કેટલાક સમય સુધી ઇન્દ્રયજન બંધ પડયું હતું. કાલાન્તરે તે પુનઃ પ્રચલિત થયું." આ ત્વષ્ટા, વિશ્વરૂપ, વૃત્રો, યતિઓ, અરુર્મઘો અને બૃહસ્પતિ બ્રાહ્મણો હતા, પરંતુ તેઓએ ઇન્દ્રસંપ્રદાય સામે બંડ ઉઠાવ્યું હતું, તેથી તેઓની સાથે કટ્ટર વિગ્રહ થયો, જે વિગ્રહમાં તે દ્વેષી બ્રાહ્મણોનો નાશ કરી નાંખવામાં આવ્યો. તે બ્રાહ્મણો અને ખાસ કરીને અરુર્મઘો તે ઈરાની મગ બ્રાહ્મણો હતા, એમ તેઓ અનુમાન કરે છે.[૬૨]

ઐતરેય બ્રાહ્મણમા આપેલી તે કથા કદાચ ઇરાની આર્યો અને વૈદિક આર્યોના વિગ્રહના ઇતિહાસમાં ઉપયોગી થઈ શકતી હોય, તો તે સંભવિત છે. પરંતુ અહુરમઝદની વ્યુત્પત્તિ અરુર્મઘમાંથી થવાનો સંભવ નથી. અરુરનું રૂપાન્તર અહુર જેટલે અંશે અશક્ય છે, તેટલે જ અંશે મઘ અથવા મઘવન્ નું રૂપાન્તર મઝદ અશક્ય છે.

એ સઘળાં કારણોને લીધે મઝદની વ્યુત્પત્તિનું અન્વેષણ કંઈ બીજે સ્થળે જ કરવું જોઇએ. તેવી વ્યુત્પત્તિને વૈદિક ભાવનાસામ્ય પણ હોવું જોઇએ.

ઇ. સ. પૂ. ૬૬૮ થી ૬૨૦ ના સમયાન્તરમાં થઈ ગયેલા આસિરિયાના રાજા આસુર બનિપાલનો એક શિલાલેખ મળી આવ્યો છે. તે શિલાલેખમાં તે દેશની પ્રજાના મહાન્ દેવ અસર મઝાસ્નું નામ કોતરાયેલું છે. આ શોધ થયા પછી ઇરાની આર્યોના મઝદ શબ્દ ઉપર વિશેષ પ્રકાશ પડી શકયો છે. અસર મઝાસ્નું મૂલ સંસ્કૃત વૈદિક રૂપ **असुर महस्** થાય છે. તેથી તે **असुर महस्** ઉપરથી જ અહુરમઝદ રૂપાન્તર થયું છે, એમ માનવામાં

૬૨ તેજ, પૃ. ૧૬૩-૧૬૮.

આવે છે.[૬૩] મૂલ આર્યો યૂરપમાંથી એશિયા મૈનરમાં ગયા, ત્યાંથી ઇરાનમાં ગયા અને ત્યાંથી એક સમવાય જૂદા પડી, પંજાબમાં જઇને વસ્યો, એવી જે યુરપીય પંડિતો કલ્પના કરે છે, તેઓ આ લેખથી પોતાના મતને પુષ્ટિ મળે છે, એમ માને છે.

પરંતુ વૈદિક સાહિત્યમાં **महस्** શબ્દનો પ્રયોગ અનેક સ્થલોએ થયો છે. સામાન્ય રીતે તે તે સ્થલોએ તેનો અર્થ 'મહત્, મહાન્, મોટો' એવો જ કરવામાં આવ્યો છે. (યાસ્કકૃત નિરુક્ત ૯–૨૫ તથા ૧૨–૧૧) પરંતુ પ્રિન્સિપાલ રાજવડેએ ઋગ્વેદમાં અસુરની સાથે મહસ્નો પ્રયોગ થયાનું શોધી કાઢ્યું છે. ઋગ્વેદના યમયમી સૂક્ત(મં. ૧૦, સૂ. ૧૦, ઋ. ૨)માં '**महस्पुत्रासो असुरस्य वीराः** એટલે મહસ્ના પુત્રો જે અસુરના વીરો હતા' એવાં વચનો જોવામાં આવે છે. ત્યારે ઋગ્વેદના ત્રીજા મંડલ(૩૫૩—૭)માં **दिवः पुत्रासो असुरस्य वीराः** એટલે દ્યુલોકના પુત્રો, જેઓ અસુરના વીરો હતા, એમ કહેવામાં આવ્યું છે. એ ઉભય ચરણોને સાથે વાંચતાં દ્યુ એટલે દેવલોક અને મહસ્ એટલે મહર્લોક અથવા દેવલોક, એવો જ અર્થ થઈ શકે છે. અસુરના સંબંધમાં મહસ્નો અર્થ 'દિવ્ય તેજ'–એવો જ નિષ્પન્ન થાય છે.[૬૪] તૈત્તિરીય બ્રાહ્મણ(કાંડ ૩ પ્રપાઠક ૧૧, અનુવાક્ ૨)માં અસુરની સાથે મહસ શબ્દ સીધી રીતે વપરાયો છે. તે સ્થલે **त्वमग्ने रुद्रो असुरो महो दिवः** એટલે 'હે અગ્નિ! તું રુદ્ર એટલે ભયંકર છે, તું અસુર એટલે શત્રુહન્તા છે, અને તું દ્યુલોકનું તેજસ્ છે,' એમ કહેવામાં આવ્યું છે. વિશેષમાં તે જ પ્રસંગે અગ્નિને મરુતાદિ દેવગણોનો નિયામક, સંરક્ષક અને ઇશ્વર કહ્યો છે, તેમ જ તેત્રીશ દેવો પણ તે અગ્નિ

૬૩ The Religion of the RigVeda by Griswold, p. 25

૬૪ Proceedings & Transactions of the First Oriental Congress, Poona, Vol. II, A. D. 1922, p. 6.

રૂપ ઈશ્વરનાં જૂદાં જૂદાં રૂપો છે, એમ કહ્યું છે.[૬૫] અર્થાત્ તૈત્તિરીય બ્રાહ્મણના કાળમાં દેવનો દેવ એટલે સર્વનિયામક, સર્વરક્ષક, સર્વેશ્વર, અસુરમહસ્ છે, એવી માન્યતા દૃઢ થતી જતી હતી. તે જ સમયાન્તરમાં સપ્તસિંધુ અથવા પંજાબમાંથી આર્યોનો એક સમવાય આસિરિયામાં જઈને વસ્યો હશે; તે આર્યો આ દેવના દેવની અથવા સર્વેશ્વરની માન્યતા સાથે લેતા ગયા હશે, અને ત્યાં જઈને પોતાની અપભ્રષ્ટ ભાષામાં સર્વેશ્વરને અસર મઝાસ્ નામ આપ્યું હશે, એ કલ્પના વધારે યુક્તિયુક્ત લાગે છે.

આસિરિયાના બનિપાલ રાજાના શિલાલેખમાં અસર મઝાસ્ એ રીતે પરિહાર થઈ શકે છે. પરંતુ મઝાસ્ અથવા મહસ્ ઉપરથી મઝદ શી રીતે થઈ શકે, તેનો ખુલાસો થઈ શકતો નથી. **महस्** ઉપરથી સ્વરવિજ્ઞાનના નિયમ પ્રમાણે મઝહ્ અથવા મઝહ્ થઈ શકે, પરંતુ મઝદ તો ન જ થઈ શકે. મઝદના મૂલ રૂપને માટે વિશેષ સ્પષ્ટીકરણની આવશ્યક્તા છે.

અવસ્તાના શબ્દકોષકારે મઝદની વ્યુત્પત્તિ સંસ્કૃત **मह्** અને **दा** ધાતુઓ ઉપરથી આપી છે, તે જ વાસ્તવિક લાગે છે. વૈદિક સંહિતાઓમાં **मह्** ધાતુ ઉપરથી નિષ્પન્ન થયેલ **महत्** શબ્દ અનેક સ્થલોએ વપરાયો છે. પરંતુ તે તે સ્થલોએ તેનો અર્થ મહાન્, મોટો એવો જ કરવામાં આવ્યો છે. (વૈદિક નિઘંટુ ૩–૧૪ તથા ૩–૧૩) ઉપનિષદ્‌ના કાળના ઋષિઓ જ્યારે વિશ્વરહસ્ય સમજવાને મથતા હતા, પરિષદો ભરી પ્રખર શાસ્ત્રાર્થવાદો કરતા હતા અને કોઈ કોઈ પ્રસંગે તો આધુનિક આર્યસમાજીઓ અને સનાતનધર્મીઓની જેમ વાદમાંથી વિતંડા અને વિતંડામાંથી મારામારી કરવાનું પણ ચૂકતા

---

૬૫ પુનાના આનંદાશ્રમ તરફથી પ્રસિદ્ધ થયેલ तैत्तिरीय ब्राह्मण, ભાગ ૩, ગ્રંથાંક ૩૭, પૃ. ૧૩૬૪–૧૩૬૬.

ન હતા,[૬૬] તે કાળમાં મહત્ શબ્દની ભાવનાનો પૂર્ણ વિકાસ થઈ ગયો. કઠોપનિષદમાં **महत्–तत्वनो** વિકાસ **अव्यक्त** એટલે અદશ્ય (Unmanifest) પ્રકૃતિ(Matter)માંથી થયો, એમ કહી, તેમાં વ્યાપ્ચૈતન્યને મહાન્–આત્મા તથા જ્ઞાનાત્મા કહેલ છે, તેવી રીતે શ્વેતાશ્વતરોપનિષદમાં તેને **महान्–पुरूष** યથા **बुद्धिप्रवर्तक** કહેલ છે. શ્રીમદ્‌ભગવદ્ગીતામાં તે જ **महानात्माने महद्–ब्रह्म** કહેલ છે, અને **महत्**માંથી અખિલ સૃષ્ટિનો વિસ્તાર થયાનું કહેવામાં આવ્યું છે.[૬૭] સાંખ્યદર્શનમાં ઉપનિષદના તે સઘળા વિચારોને

---

૬૬ જૂઓ, યાજ્ઞવલ્ક્ય બ્રાહ્મણસંવાદ, અધ્યાય ૩, બ્રાહ્મણ ૧–૯.

૬૭ इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ॥
मनसश्च पराबुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥ १० ॥
महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः
पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः ॥ ११ ॥
यच्छेद् वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि ॥
ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥ १२ ॥

કઠોપનિષદ્ વલ્લી ૩

અર્થ—પરમ પુરૂષ પરમાત્મામાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહાન્–આત્મા, મહાન્–આત્મામાંથી બુદ્ધિ, બુદ્ધિમાંથી મન, મનમાંથી વિષયો અને વિષયોમાંથી ઈંદ્રિયો વિકસિત થઈ છે. ૧૦

મહત્–તત્વથી અવ્યક્ત (Unmanifest Matter) અને અવ્યક્તથી પરમાત્મા પર છે. પુરૂષની પર કોઈ નથી, તે ઉત્તમોત્તમ છે, તે અંતિમ ગતિ છે. ૧૧

વિવેકી પુરૂષોએ વાણીને મનમાં લીન કરવી, મનને જ્ઞાનાત્મામાં, જ્ઞાનાત્માને મહાનાત્મામાં અને મહાનાત્માને પરમાત્મામાં લીન કરવો. ૧૨.

एष हि द्रष्टा स्प्रष्टा श्रोता घ्राता रसयिता
मन्ता बोद्धा कर्त्ता विज्ञानात्मा पुरुषः ।

પ્રશ્નોપનિષદ્, પ્રશ્ન ૪, મંત્ર ૯

વ્યવસ્થિત રૂપમાં ગોઠવી દીધા છે. અવ્યક્ત એટલે પ્રકૃતિમાંથી મહત્-તત્ત્વનો વિકાસ થયો, અને તેમાંથી અહંકાર, મન, ઈંદ્રિયો, પંચ તન્માત્રાઓ અને પંચ મહાભૂતો, ઇત્યાદિ આખું વિશ્વ ઉત્પન્ન થયું, એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ સ્થલે મહતનો અર્થ પ્રકૃતિનો વિસ્તાર અથવા સમસ્ત (Collective) બુદ્ધિ-એવો કર્યો છે.[૧૮] તે જ મહતનો બુદ્ધિ ઉપરાંત જ્ઞાન, મતિ, આસુરી, પ્રજ્ઞા તથા ખ્યાતિ ઇત્યાદિ પર્યાયો પણ સાંખ્ય શાસ્ત્રના પ્રણેતાઓએ વાપર્યાં છે.[૧૯] અહુનવર મંત્રના મઝદ અથવા મઝદાની

અર્થ—જે જુએ છે, સ્પર્શ કરે છે, સાંભળે છે, સુંઘે છે, સ્વાદ લે છે, મનન કરે છે, નિશ્ચય કરે છે, કર્મ કરે છે, તે જ વિજ્ઞાનાત્મા પુરૂષ છે.

महान्प्रभु र्वै पुरुषः सत्त्वस्यैव प्रवर्त्तकः ॥ १२ ॥
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता ॥
तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥ १९ ॥

શ્વેતાશ્વેતરોપનિષદ્ અ. ૩૦.

અર્થ—તે પુરૂષ એટલે આત્મા મહાન્ ઈશ્વર છે, અને બુદ્ધિનો પ્રવર્ત્તક છે. ૧૨.

તે મહાન્ ઈશ્વર જાણવા યોગ્ય અખિલ વિશ્વને જાણે છે, પરંતુ તે ઈશ્વરને કોઈ જાણી શકતું નથી. તે ઈશ્વરને સૌથી પ્રથમ થયેલ મહાન્ પુરૂષ અથવા મહાનાત્મા કહે છે. ૧૯.

मम योनिर्महद्-ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ॥
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥ ३ ॥

ભગવદ્ગીતા અ. ૧૪

અર્થ—મહદ્-બ્રહ્મ મારૂં ક્ષેત્ર છે, તેમાં હું મારો અંશ અર્પણ કરૂં છું. તેથી હે અર્જુન! અખિલ વિશ્વનો વિકાસ થાય છે.

૧૮ જૂઓ, Sankhya Aphorisms of Kapil, by J. R. Ballantyne, 3rd ed. p. 73.

૧૯ જૂઓ, લોકમાન્ય તિલકકૃત ગીતા રહસ્યનું ગુજરાતી ભાષાન્તર પ્રકરણ ૮, પૃ. ૧૭૧

ભાવના તેમ જ તેનું રૂપ તે જ સમયાન્તરમાં ઘડાયું હોય, એમ જણાય છે. અવસ્તાના શબ્દકોષમાં દા ધાતુનો અર્થ પેદા કરવું એવો કરવામાં આવ્યો છે, તે શ્વેતાશ્વતર ઉપનિષદમાંના પ્રવર્ત્તકને મળતો આવે છે. અર્થાત્ મહત્ એટલે સમસ્ત બુદ્ધિ અથવા સૃષ્ટિનું મૂલતત્ત્વ અને તેનો પેદા કરનાર એટલે પ્રવર્ત્તક મહદ્ અથવા મહદ્દાનું રૂપાન્તર મઝદ અથવા મઝદા થયું છે, તેમાં કંઈ સંશય રહેતો નથી. તેનો અર્થ વિજ્ઞાનાત્મા અથવા મહાનાત્માને અનુસરીને બુદ્ધિમાન્, પ્રજ્ઞ, સર્વેશ્વર અથવા વિશ્વેશ્વર કરવામાં આવ્યો છે, તે વૈદિક ઋષિઓની ભાવનાને અનુસરીને જ કર્યો છે, એમ સ્પષ્ટ અનુમાન થાય છે.

૧૫ ખ્શથ્રેમ્ (સં. **क्षत्रम**)–નામ, દ્વિતીયાનું એકવચન.= રાજ્ય, પાદશાહી, હકુમત, સત્તા, કાબુ વિગેરે. ખ્શિ એટલે રાજ્ય ચલાવવું. સત્તા ભોગવવી વગેરે, ધાતુ ઉપરથી ખ્શથ્ર શબ્દ વ્યુત્પન્ન થયો છે. (કાં. અ. શ. કો. પૃ. ૧૫૦–૧૫૨). અહુનવઇતિ ગાથામાં ખ્શથ્ર શબ્દ સત્તા અથવા બલના અર્થમાં વપરાયો છે. (કાંગા કૃત ગાથાઓનું ગુજરાતી ભાષાન્તર, પૃ. ૨૬ તથા યજશ્ને હા ૩૧ પરિ. ૪)

સંસ્કૃત ભાષામાં **क्षत्र** શબ્દ **क्षि** એટલે નાશ કરવો, રાજ્ય કરવું, રહેવું વગેરે અર્થવાચક ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે. તેનો અર્થ રાજ્ય કરનાર, ક્ષત્રિય, રક્ષણ કરનાર યોદ્ધો તેમ જ સત્તા, બલ, ઉપરીપણું વગેરે થાય છે. (આપ્ટે સં. શ. કો. પૃ. ૪૩૬–૪૩૪). આ સ્થળે તેનો અર્થ બલ તેમ જ સર્વોપરિ સત્તા થઈ શકે છે.

૧૬ ચા (સં. **च**)–અવ્યય. = અને, તથા; તેમ જ અવસ્તાની ભાષામાં ચ વપરાય છે, ત્યારે ગાથામાં તેનું ચા રૂપાન્તર થાય છે (કાં. અ. શ. કો. પૃ. ૧૭૫૦).

૧૭ અહુરાઈ (સં. **असुराय**)–નામ, ચતુર્થીનું એકવચન. મૂલ શબ્દ અહુ (સં. **असु**) અથવા અંહુ (સં. **अंसु** અથવા **अंहु**)

ઉપરથી અહુર શબ્દ નિષ્પન્ન થયો છે. અહૂ શબ્દનું વિવરણ પાછળ પૃ. ૧૯ મે કરેલ છે.

ગાથામાં અહુર શબ્દ એકલો અથવા મઝદની સાથે પણ આવે છે. તે તે સ્થલોએ તેનો અર્થ પ્રજાપતિ, સૃષ્ટિકર્ત્તા, પરમેશ્વર જ થાય છે. (કાં. ચ. શ. કો. પૃ. ૭૨).

સંસ્કૃત ભાષામાં અથવા વસ્તુતઃ વૈદિક સંહિતાઓમાં **અસુર** શબ્દ પ્રાણવાન્, બલવાન્, પ્રાણદાતા અથવા બલદાતાના અર્થમાં વપરાયો છે. ગૃત્સમદ, વામદેવ, વસિષ્ઠાદિ ઋષિઓએ[૬૯] અગ્નિ, રુદ્ર, મરુત્, પર્જન્ય, સૂર્ય, સવિતા, સોમ, દ્યૌ, મિત્રાવરુણ, વરુણ, ઇન્દ્રાદિ મુખ્ય દેવોને અસુર વિશેષણ લગાડયું છે. એટલું જ નહિ પણ ત્ર્યરુણ કક્ષિવાન્, રામાદિ રાજાઓને પણ અસુર કહ્યા છે.[૭૦] ગાથામાં તેમ જ અવસ્તામાં પણ અહુર શબ્દ તેવા જ અર્થમાં વાપરવામાં આવ્યો છે. ઋગ્વેદ સંહિતામાં અસુર શબ્દનો ૧૦૫ વાર પ્રયોગ થયો છે, તે પૈકી ૯૦ વાર સારા અર્થમાં અને માત્ર ૧૫ વાર ખરાબ અર્થમાં થયો છે.[૭૧]

તે ઉપરથી જણાય છે કે ઋગ્ વૈદિક સંહિતાના છેક ઉત્તર કાળમાં અસુર શબ્દનો ખરાબ અર્થ કરવામાં આવ્યો હતો. પૂર્વકાલીન મંડલોમાંથી ૬ઠ્ઠું ભરદ્વાજ ઋષિનું મંડલ, સાતમું વસિષ્ઠનું મંડલ અને આઠમું કાણ્વ ઋષિઓનું મંડલ, એ ત્રણ મંડલોમાં અને સૌથી છેલ્લા દશમા મંડલમાં અસુરોને ધિક્કારવામાં આવ્યા છે. ઋગ્વેદ(૧૦—૧૭૦—૨)માં અસુરોને અમિત્ર (શત્રુ), વૃત્ર, સપત્ન, અને દસ્યુ

---

૬૯ જૂઓ, ઋગ્વેદ ૨–૧–૬ તથા ૪–૧૨–૧, ૧૫–૧, ૪૨–૧૧ તેમ જ ૭–૨, ૩, ૬–૧, ૩૦–૩, અને ૧૦–૧૧–૬.

૭૦ ઋ. ૫–૨૭–૧, ૧–૧૨૬–૨, તથા ૧૦–૯૩–૧૪.

૭૧ અસુર શબ્દના સંપૂર્ણ વિવેચન માટે વાંચો, Proceedings & Transactions of the 1st Oriental Congress, Poona, A. D. 1919, Asura by V. K. Rajvade, Vol. II, 1922.

વર્ગમાં મૂકયા છે. છતાં તેઓને રાક્ષસો કે યાતુધાન કહ્યા નથી. કાણ્વગોત્રજ પ્રગાથ ઋષિએ ઇન્દ્રને યાચના કરી છે કે "હે ઇન્દ્ર! દેવોને નહિ માનનારા, શસ્ત્રહીન અસુરોનો તું કચ્ચરઘાણ કાઢી નાંખ."[૭૨] આ મંત્ર પંજાબ પ્રાંતમાં જ વૈદિક ઋષિએ સંહિતાના ઉત્તરકાલમાં રચ્યો છે. તે મંત્ર ઉપરથી શું સિદ્ધ થાય છે? વૈદિક ઋષિઓ દેવોને માનતા હતા, ત્યારે તેઓની આસપાસ દેવોને નહિ માનનારાઓનો એક બળવાન્ સંપ્રદાય પ્રચલિત થયો હતો. અવસ્તાના સાહિત્ય ઉપરથી સિદ્ધ થાય છે કે ઇરાનમાં જઇને વસેલા આર્યો જ દેવ-ધર્મના વિરોધી હતા. તેઓએ તે વિરોધ પંજાબ પ્રાંતમાં જ શરૂ કર્યો હતો. છઠ્ઠા મંડલના ભારદ્વાજ ઋષિ અને સાતમા મંડલના વસિષ્ઠ ઋષિ તો તેઓ ઉપર ઉતરી જ પડયા છે.[૭૩] તે બન્ને ઋષિઓએ દાશરાજ્ઞ વિગ્રહનાં કવનો કર્યાં છે. વસિષ્ઠોએ તો તેમાં ભાગ લીધો હતો. અર્થાત્ દાશરાજ્ઞ વિગ્રહ પછી જ એ વિદેવ સંપ્રદાયીઓ પંજાબમાંથી નાસી છૂટયા હતા, એમ અનુમાન થાય છે. તે પહેલાંના રાજાઓએ પણ તેઓનો નાશ કરવા ઓછો ઉદ્યમ કર્યો નથી. કાશી રાજા દિવોદાસનો પુત્ર મરુચ્છેદ કહે છે કે "હું યજ્ઞ કરીને પૃથ્વી અને અંતરિક્ષ ઉભયને પવિત્ર કરૂં છું. જે પ્રદેશમાં ઇન્દ્રને નહિ માનનારા નાસ્તિકો ભરાઇ રહ્યા છે, તે પ્રદેશને બાળી નાંખું છું. તેઓનાં ઝુંડનાં ઝુંડને કાપી નાંખું છું અને સર્વને એક સાથે સ્મશાનનો વાસ કરાવું છું."[૭૪] અસુરસંપ્રદાયીઓ અને

---

૭૨ अनायुधासो असुरा अदेवाश्चक्रेण ताँ अपवप ऋजीषिन् ॥
ઋ. ૮-૯૬-૯

ટિપ-અસુરોને શસ્ત્રહીન કહ્યા છે. કદાચ તે સમયમાં પણ આર્ય રાજાઓએ અસુરોને માટે શસ્ત્રબંધીનો કાયદો કર્યો હશે?

૭૩ ઋગ્વેદ ૬-૩૨-૪ તથા મં. ૭ સૂ. ૧૩-૧ તથા ૯૯-૫.

૭૪ उभे पुनामि रोदसी ऋतेन द्रुहो दहामि सं महीरनिन्द्राः ।
अभिव्लग्य यत्र हता अमित्रा वैलस्थानं परितृळ्हा अशेरन् ॥
ઋ. ૧-૧૩૩-૧.

બન્નેસંપ્રદાયીઓ વચ્ચે આટલી પ્રચંડ શત્રુતા થવાનું કારણ બીજું કંઈ જ નહિ, પણ માત્ર ઇન્દ્રયજન જ હતું. લાંબા સમય સુધી તે બન્ને પક્ષો વચ્ચે પંજાબમાં જ અનેક સંગ્રામો થયા હતા. છેવટે અસુરસંપ્રદાયીઓની હાર થઈ અને તેઓ નાસી ગયા, એમ સ્પષ્ટ અનુમાન થઈ શકે, તેવાં અનેક વચનો પ્રાપ્ત થવા છતાં, તે વચનો ઉપર પંડિતોનું પૂરતું લક્ષ ગયું જણાતું નથી. આ અનુમાનને બીજી દિશાઓમાંથી પણ પુષ્ટિ મળે છે.

(૧) ઋગ્વેદસંહિતામાં અક્ષરસંખ્યાનુસાર મુખ્ય સાત છંદોનો ઉપયોગ કરવામાં આવ્યો છે; ૨૪ અક્ષરોનો ગાયત્રી છંદ, ૨૮ નો ઉષ્ણિક્, ૩૨ નો અનુષ્ટુપ્, ૩૬ નો બૃહતી, ૪૦ નો પંક્તિ, ૪૪ નો ત્રિષ્ટુપ્ અને ૪૮ નો જગતી. પરંતુ કૃષ્ણ તેમ જ શુક્લ—એ ઉભય યજુર્વેદોની સંહિતાઓમાં તે પ્રત્યેક છંદના જૂદા જૂદા આઠ વિભાગોની રચના જોવામાં આવે છે.[૭૫] તે વિભાગો પૈકી ઉપર્યુક્ત અક્ષરસંખ્યાનુસાર રચાયેલા છંદો ઋષિઓએ જ રચેલા હોવાથી, તે આર્ષછંદો કહેવાય છે. તે જ પ્રમાણે એક વિભાગ આસુરછંદનો પણ છે. આસુરી ગાયત્રીછંદની અક્ષરસંખ્યા ૧૫, આસુરી ઉષ્ણિક્ની ૧૪, આસુરી અનુષ્ટુપની ૧૩, આસુરી બૃહતીની ૧૨, આસુરી પંક્તિની ૧૧, આસુરી ત્રિષ્ટુપની ૧૦ અને આસુરી જગતીની સંખ્યા ૯ ની છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ આસુરછંદો ક્યાંથી અને ક્યારે આવ્યા? યજુર્વેદના દ્રષ્ટાઓ પણ ઋષિઓ જ હતા; છતાં તેઓ આર્ષછંદોની સાથે આસુરછંદોનો ઉપયોગ કેવી રીતે કરી શક્યા? એ તો નિર્વિવાદિત છે કે અસુર (અહુર) સંપ્રદાય ઇરાની આર્યોએ ચલાવ્યો હતો. જેમ તેઓએ પોતાનો સંપ્રદાય જૂદો ચલાવ્યો, તેની સાથે જ તે સંપ્રદાયના ઉપયોગ અને પ્રચાર માટે જે

[૭૫] તે આઠ વિભાગો નીચે મુજબ છે: ૧ આર્ષ, ૨ દૈવ, ૩ આસુર, ૪ પ્રાજાપત્ય, ૫ યાજુષ, ૬ સામ્ન, ૭ આર્ચ અને ૮ બ્રાહ્મ.

૪

જે ધર્મગ્રંથો તેઓએ રચવા માંડયા, તેમાંની કવિતાઓ નવીન જ અક્ષરમેળના છંદોમાં તેઓએ રચવા માંડી. એ રીતે તેઓએ ઉપજાવેલા છંદો આસુરછંદો કહેવાયા. એ અસુર(અહુર)સંપ્રદાયના આર્યો સાથે ધર્મની જ બાબતમાં કટ્ટર વિગ્રહ થયા પછી, અને તે વિગ્રહને પરિણામે તેઓની સાથે તીવ્ર શત્રુતા થયા પછી વૈદિક આર્યો તેઓની છંદરચનાનો ઉપયોગ કદી પણ કરી શકે નહિ. એમ સ્વીકાર્યા વિના છૂટકો જ નથી કે વૈદિક આર્યો અને અસુર(અહુર)-સંપ્રદાયી આર્યો જ્યારે સાથે સાથે એક દેશમાં રહેતા હતા, ત્યારે જ ઈરાની આર્યોએ તે નવો સંપ્રદાય ઉત્પન્ન કર્યો હશે. આરભમાં તેવા એકેશ્વરવાદના સંપ્રદાયમાં શંકા લાવવાનું કંઈ કારણ ન હતું. પરંતુ જ્યારે ઇન્દ્રાદિ દેવોને માનનારા વૈદિક આર્યો સાથે અસુર(અહુર)-સંપ્રદાયી આર્યોનો વિરોધ જામતો ગયો, ત્યારે તે સંપ્રદાય દ્વેષ અને નિંદાને પાત્ર થઈ પડયો. કૃષ્ણ તેમ જ શુક્લ–ઉભય યજુર્વેદોની સંહિતાઓ સપ્તસિંધુપ્રદેશમાં તથા ગંગાયમુના વચ્ચેના પ્રદેશમાં રચાઈ છે, તેમાં પણ કંઈ શંકા નથી. તે સંહિતાઓના કેટલાક મંત્રો આસુરછંદોમાં જોવામાં આવે છે. તે મંત્રો રચાયા ત્યાંસુધી વૈદિક આર્યો અને ઈરાની આર્યો તે પ્રદેશોમાં સાથે સાથે રહેતા હતા, એવું અનુમાન કર્યા વિના ચાલે તેમ નથી.

(૨) અવસ્તાની ભાષામાં વૈદિક **स्** ને બદલે **ह्** નો પ્રયોગ જોવામાં આવે છે. તેવો અપપ્રયોગ તેઓ સપ્તસિંધુપ્રદેશમાં વૈદિક આર્યોની સાથે રહેતા હશે. ત્યારથી જ કરતા હશે કેમકે અસુરનો અહુર પ્રયોગ સામવેદના મંત્રબ્રાહ્મણમાં પણ જોવામાં આવે છે. સામદેવના મંત્રબ્રાહ્મણ(૧–૬–૨૧)માં '**अहुर, इदं ते परिददामि**'–'હે અહુર ! હું તને આ (હવિષ્) અર્પણ કરું છું, એ વચન પ્રાપ્ત થાય છે.[૭૬] તે સ્થલે અહુર એટલે મુખ્ય દેવ જ થઈ

૭૬ લાહોરના દયાનંદવિદ્યાલયના અધ્યક્ષ હંસરાજસંકલિત વૈદિક કોષ, ભાગ ૧, અંક, ૧. ઈ. સ. ૧૯૨૩, પૃ. ૫૬.

શકે. આજે કાઠિયાવાડ પ્રાંતના ગ્રામ્યજનો 'સ' નો 'હ' ઉચ્ચાર બહુ ભાગે કરે છે.[૭૭] તે ઉપરથી અનુમાન થઈ શકે કે તે કાળમાં પણ સપ્તસિંધુપ્રદેશના ગ્રામ્યજનો 'સ'નો હ ઉચ્ચાર કરતા હશે; અને જ્યાં સુધી તેઓ અને નગરવાસીઓ વચ્ચે ધર્મવિરોધ નહિ થયો હોય, ત્યાં સુધી ગ્રામ્યજનોના પુરોહિતોએ પણ તેવા ઉચ્ચારો કરવા માંડયા હોય, તો તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી. ગ્રામ્યજનોના પુરોહિતોએ તેવા ઉચ્ચારવાળા શબ્દો નગરવાસીઓમાં પ્રચલિત કરી દીધા હશે, અને તેમ થતાં થતાં વૈદિક સાહિત્યમાં પણ તેવા ઉચ્ચારવાળા શબ્દો દાખલ થઈ ગયાનું જણાય છે.

વૈદિક સાહિત્યમાં **अंश्**, **अंस्** અને **अंह्**–એ ત્રણ જૂદા જૂદા ધાતુઓ વપરાયેલા જોવામાં આવે છે. કદાચ મૂળ **अंस्** ઉપરથી ઇતર બે ધાતુઓ ઉત્પન્ન થયા હશે. **अंह्** ધાતુનો અર્થ 'જવું, પોહોંચવું' વગેરે થાય છે. તે ઉપરથી વ્યુત્પન્ન થયેલ **अंहस्** શબ્દનો અર્થ 'પાપ' તથા 'સ્વધર્મત્યાગ' પણ કરવામાં આવ્યો છે. આ ધાતુ ઉપરથી **अंहु** તેમ જ **अंहुर** શબ્દ પણ વ્યુત્પન્ન થયો છે; તેનો અર્થ પાપી તથા 'પીડક' કરવામાં આવ્યો છે.[૭૮] મૂલ ધાતુના

---

૭૭ જેમકે–કંસારનો કહાર, સાથીઆનો હાથીઓ, સસરાનો હહરો, સાળાનો હાળો, સારાનું હારૂં, કરસનનો કરહણ, મારતરનો માહતર, ઇત્યાદિ, ઇત્યાદિ.

૭૮ આપ્ત્યત્રિત ઋષિ કહે છે કે—

सप्तमर्यादाः कवयस्ततक्षुस्तासामेकामिदभ्यंहुरोगात् ।

ઋગ્વેદ ૧૦–૫–૬.

"સાત પ્રકારનાં વ્યસનોનો અથવા મહાપાતકોનો ઋષિઓ ત્યાગ કરે છે. તેમાંથી એકનું પણ સેવન કરનાર (अंहुर) મહા પાપી છે."

યાસ્ક મુનિ अंहुस्, अंहु અને अंहुर ની વ્યુત્પત્તિ हन् (=હણવું) ધાતુ ઉપરથી થઈ છે, એમ કહે છે. જુઓ, નિરુક્ત અ. ૪–૨૫ ખં. તથા ૬–૨૭.

અર્થમાં તેવા અર્થનો ભાસ પણ નથી. છતાં **અંહ્સ**નો અર્થ સ્વધર્મ-ત્યાગ અને અંહુરનો અર્થ પીડક શાથી થયો હશે ? પોતાના જ જ્ઞાતિભાઈઓએ ચાલતા ધર્મ સામે બંડ ઉઠાવી ઘોર સંહારક વિગ્રહ ઉપસ્થિત કર્યો, ત્યારે તે ભાઇઓએ પોતાના ઈશ્વર માટે યોજેલ શબ્દ અહુર અને અંહુરનો વૈદિક આર્યો તેવો વિરોધી અર્થ કરે, એ સ્વાભાવિક જ છે. અર્થાત્ **અંહુર** શબ્દ જેવા અર્થમાં વૈદિક આર્યોએ વાપરવા માંડ્યો, તેવો અર્થ ઈરાની આર્યો જૂદા પડી ગયા પછી જ કરવા માંડ્યો હશે.

પ્રોફેસર તારપોરવાલા **અંહસ્** શબ્દ ઉપરથી અંગ્રોમઇન્યુ વ્યુત્પન્ન થયો છે, એમ કહે છે. પરંતુ **અંહસ્**માંથી કેવી રીતે તેનાં ઉત્તરોત્તર રૂપાન્તરો થયાં, તે જણાવ્યું નથી.

અર્થાત્, અસુર અને અહુરનો ઇતિહાસ તે ઇરાની આર્યો અને વૈદિક આર્યોનો જ ઇતિહાસ છે, એમ સ્પષ્ટ અનુમાન થાય છે.

૧૮ યિમ-(સં. **યત્** અથવા **યઃ**) સર્વનામ, પ્રથમાનું એક-વચન. વ્યાકરણના નિયમ પ્રમાણે યત્નું નપુંસક લિંગનું, પ્રથમાનું એકવચન યિમ્ થાય છે. (કાં. અ. વ્યા. પૃ, ૧૫૦). અહિંયાં યિમ્ શબ્દ અહુરમઝદને માટે પુલ્લિંગમાં વપરાયો છે. વૈદિક સંહિતાની જેમ ગાથામાં પણ એવી રીતે લિંગ, વિભક્તિ, વચન, કાળ, પુરૂષ, ઇત્યાદિનો વ્યત્યય સ્થલે સ્થલે જોવામાં આવે છે.

૧૯ **દ્રેગુબ્યો અથવા દ્રિગુબ્યો**-નામ, ચતુર્થીનું અનેકવચન=૧ ગરીબ, દુઃખી; ૨ પાપી, વિપથગામી, ધર્મનિંદક, નાસ્તિક. અવસ્તાના શબ્દકોષમાં દ્રિઘ્ધાતુ ઉપરથી દ્રિગુ તથા દ્રિગુ શબ્દો આપ્યા છે. ત્યાં તે શબ્દોનો અર્થ ' ભીખારી ' કર્યો છે. (કાં. અ. શ. કો. પૃ. ૨૭૩).

તેમ જ દ્રઓઝ (સં. **દ્રોઘ**) તથા દ્રુજ (સં. **द्रुह्**) શબ્દો પણ આપ્યા છે. ત્યાં તે શબ્દોના અર્થ ' જૂઠાણું, જૂઠું બોલનાર '

વગેરે અર્થો છે. (તેજ, પૃ. ૨૭૭–૨૭૬). સંસ્કૃત ભાષામાં અથવા વૈદિક સાહિત્યમાં દ્રિગુને મળતો કોઈ પણ શબ્દ નથી. તેથી તે શબ્દ સેમેટિક ભાષામાંથી આવ્યો હોય, એમ અનુમાન થઈ શકે છે.

પ્રોફેસર તારાપોરવાલા દ્રિગુ શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત **द्रि** (=દુઃખ આપવું) ધાતુ ઉપરથી થઈ છે, એમ કહે છે. પરંતુ સંસ્કૃત ભાષામાં **द्रि** નામનો કોઈ ધાતુ નથી. **दृ** અને **दॄ** નામના બે ધાતુઓ છે. તે ધાતુઓનાં વર્તમાનકાળનાં ત્રીજા પુરૂષનાં એકવચનનાં રૂપો નીચે પ્રમાણે થાય છે:

दॄ—આત્મ. , ૪ ગણ—**दीर्यते** } =ફાડવું તોડવું, ડરવું;
दॄ—પરસ્મૈ. , ૯ ગણ—**दृणाति** }
दृ—આત્મ. , ૬ ગણ—**द्रियते**=ઇચ્છવું, માગવું,
दृ—પરસ્મૈ. , ૫ ગણ—**दृणोति**=પીડવું, મારી નાંખવું.
(આપ્ટે. , સં. શ. કો. પૃ. ૫૭૬–૫૭૪).

આ ઉપરથી સ્પષ્ટ થશે કે—**दॄ** તેમ જ **दृ** ધાતુ ઉપરથી દ્રિગુ શબ્દની વ્યુત્પત્તિ હોવાનો સંભવ નથી. दृ ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયેલ નામનું રૂપ તો **दर** જ થઈ શકે છેઃ જેમકે **आदर, पुरंदर,** વગેરે. પરંતુ તે ઉપરથી દ્રિગુ શબ્દ વ્યુત્પન્ન થઈ શકતો નથી. છતાં કદાચ આ **दॄ** ધાતુ ઉપરથી દ્રિગુ શબ્દ વ્યુત્પન્ન થયો હોય તો તે ધાતુના અર્થાનુસાર એક અર્થ 'ભીખારી, દરિદ્ર' અને બીજો અર્થ 'પીડક, હિંસક અથવા ધર્મભ્રષ્ટ' પણ થઈ શકે.' દ્રેગુ એ દ્રિગુનું રૂપાન્તર છે.

તે જ કારણથી દ્રિગુના બે જૂદા જૂદા અર્થો ઉપરથી તે અર્થો દર્શાવનાર સંસ્કૃત ભાષાના શબ્દો **दरिद्र** અને **दोग्धृ** અથવા **द्रुह्** શબ્દો સૂચવવામાં આવ્યા છે. દ્રિગુ શબ્દ સાથે તે શબ્દોને અર્થસગાઈ છે, પણ વર્ણસગાઈ બિલકૂલ નથી.

તે જ પ્રમાણે પ્રોફેસર તારાપોરવાલા કહે છે કે યજ્શ્નેમાં

વપરાયેલ દ્રેગુ અથવા દ્રુજ શબ્દ સાથે દ્રિગુનો કંઈ પણ સંબંધ નથી. તે જ કારણથી દ્રિગુ શબ્દનો દ્રેગુ અથવા દ્રુજ શબ્દ સાથે મળતો અર્થ દર્શાવવાને માટે પ્રસ્તુત મંત્રના છેલ્લા ચરણનું ભાષાન્તર પાદટિપ્પણમાં આપ્યું છે.

૨૦ દદત્–(સં. **अददात**); અવસ્તા વ્યાકરણ પ્રમાણે દા ધાતુના અપૂર્ણભૂતકાલના ત્રીજા પુરૂષનું એકવચન દદત્ થાય છે. (કાં. અ. વ્યાકરણ. પૃ. ૧૯૮)=આપવું, આપતો હતો, આપે છે. દદત્ પદ અપૂર્ણભૂતકાળનું છતાં અહીંયાં વર્ત્તમાન કાળના અર્થમાં વપરાયેલ છે.

પ્રોફેસર તારાપોરવાલાના જણાવવા પ્રમાણે 'આ' અને 'દદત્' બે જૂદાં જૂદાં પદો છે. આ પદ યિમ્‌ની સાથે સંબંધ રાખે છે. પરંતુ આ સ્થળે યિમ્‌નો પ્રથમ પુરૂષમાં ઉપયોગ કર્યો છે, તેથી આ, જે શબ્દયોગી અવ્યય છે, તેનો તેની સાથે સંબંધ રાખવામાં આવ્યો નથી. આનો સંબંધ વાસ્તારેમ્ (=**वक्षम्**) પદ સાથે રાખવામાં આવ્યો છે.

પ્રોફેસર તારાપોરવાલા કહે છે કે 'દદત્' અપૂર્ણભૂતકાલ-(Imperfeet)નું રૂપ નથી, પરંતુ અદ્યતન(Aorist) ભૂતકાલનું રૂપ છે. પરંતુ સંસ્કૃત **दा** ધાતુનું અદ્યતન ભૂતકાલના ત્રીજા પુરુષનું એક વચન **अदात्** થાય છે, અપૂર્ણભૂતકાલના ત્રીજા પુરુષનું એકવચન **अददात्** થાય છે. તે જ પ્રમાણે અવસ્તાની ભાષામાં પણ દા ધાતુનું અદ્યતન ભૂત(Aorist)કાલના ત્રીજા પુરુષનું એકવચન દાત્ અને અપૂર્ણભૂત(Imperfeet)કાલના ત્રીજા પુરુષનું એકવચન દદાત્ થાય છે (કાં. અ. વ્યા. પૃ. ૨૪૧–૧૯૮). ગાથામાં દદત્ દાત્‌નું રૂપાન્તર છે, એમ માનવા કરતાં, તે દદાત્‌નું રૂપાન્તર છે, એમ માનવું, તે યુક્તતર લાગે છે.

૨૧ આ+વાસ્તારેમ્–(સં. **आवक्षम**) **आ**-ઉપસર્ગ, ઇત્યાદિના અર્થમાં. **आवक्षम्**=વસ્ત્રાદિ સર્વ પ્રકારનું રક્ષણ. અવસ્તાનું રૂપ

વાસ્તર, ગાથાનું રૂપ વાસ્તાર=રક્ષણ, રક્ષણ કરનાર (નામ, દ્વિતીયાનું એકવચન).

વંહ્ (સં. **वस्**) એટલે ઢાંકવું, રક્ષણ કરવું, ચળકવું, કપડાં પહેરવાં, વસવું–એ ધાતુ ઉપરથી વાસ્તર્ શબ્દ નિષ્પન્ન થયો છે. (કાં. અ. શ. કો. ૪૮૭, ૪૫૫–૬) ગાથાઓમાં વાસ્તર્ શબ્દનો પ્રયોગ અનેક સ્થલે થયેલો જોવામાં આવે છે; માત્ર એક જ સ્થલે વાસ્તર્નું પ્રથમાનું એકવચન વાસ્તા રૂપ વપરાયું છે: ત્યાં તેનો અર્થ 'રક્ષણ કરનાર' કરવામાં આવ્યો છે.[૭૯] સંસ્કૃતમાં **वस्** ધાતુ ઉપરથી **वस्त्र** શબ્દ વ્યુત્પન્ન થયો છે. વસ્ત્રનો અર્થ ઢાંકનાર, રક્ષણ કરનાર થઈ શકે છે, તે ઉપરથી શરીર ઢાંકનાર અને શરીરનું રક્ષણ કરનાર વસ્ત્ર એટલે કપડાં એવો રૂઢ અર્થ થઈ ગયો છે. અહીંયાં **आवस्त्रम्**નો મૂલ અર્થ એટલે યૌગિક અર્થ રક્ષણ કરનાર કર્યો છે. તેનો લાક્ષણિક અર્થ ભરણપોષણ એટલે યોગક્ષેમ પણ થઈ શકે છે.

૬ વાક્યાર્થ

(અન્વય સહિત)

અન્વય

૧ ૩ ૨ ૬ ૭ ૮
યથા વઇર્યો અહૂ આષાત્–ચીત્ હચા ।
यथा वर्यः असुः अषात्–चित् सचा ।
૪ ૫ ૬ ૭ ૮
અથા રતુશ્ અષાત્–ચીત્ હચા ।
तथा ऋतुः अषात्–चित् सचा ॥ १ ॥

---

૭૯ નો ઈત્ મોઈ વાસ્તા ક્ષ્મત્ અન્યો.

न इत् मे वस्त्रम् युष्मत् अन्यः

યજશ્ને, હા, ૨૯–૧

અર્થ—હે પ્રભુ ! તારા સિવાય મારો બીજો કોઈ રક્ષણહાર નથી.

૯ ૧૧ ૧૫ ૧૦

(યિમ્ અષેમ્) વહ્નેહુશ્ મનઙ્હો ખ્શથ્રેમ્ (અહુવે) દઝ્દા ।

(सत् अषम्) वंहोः मनसः क्षत्रम् (असवे) दत्ते ।

૧૩ ૧૨ ૧૫ ૧૦

(રતવે) અહુરેશ્ શ્યઓથનનામ ખ્શથ્રેમ્ દઝ્દાં ।

(ऋतवे) असोः च्यौत्नानाम् क्षत्रम् दत्ते ।

૧૭ ૧૪ ૧૬

(તત્ અષેમ) અહુરાઈ મઝ્દાઇ (ઉભયાઓ) ચા

ખ્શથ્રેમ્ દઝ્દા ॥ ૨ ॥

(तत् अषम्) असुराय महद्वाय (उभयोः) च क्षत्रम् दत्ते ॥

૧૮ ૧૯ ૨૧ ૨૧ ૨૦

યિમ (અહુરો મઝ્દો) દ્રેગુબ્યો આ વાસ્તારેમ્ દદત્ ॥૩॥

यः (असुरः महद्वः) दरिद्रेभ्यः आवसम् अददात् *

વાક્યાર્થ

(૧)

જેમ જે સત્યરૂપ પરમાત્મામાંથી મહાપ્રાણ (હિરણ્યગર્ભ, સૂત્રાત્મા અથવા પ્રજાપતિ) પ્રકટ થઇને તેના સંકલ્પને અનુસરે છે, તેમ તે સત્યરૂપ પરમાત્મામાંથી વિશ્વનિયમ ચલાવનાર (વિરાટ્-પુરુષ, જગન્નિયંતા) પણ પ્રકટ થઇને તેના સંકલ્પને અનુસરે છે.

અથવા સત્યરૂપ પરમાત્મામાંથી જેમ મહાપ્રાણ, તેમ વિશ્વનિયામક પણ તેમાંથી જ પ્રકટ થઈ એકત્ર થાય છે.

---

* અથવા—

યિમ્ (અહુરો મઝ્દો) દ્રેગુબ્યો આવાસ્તારેમ્ દદત્ ॥ ૩ ॥

यः (असुरः महद्वः) दोग्ध्रुभ्यः-ध्रुग्भ्यः आवसम् अददात् ॥

(૨)

જે સત્યરૂપ પરમાત્મા તે મહાપ્રાણને જ્યોતિર્મય મનનું એટલે સૂક્ષ્મ જગતનું આધિપત્ય આપે છે; (અર્થાત્ હિરણ્યગર્ભ સૂક્ષ્મ જગતનો નિયામક છે); તેમ જ વિશ્વનિયામકને સ્થૂલ જગતની પ્રવૃત્તિઓનું એટલે સ્થૂલ જગતનું અધિપત્ય આપે છે, (અર્થાત્ વિશ્વનિયમ ચલાવનાર વિરાટ્-પુરુષ સ્થૂલ જગતનો નિયામક છે.)

(૩)

તે સત્યરૂપ પરમાત્મા પ્રકૃતિના મહત્તત્વને વિકસાવનાર અહુરમઝદ એટલે મહાનાત્મા અથવા વિજ્ઞાનાત્મા સર્વજ્ઞ પરમેશ્વરને તે બન્નેનું, એટલે સૂક્ષ્મ તેમ જ સ્થૂલ જગતનું આધિપત્ય આપે છે; (અર્થાત્ અહુરમઝદમાં અહુવઇર્યો અને રતુ-ઉભયનો સમાવેશ થઈ જાય છે.)[૮૦]

જે અહુરમઝદ મનુષ્યાદિ પામર જીવોનું અન્નવસ્ત્રાદિથી ભરણ-પોષણ કરે છે, અથવા તેઓનાં યોગક્ષેમ ચલાવે છે.[૮૧]

---

૮૦ જુઓ, યજશ્ને, હા, ૧૯, પરિ૦ ૧૨; અહુરમઝદને તે સ્થલે અહુ તેમ જ રતુ કહ્યો છે. (કાંગાકૃત ગુજરાતી ભાષાન્તર, પૃ. ૯૧).

૮૧ સરખાવો—

अनन्याश्चिन्तयन्तो मां ये जना पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यम् ॥ २२ ॥

ભગવદ્ગીતા, અ. ૯.

અર્થ—જે પુરૂષો અનન્ય ભક્તિભાવથી મને (પરમેશ્વરને) જ ભજે અને પૂજે છે, ભક્તિમાં સતત મંડી રહેતા તેવા ભક્તોનો યોગક્ષેમ (ભરણ-પોષણ) હું (પરમેશ્વર) ચલાવું છું.

[અથવા છેલ્લા ચરણનો અર્થ નીચે પ્રમાણે થઈ શકે:]

" જે અહુરમઝદ ધર્મભ્રષ્ટ પાપીઓને શરણ આપી, તેઓનું રક્ષણ કરે છે, અથવા તેઓનો ઉદ્ધાર કરે છે. "

તેવા ભાવને માટે સરખાવો—

૭ વિવેચન

(ઋગ્વૈદિક હિરણ્યગર્ભસૂક્ત સાથે સરખામણી)

પાછળનાં પૃષ્ઠોમાં પ્રસ્તુત મંત્રાન્તર્ગત પ્રત્યેક પદનું યથાશક્તિ વિવેચન તથા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે, તેથી તેની પુનરુક્તિ કરવાની આવશ્યક્તા રહેતી નથી. તો પણ આ પ્રસંગે એટલું તો સ્પષ્ટ કરવાની જરૂર જણાય છે કે આ મંત્રમાં અહુ (**असु**), રતુ (**ऋत**), અપ (**अप**) અને અહુરમઝ્દ (**असुरमहत्**), એ ચાર તત્ત્વો અથવા સત્ત્વોને એક સાથે (હચા=**सचा**) એવી રીતે ગોઠવવામાં આવેલ છે કે તેઓનો પરસ્પર સંબંધ પ્રતીત થયા વિના રહેતો નથી. એટલું જ નહિ, પણ તે ચારે તત્ત્વો અથવા સત્ત્વોને જગત્ અથવા જગતનાં પ્રાણીઓ સાથે શો સંબંધ છે, તે પણ પ્રકારાન્તરે સૂચવવામાં આવ્યું છે.

અર્થાત્ દૈવી સત્ત્વો, જગત્ અને જગતનાં પ્રાણીઓનું મૂલ તત્ત્વ શું છે, તે તત્ત્વમાંથી ઉત્તરોત્તર વિકાસ શી રીતે થયો, તેનું તાદશ વર્ણન એકવીશ શબ્દોના એક નાના મંત્રમાં સમાવી દીધું છે. ઋગ્વેદના પ્રથમ તથા દશમ મંડલોમાં, એટલે ઉત્તર વૈદિક કાળમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા જોસભેર ચાલતી હતી, એમ પ્રથમ કહેવામાં આવ્યું છે. તત્ત્વજ્ઞાનનો વિષય જ બુદ્ધિથી પર છે. તેથી જૂદા જૂદા બુદ્ધિમાનોએ પૂર્વકાળમાં તે વિષયમાં અનેક કલ્પનાઓ કરી છે અને વર્ત્તમાનકાળમાં કર્યે જાય છે; તેનો અંત આવવાનો બિલકુલ સંભવ નથી. પરંતુ જેનું અંતઃકરણ કેવલ નિર્મલ અને સત્યમય થઈ ગયું

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ६६ ॥

ભગવદ્‌ગીતા, અ. ૧૮

અર્થ—ધર્મના સર્વ મતમતાન્તરોનો ત્યાગ કરીને માત્ર મારે (=પરમેશ્વરને) એકને જ શરણે આવ! તારાં સઘળાં પાપોથી હું તારો ઉદ્ધાર કરીશ, કંઈ ચિન્તા કરીશ નહિ!

હોય, તે જ કહેવાને હિમ્મત ધરે કે 'હું તો શું પણ સૃષ્ટિની પૂર્વે ઉત્પન્ન થયેલ ઈશ્વર પણ મૂલ તત્ત્વ અને તે મૂલ તત્ત્વ સાથે જગતના સંબંધ વિષે કેવલ અજ્ઞાન છે.[૮૨] છતાં તેવી પ્રત્યેક કલ્પનાની આસપાસ વાડો બંધાઈ જાય છે, અને તેમાંથી કદિ પણ અંત ન આવે, તેવા ઝઘડા શરૂ થાય છે. ઈરાની આર્યો અને હિન્દી આર્યોના પૂર્વજો આવા ઝઘડાઓ-ના આરંભકાળમાં એક સાથે જ વસતા હતા, એમ આ મંત્રના, તેમ જ ગાથાઓના કેટલાક વિચારોનું સામ્ય હોવાથી, અનુમાન થયા વિના રહેતું નથી. અલબત્ત, આ મંત્રના અષ અને અસુરની ભાવનાઓમાં તે તે વૈદિક શબ્દાન્તર્ગત ભાવનાઓ કરતાં જે ઉન્નતિ થયેલી જોવામાં આવે છે, તે ઉપરથી એ તો સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ઈરાની આર્યો વૈદિક આર્યોથી જૂદા પડયા પછી જ બેક્ટ્રીયામાં અથવા ઈરાનમાં આ મંત્રની રચના થઈ હશે. વૈદિક સાહિત્યમાં અષનો અર્થ સત્ય અથવા સત્યરૂપ પરમાત્મા—એવો કદિ કરવામાં આવ્યો નથી; તેમ જ અસુરનો દેવોના દેવ, ઈશ્વરના અર્થમાં પણ પ્રયોગ કરેલો નથી. અલબત્ત, મઝદ(**महद्**)ની જે ભાવના આ મંત્રમાં, ગાથાઓમાં અને અવસ્તાના બીજા ભાગમાં થયેલી જોવામાં આવે છે, તેવી ભાવના ઉપનિષકાળમાં **महानात्मा** તથા **विज्ञानात्मा**માં જોવામાં આવે છે. તેથી એટલું તો અનુમાન થઈ શકે કે ઉપનિષદના કાળ સુધી ઈરાની આર્યો અને અને વૈદિક આર્યો સતત પરસ્પર સંબંધમાં આવતા હશે, એટલું જ નહિ પણ તેઓ વચ્ચે કદાચ તત્ત્વજ્ઞાનની ચર્ચા પણ થતી હશે.

---

૮૨ **इयं विसृष्टिर्यत आ बभूव, यदि वा दधे यदि वा न ॥**
यो अस्याध्यक्षः परमे व्योमन्, सो अंग वेद यदि वा न वेद ॥७॥
ઋગ્વેદ, નાસદીયસૂક્ત ૧૨૯, મંડલ ૧૦

અર્થ—' આ સૃષ્ટિનો વિકાસ ક્યાંથી થયો, અથવા વસ્તુતઃ વિકાસ થયો છે કે નથી જ થયો, તે વિષે પરમ આકાશમાં રહેનાર આ સૃષ્ટિના અધ્યક્ષ [પરમેશ્વર અપાર] હિરણ્યગર્ભ પણ જાણતા હશે, અથવા નહિ જાણતા હોય.

ગાયત્રીમંત્ર સાથે પ્રસ્તુત મંત્રની સમાનતા દર્શાવવાનો પાછળ પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરંતુ સૃષ્ટિના વિકાસનો ક્રમ આ મંત્રમાં જેવો સ્પષ્ટપણે અથવા ગર્ભિત રીતે સૂચવવામાં આવ્યો છે, તેવો ક્રમ ગાયત્રીમંત્રમાં બિલકુલ સૂચવવામાં આવ્યો નથી. ઋગ્વેદસંહિતાના દશમા મંડલમાં તેવાં ત્રણ સૂકતો છે. ૯૦ મું પુરુષસૂક્ત, ૧૨૧ મું હિરણ્યગર્ભસૂક્ત અને ૧૨૯ મું નાસદીય સૂક્ત. એ ત્રણ સૂક્તોમા, મૂલ તત્ત્વમાંથી દિવ્ય સૃષ્ટિ તેમ જ જડ સૃષ્ટિ શી રીતે ઉત્પન્ન થઈ, તેઓ વચ્ચે પરસ્પર શો સંબંધ છે, ઇત્યાદિ વિષયની બહુ ગંભીર ચર્ચા કરી છે. પુરુષસૂક્તમાં, એક પરમ પુરુષ(પરમાત્મા)માંથી એકપાત્પુરુષ એટલે હિરણ્યગર્ભ અને તેમાંથી વિરાટ્ એટલે સ્થૂલ જગતનો નિયામક વિરાટ્પુરુષ થયો, એમ કહીને તે વિરાટ્-પુરૂષમાંથી સકલ સૃષ્ટિ વિકસિત થઈ, એમ કહેવામાં આવ્યું છે. હિરણ્યગર્ભ સૂક્તમાં, હિરણ્યગર્ભ એટલે બ્રહ્માંડના આત્મારૂપ પ્રજાપતિમાંથી સૂક્ષ્મ સૃષ્ટિ અને તેમાંથી સ્થૂલ સૃષ્ટિ થઈ, એમ કહ્યું છે. નાસદીય સૂક્તમાં તો, એક અવ્યક્ત (Unmanifest) પરમાત્મામાંથી પ્રાણુરૂપ સ્ફુરણા થઈ, તેમાં રહેલા મનમાંથી કામ એટલે સૃષ્ટિ સર્જવાની ઇચ્છારૂપ સૃષ્ટિનું બીજ ઉત્પન્ન થયું, અને તે બીજમાંથી સકલ સૂક્ષ્મ સ્થૂલ સૃષ્ટિ થઈ, એમ વર્ણવવામાં આવ્યું છે. અહુનવર મંત્રના રચનાર, ઈરાની આર્ય ઋષિ આ સઘળા વાદવિવાદથી જાણીતા હશે, એમ આ મંત્રમાં તે વાદવિવાદનો સાર સમાયેલો હોવાથી, પ્રતીત થાય છે.

હિરણ્યગર્ભસૂકતના હિરણ્યગર્ભને યદ્યપિ વિશ્વેશ્વર જેવો વર્ણવવામાં આવ્યો છે, છતાં પ્રાણી માત્રનો અસુ એટલે પ્રાણ પણ તેને જ કહ્યો છે.[૮૩] અથર્વવેદમાં પ્રજાપતિને તેમ જ સ્કંભને પણ

---

૮૩ हिरण्यगर्भः समवर्त्तताग्रे, भूतस्य जातः पतिरेक आसीत् ॥ १ ॥

... ततो देवानां समवर्त्ततासुः ॥ ७ ॥

અર્થ—સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે હિરણ્યગર્ભ હતો. તે સકલ સૃષ્ટિનો અધિપતિ એટલે ઈશ્વર થયો.

ત્યાર પછી તેમાંથી દેવોનો, એટલે દિવ્ય સૃષ્ટિનો પ્રાણ વિકાસ પામ્યો. ૭.

પ્રાણ કહ્યો છે.[૮૪] પરંતુ તે હિરણ્યગર્ભની ઉત્પત્તિ શી રીતે અને શેમાંથી થઈ, તે વિષે હિરણ્યગર્ભસૂક્તમાં કંઈ પણ સૂચના કરવામાં આવી નથી. નાસદીય સૂક્તમાં કહ્યું છે કે 'મૂલ અવ્યક્ત (Unmanifest) તત્ત્વમાંથી પ્રાણની સ્ફુરણા થઈ,' અર્થાત્ અવ્યક્ત પરમાત્મામાંથી પ્રાણ વ્યક્ત થયો.[૮૫] શ્વેતાશ્વતરોપનિષદમાં તો રુદ્ર રૂપ વિશ્વેશ્વરમાંથી હિરણ્યગર્ભની ઉત્પત્તિ થઈ, એમ સ્પષ્ટ કહેવામાં આવ્યું છે,[૮૬] પ્રસ્તુત અહુનવર મંત્રમાં પણ તે સર્વ ચર્ચાનો સિદ્ધાન્ત સમાવી દીધો છે. તેમાં તો સ્પષ્ટ કહ્યું છે કે—'અષાત-ચીત્ અહૂવહર્યો'—અર્થાત્ સત્યરૂપ પરમાત્મામાંથી મહા પ્રાણ એટલે હિરણ્યગર્ભ પ્રકટ થયો.

વૈદિક સાહિત્યમાં, વિશેષતઃ ઋગ્વેદસંહિતામાં ઋતનો પ્રયોગ સત્ય અથવા વિશ્વનિયમના અર્થમાં કરવામાં આવ્યો છે. પ્રસ્તુત મંત્રના રતુની જેમ તેનામાં વ્યક્તિત્વની ભાવના કરવામાં આવી નથી. તેટલે અંશે વૈદિક ઋતથી આવસ્તિક રતુ જૂદો પડે છે. પરંતુ ભાવવાચક ઋતનો વ્યક્તિવાચક ઋતુમાં વિકાસ કરવામાં આવે તો તે ઋતુનો અર્થ વિશ્વનિયામક જ થઈ શકે. પુરુષસૂક્તમાં સ્થૂલ

---

૮૪ અથર્વવેદ કાણ્ડ ૧૧–૪–૨ તથા ૧૦–૧૧–૪.

૮૫ नासदासीन्नो सदासीत्तदानीं, नासीद्रजो नो व्योमा परो यत् ॥१॥
आनीदवातं स्वधया तदेकं, तस्माद्धान्यन्न परः किंचनास ॥ २ ॥

અર્થ—સૃષ્ટિની પૂર્વે સત્ પણ ન હતું, અસત્ પણ ન હતું, ક્રિયા પણ ન હતી, દિશા પણ ન હતી. ૧

તેમાંથી પોતાની શક્તિ વડે વાયુરહિત સ્ફુરણા થઈ. તે સિવાય તે કાળે બીજું કંઈજ ન હતું. ૨

૮૬ यो देवानां प्रभवश्चोद्भवश्च, विश्वाधिपो रुद्रो महर्षिः ।
हिरण्यगर्भं जनयामास पूर्वं, स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥

અર્થ—જે વિશ્વેશ્વર, મહર્ષિ, રુદ્ર દેવોનો ઉત્પાદક અને ઉદ્ભાવક છે, તેણે પૂર્વે હિરણ્યગર્ભને પ્રકટ કર્યો. તે વિશ્વેશ્વર અમને સદ્બુદ્ધિ આપો !

વિશ્વને વિરાટ્ નામ આપ્યું છે; તે વિરાટ્‌ના અધિપતિ અથવા નિયામકને વિરાટ્પુરુષ કહ્યો છે; તેમ જ તે વિરાટ્પુરુષનો ઉદ્ભવ અથવા વિકાસ પરમ પુરુષ(પરમાત્મા)માંથી થયો છે, એમ પણ કહેવામાં આવ્યું છે.[૮૭] અર્થાત્ પ્રસ્તુત મંત્રનો રતુ પણ સત્ય રૂપ પરમાત્મામાંથી પ્રકટ થયેલ છે; તેથી તેમાં તાદૃશ પુરુષસૂક્તના વિરાટ્પુરુષનો ભાવ પ્રતીત થાય છે.

પ્રસ્તુત મંત્રમાં વિશેષતઃ કહેવામાં આવ્યું છે કે અહૂવઇર્ય સાધુ મનનો એટલે સૂક્ષ્મ જગતનો અધિપતિ અથવા નિયામક છે; તે જ પ્રમાણે રતુ સ્થૂલ જગતનો અધિપતિ અથવા નિયામક છે.[૮૮]

---

૮૭ तस्माद्विराळजायत, विराजोऽधिपूरुषः ॥

स जातोऽतिरिच्यत पश्चाद् भूमिमथो पुरः ॥ १७ ॥

અર્થ—તે પરમ પુરુષ પરમાત્માથી વિરાટ્-રૂપ સ્થૂલ બ્રહ્માંડ પ્રકટ થયું: વિરાટ્ પુરુષ તેનો અધિપતિ અથવા નિયામક થયો. તે વિરાટ્-પુરુષ આખા બ્રહ્માંડમાં વ્યાપી ગયો. ત્યાર પછી તેણે સ્થૂલ સૃષ્ટિ તેમ જ સકલ ચરાચર પદાર્થો ઉત્પન્ન કર્યા.

૮૮ અહુનવઇતિ ગાથામાં જેમ અચિશ્તમન (=અકોમન) એટલે દુષ્ટ મન તેમ જ વોહુ (=વહુ મન) (સાધુ મન) એક જ મનના બે જૂદા જૂદા વિભાગો પાડયા છે (યજશ્ને, હા ૩૦, પરિ૦ ૪ થી ૮), તે મુજબ અમૃતબિંદૂપનિષદમાં પણ મનના બે પ્રકાર કહ્યા છે:—

मनो हि द्विविधं प्रोक्तं, शुद्धं चाशुद्धमेव च ॥

अशुद्धं कामसंकल्पं शुद्धं कामविवर्जितम् ॥

અર્થ—મન બે પ્રકારનું છે, એમ કહેવામાં આવ્યું છે ૧ શુદ્ધ અને ૨ અશુદ્ધ. ઇચ્છાતૃષ્ણાદિથી ભરપૂર અનેક સંકલ્પોથી જટિલ થયેલું મન અશુદ્ધ કહેવાય છે, અને જ્યારે તેવી ઇચ્છાઓ અને સંકલ્પો મનમાં પ્રવેશ કરી શકતા નથી, ત્યારે તે શુદ્ધ કહેવાય છે.

અથર્વવેદીય અમૃતોપનિષદ્, મંત્ર ૧૦.

ટિપ—જરથુસ્રસ્થાપિત સિદ્ધાંત અને ઉપર્યુક્ત ઉપનિષદના સિદ્ધાન્તમાં ઘણો મહત્ત્વનો તફાવત છે. ઉપનિષદ્ એક જ મનની બે સ્થિતિઓ સૂચવે છે, ત્યારે ગાથા બે જૂદાં જૂદાં મનો બે જૂદા જૂદા દેવદાનવની સૃષ્ટિ છે, એમ કહે છે.

હિરણ્યગર્ભસૂક્તમાં પણ કહેવામાં આવ્યું છે કે 'અખિલ વિશ્વવ્યાપક પ્રકૃતિ(Matter)માં જ્યારે પ્રાણરૂપ બીજનો આવિર્ભાવ થયો, ત્યારે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી, એ પાંચે તત્ત્વો અથવા પાંચ તત્ત્વોનું બનેલું સૂક્ષ્મ જગત્ ઉત્પન્ન થયું, તે સૂક્ષ્મ જગતના દેવો તેની આજ્ઞામાં રહેવા લાગ્યા. અર્થાત્ સકલ સૂક્ષ્મ જગતનો તે અસુરૂપ હિરણ્યગર્ભ અધિપતિ અથવા નિયામક થયો. [૮૯]

રતુને જેમ સ્થૂલ જગતની પ્રવૃત્તિનો નિયામક કહેવામાં આવ્યો છે, તેમ ઉપર કહી ગયા, તે પ્રમાણે વિરાટ્પુરુષને વિરાટ્ એટલે સ્થૂલ જગતનો નિયામક કહેવામાં આવ્યો છે.

પ્રસ્તુત મંત્રમાં અહુરમઝદને સ્થૂલસૂક્ષ્મ જગતનો ખ્શથ્ર એટલે રાજા કહ્યો છે, હિરણ્યગર્ભસૂક્તમાં પણ હિરણ્યગર્ભને સકલ જગતનો રાજા કહ્યો છે.[૯૦]

તેમ જ અહુરમઝદને પામર મનુષ્યોને અન્નવસ્ત્ર આપી તેઓનું

---

૮૯ आपो हि यद् बृहतीं विश्वमायन् गर्भं दधाना जनयन्तीरग्निम् ॥
य आत्मदा बलदा यस्य विश्व, उपासते प्रशिषं यस्य देवाः ॥ २ ॥

અર્થ—અખિલ વિશ્વમાં વ્યાપી રહેલ અનંત અપર તત્ત્વ એટલે પ્રકૃતિ [Matter] પ્રાણરૂપ બીજ પ્રકટ થયું. ત્યાર પછી તેમાંથી અગ્નિ એટલે આકાશાદિ પાંચ સૂક્ષ્મ તત્ત્વો અથવા સૂક્ષ્મ તત્ત્વનું બનેલું બ્રહ્માંડ ઉત્પન્ન થયું. ૭

જે હિરણ્યગર્ભ આત્મા એટલે મન અથવા સૂક્ષ્મ જગતનો વિકાસ કરે છે, અને તેને બલ આપે છે, અર્થાત્ તેનો નિયામક છે, તે હિરણ્યગર્ભની આજ્ઞામાં દેવો રહેવા લાગ્યા. ૨

૯૦ यः प्राणतो निमिषतो महित्वैक इद्राजा बभूव ॥ ३ ॥

અર્થ—જે પ્રાણરૂપ થઇને તેમ જ ક્રિયા રૂપ થઇને અને મહત્તત્ત્વ સાથે એકરૂપ થઇને રાજા એટલે ઈશ્વર થયો. ૩

ભરણપોષણ કરનાર કહ્યો છે; હિરણ્યગર્ભસૂક્તમાં પણ ધનાદિ સંપત્તિથી મનઃકામના પૂર્ણ કરવાને માટે હિરણ્યગર્ભની પ્રાર્થના કરવામાં આવી છે.[૬૧]

અહુનવરમંત્ર અને હિરણ્યગર્ભસૂક્તના ભાવોનું આટલું બધું સામ્ય આકસ્મિક હોઈ શકે જ નહિ. અહુનવરમંત્રનો ઋષિ ઋગ્વેદના ઉત્તરકાળના ઋષિઓના વિચારોનો તેમ જ સિદ્ધાન્તોનો સુજ્ઞાતા હોવો જોઇએ, એટલું જ નહિ પણ વૈદિક ઋષિઓએ રચેલાં કાવ્યો પણ તેનાથી અજ્ઞાત હોવાં જોઇએ નહિ.

---

૮ ઉપસંહાર

(૧ પ્રસ્તુત મંત્રનો રચનાકાલ)

અદ્યાવધિ અહુનવર મંત્રનાં અનેક વિદ્વાનોએ જૂદાં જૂદાં ભાષાન્તરો સૂચવ્યાં છે, તે સર્વનો આધાર અવસ્તાની વ્યાખ્યા કરનારા તથા પહલવી (પલ્લવી) ભાષામાં તેનું ભાષાન્તર કરનારા કવિઓ અથવા વિદ્વાનોએ કરેલ વ્યાખ્યા અને ભાષાન્તર ઉપર રહેલો, જોવામાં આવે છે. પરંતુ એ તો નિર્વિવાદ સિદ્ધ થઈ શકે છે કે પ્રસ્તુત મંત્રના ઋષિની દૃષ્ટિમાં જરથુસ્ત્રે ગાયેલી ગાથાઓનું લેશ માત્ર પણ દર્શન હતું જ નહિ. હજુ તે સમય સુધી ઈરાની આર્યોના કવિઓમાં વૈદિક સંસ્કારો જાગ્રત્ હતા. વૈદિક ઋષિઓના સિદ્ધાન્તોથી જૂદા પડયા છતાં, તે સિદ્ધાન્તોનો તેઓએ સમૂલ

---

૬૧ यत्कामास्ते जुहुमस्तन्नोऽस्तु ॥
वयं स्याम पतयो रयीणाम् ॥ १० ॥

અર્થ—હે પ્રભુ ! જે જે ઇચ્છાઓની પૂર્તિ માટે અમે તારૂં યજન કરીએ છીએ, તે તે અમારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરો ! અમને ધનસંપત્તિના સ્વામી બનાવો ! ૧૦

ત્યાગ કર્યો હતો. તે પરિસ્થિતિ લક્ષમાં રાખીને, પ્રસ્તુત મંત્રની તત્કાલીન વૈદિક સાહિત્યની સાથે સરખામણી કરીને, અત્ર જે ભાષાન્તર આપવામાં આવ્યું છે તે ઇતર સર્વ ભાષાન્તરોથી જૂદું પડે છે. છતાં કોઈ પણ સુજ્ઞ વાચક તટસ્થપણે તેનું મનન કરશે, તો તેને જણાયા વિના રહેશે કે નહિ કે અત્ર આપેલ ભાષાન્તરમાં કંઇક વધારે તાત્ત્વિક રહસ્ય તેમ જ પરસ્પર અર્થસંગતિ રહેલાં છે. આથી વિશેષ, અત્ર આપેલા ભાષાન્તર વિષે નિવેદન કરવાનું ઉચિત જણાતું નથી. અતઃપર પ્રસંગવશાત્ કંઈ સ્પષ્ટીકરણ કરવાની જરૂર જણાશે, તો તે પ્રસંગે યથામતિ તેમ કરવામાં આવશે. પરન્તુ આ લેખકની તો માત્ર એટલી જ ઇચ્છા છે કે અત્ર દર્શાવેલો માર્ગ ઉપયુક્ત જણાય, અને તે માર્ગે ભવિષ્યમાં અન્વેષણ કરવાનું કામ વૈદિક વિદ્વાનો ઉપાડી લે, તો અવશ્ય વૈદિક તેમ જ આવસ્તિક-ઉભય સાહિત્યો ઉપર કાંઈ ઓછો પ્રકાશ પડશે નહિ.

હવે ઉપસંહારમાં તો એટલો જ વિચાર કરવાનો રહે છે કે પ્રસ્તુત મંત્ર કયા સમયમાં રચાયેલો હોવો જોઇએ ? તેમ જ અવસ્તા અથવા ગાથાઓની સાથે તેનો શો સંબંધ છે ? અર્થાત્ અવસ્તામાં તેનું સ્થાન ક્યાં છે ?

એ તો નિર્વિવાદ છે કે અહુવર્ઇર્ય, રતુ, અષ, મઝદ અને અહુર-એ ચાર શબ્દો અને તેઓમાં સમાયેલી ભાવનાઓ ઉપર આખા મંત્રની ભાવનાનો આધાર રહ્યો છે. તેઓ પૈકી અહુવર્ઇર્ય-(**असुवर्य=महाप्राण**)ની વૈદિક ભાવનામાં અહુનવર મંત્રના-ઋષિએ કંઈ ફેરફાર કર્યો હોય એમ જણાતું નથી.

રતુ(**ऋत=ऋतु**)ની તેમ જ અષ(**अष**)ની ભાવનાઓમાં જે ફેરફાર થયો છે, તે ઇરાની આર્ય કવિઓએ જ કર્યો છે, તેમાં કંઈ શંકા રહેતી નથી. અહુર(**असुर-अहुर**)સંપ્રદાય તો ઈરાની આર્યો પંજાબ પ્રાંતમાં વૈદિક આર્યોની સાથે વસતા હતા, ત્યારે જ તેઓએ સ્થાપ્યો હતો અને ચલાવ્યો હતો, અરે, એટલું જ નહિ પણ તે

સંપ્રદાયના વિરોધી ઇન્દ્રાદિસંપ્રદાયના આર્યો સાથે વર્ષોનાં વર્ષો સુધી યુદ્ધો કર્યાં હતાં, એમ ઐતરેયાદિ બ્રાહ્મણોમાં વર્ણવેલા દેવાસુરવિગ્રહના વર્ણન ઉપરથી સિદ્ધ થાય છે. એ ઘોરસંહારક વિગ્રહને પરિણામે ઇરાની આર્યો વૈદિક આર્યોથી જૂદા પડયા હતા, એમાં પણ કંઈ શંકાને અવકાશ રહેતો નથી. વૈદિક આર્યોએ અસુરનો અને ઇરાની આર્યોએ દેવનો ત્યાર પછી જ દુષ્ટ અર્થ કર્યો હતો. પ્રસ્તુત મંત્ર તે કારણથી પણ પંજાબમાં નહિ, પણ બાકટ્રીયા અથવા ઇરાનમાં રચાયો હશે, એવું અનુમાન થાય છે. મઝદ શબ્દ આ સઘળી ચર્ચા ઉપર વિશેષ પ્રકાશ નાંખી શકે છે. સંસ્કૃત **મહદ્**નો ઉચ્ચાર મઝદ કરી નાંખવામાં આવ્યો છે, તે તો કદાચ તે બન્ને ભાઇઓ એક દેશમાં સાથે સાથે વસતા હોવા છતાં પણ બની શકે તેમ છે. મઝદ શબ્દમાં સર્વજ્ઞપણાનો તથા વિશ્વેશ્વરપણાનો જે ભાવ તેઓએ આરોપ્યો છે, એ હકીગત તો નિઃસંશય કૃષ્ણયજુર્વેદની કઠોપનિષદના તથા અથર્વ વેદની પ્રશ્નોપનિષદના ઋષિઓ સાથેનો તેઓનો ગાઢ સબંધ હોવાનું સિદ્ધ કરે છે.

પરંતુ આ સર્વ ચર્ચામાંથી એક અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઉપનિષદના ઋષિઓએ તો 'નિખિલ વિશ્વનું મૂલ તત્ત્વ આત્મા છે,' એમ મુક્તકંઠે પ્રકટ કર્યું છે. ઉપનિષદોમાં મહત્‌ની સાથે આત્મા શબ્દનો સતત પ્રયોગ થયેલો જોવામાં આવે છે, ત્યારે અહુનવર મંત્રમાં તેમ જ ત્યાર પછીના અવસ્તાના કોઈ પણ ભાગમાં મહત્ એટલે મઝદની સાથે આત્મા શબ્દનો પ્રયોગ થયેલો જોવામાં આવતો નથી, તેનું કારણ શું છે? તેનું કારણ પણ મઝદ (**મહદ્**) શબ્દની રચના ઉપરથી સ્પષ્ટ થાય છે. ઈશાદિ મુખ્ય દશ ઉપનિષદોમાં સાંખ્યદર્શનનાં પ્રકૃતિ—આદિ પચીશ તત્ત્વોનું બીજ જોવામાં આવે છે, છતાં સાંખ્યદર્શને તે તત્ત્વોનો જેવી સ્વતંત્ર રીતે વિકાસ આણ્યો છે, તેવી માન્યતા ઉપનિષત્કારોની નથી. સાંખ્યદર્શનના આદિ સંસ્થાપક કપિલ મુનિની મહત્તા સૌથી પ્રથમ શ્વેતાશ્વતર ઋષિએ

ગાઈ છે. (શ્વેતાશ્વેતરોપનિષદ્, અ૦ ૫, મં. ૨) અર્થાત્ શ્વેતાશ્વેતરોપનિષદના કાલમાં સાંખ્યદર્શનનો છૂટથી સ્વીકાર થયો હશે, એમ અનુમાન થઈ શકે છે.

ઉપનિષદોએ સિદ્ધ કરેલ આત્માનો કે ઈશ્વરનો સાંખ્યદર્શનકારે સ્વીકાર કર્યો નથી, જ્ઞાનરૂપ પુરુષનો સ્વીકાર કર્યો છે. પરંતુ તે પુરુષ આત્મા તેમ જ ઈશ્વરથી કેવલ વિલક્ષણ છે; એટલું જ નહિ પણ ઉપનિષદોએ જ્યારે મહતત્ત્વને બુદ્ધિથી પર ગણ્યું છે, ત્યારે સાંખ્યદર્શને તેમાં સમસ્ત બુદ્ધિ(Collective Intellect)નો જ ભાવ મૂકયો છે. મઝ્દ શબ્દમાં પણ તે જ ભાવ રહેલો છે. એટલે મઝ્દ શબ્દના મઝ્ (**महत्**) અંશમાં બુદ્ધિ, જ્ઞાન, ડહાપણનો જ ભાવ મૂકવામાં આવ્યો છે.

આ સ્થલે એક વિશેષ અગત્યની નોંધ કરવાની જરૂર પડે છે. સંસ્કૃતસાહિત્યમાં મહત્‌ના અનેક પર્યાયોમાં એક પર્યાય આસુરી જોવામાં આવે છે.[૯૨] આસુરીનો યૌગિક અર્થ બુદ્ધિ થઈ શકતો નથી, છતાં તેને આસુરી નામ આપવાનું શું કારણ હશે? મહાભારત(શાન્તિપર્વ અ. ૨૧૮ શ્લો. ૧૦–૧૨)માં તેમ જ ઈશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા(શ્લો. ૬૯–૭૦)માં કહ્યું છે કે સાંખ્ય દર્શનના સ્થાપક કપિલ મુનિના શિષ્યનું નામ આસુરિ હતું. તે આસુરિએ પોતાના શિષ્ય પંચશિખને સાંખ્યવિદ્યા શીખવી, પંચશિખે તે વિદ્યાનો ઉપદેશ મિથિલેશ જનક વિદેહીને કર્યો. ત્યાંથી સાંખ્યદર્શનના ગુરુશિષ્યોની પરંપરા ચાલી. શતપથબ્રાહ્મણના વંશબ્રાહ્મણમાં તેમ જ બૃહદારણ્યકોપનિષદ(અ. ૬ ને અંતે વંશાવલિ)માં ઉદ્દાલકના શિષ્ય યાજ્ઞવલ્કય હતા, અને તે યાજ્ઞવલ્કયના શિષ્ય આસુરિ, આસુરિના શિષ્ય આસુરાયણ અને તેઓના શિષ્ય પ્રાશ્નીપુત્ર આસુરિવાસી હતા, એમ કહ્યું છે. બૃહદારણ્યકોપનિષદથી

૯૨ લોકમાન્ય તિલકકૃત ગીતારહસ્યનું ગુજરાતી ભાષાન્તર, પ્ર. ૮. પૃ. ૧૭૧.

વિશેષતઃ એમ પણ જણાય છે કે જનકવિદેહીએ ભરેલી બ્રહ્મપરિષદમાં ઉદ્દાલક મુનિએ યાજ્ઞવલ્ક્ય સાથે બ્રહ્મવિદ્યાની ચર્ચા પણ કરી હતી.[૯૩] અર્થાત્ તે જ જનકવિદેહીના કાળમાં આસુરિ, પંચશિખ, યાજ્ઞવલ્ક્ય અને ઉદ્દાલક થઈ ગયા હતા, અને તે જ કાળમાં ઉપનિષદની અધ્યાત્મવિદ્યાની સાથે સાથે જ કપિલોક્ત સાંખ્યવિદ્યાનો પણ પ્રચાર થવા લાગ્યો હતો. તે આસુરિના પ્રશિષ્યને આસુરિ-વાસી કહ્યો છે. એ ઉપરથી જણાય છે કે આસુરિનો મૂળ દેશ આસુર, એટલે વર્તમાન આશિરિયા હશે. કપિલ મુનિના શિષ્ય તરીકે તેઓએ જે સાંખ્યવિદ્યાનો પ્રચાર કર્યો, તે જ સાંખ્યવિદ્યા તેઓએ પોતાના દેશના વિદ્વાનોને પણ શીખવી હશે. આસિરિયા-માંથી તેમ જ હિન્દુસ્થાનમાંથી તે વિદ્યાનો પ્રચાર ઈરાની આર્યોમાં થયો હશે. તે જ કારણથી મહત્ શબ્દનો જે અર્થ સાંખ્યકારોએ સ્વીકાર્યો છે, તે જ અર્થ ઈરાની–આર્ય–કવિઓએ પણ સ્વીકાર્યાનું જણાય છે. તે જ કારણથી મહત્‌ના પર્યાય તરીકે, કદાચ કટાક્ષમાં, આસુરી શબ્દનો પ્રયોગ વૈદિક વિદ્વાનોએ કર્યો હશે.

ગમે તેમ હોય પણ તે ઉપરથી એટલું અનુમાન તો થઈ શકે છે કે કાપિલ સાંખ્યનો સારી પેઠે પ્રચાર થયા પછી મઝદ શબ્દનો વિકાસ થયો હશે. છતાં એ તો સ્પષ્ટ છે કે ઈરાની આર્યોને સાંખ્યનો નિરીશ્વરવાદ બિલકુલ રુચ્યો નથી. ઉપનિષદના ઋષિઓની પેઠે તેઓએ તેની સાથે આત્મા શબ્દ જોડ્યો નથી, છતાં **दा** ધાતુ, જેનો અર્થ પેદા કરવું, અને તે ઉપરથી વિકસાવવું પણ થઈ શકે, તે ધાતુ જોડી મઝદમાં સર્વજ્ઞ-પણાનો અને વિશ્વેશ્વરપણાનો ભાવ મૂકી દીધો. શ્વેતાશ્વતરોપનિષદ-(અ. ૩, મં. ૧૨)માં પણ મહાન્ પ્રભુ, મહાન્ પુરુષ, અર્થાત્ વિશ્વેશ્વરને બુદ્ધિનો પ્રેરક કહ્યો છે. ઈરાની–આર્ય–કવિઓએ તે ઉપનિષદનો ભાવ મઝદ શબ્દમાં સમાવી દીધો છે. તે ઉપરથી

---

૯૩ બૃહદારણ્યકોપનિષદ્, અધ્યાય ૩ જો, યાજ્ઞવલ્ક્ય બ્રાહ્મણસંવાદ.

જણાય છે કે સાંખ્યવિદ્યાનો સારી પેઠે પ્રચાર થયા પછી, છતાં શ્વેતાશ્વતરોપનિષદ્‌ના કાળમાં ઈરાની આર્યોએ મઝદ શબ્દનો અર્થ નિશ્ચિત કરી નાંખ્યો હતો.

તે સિવાય વહુમનહ્ (**वसुमनस्**), શ્યઓથન (**च्यौत्न**), અહુ (**अंसु-अंहु**) અને વાસ્તાર (**वस्न**)—એ શબ્દોનો પ્રસ્તુત મંત્રમાં જે અર્થોમાં પ્રયોગ કરવામાં આવ્યો છે, તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે વૈદિકસંહિતાના કાળ પછી ઉપનિષદના કાળમાં તેમ જ વૈદિક આર્યો ઈરાની આર્યોથી જૂદા પડયા તે પછી જ આ મંત્રની રચના થઇ છે.

(૨ તેનો ગાથાઓ સાથે સંબંધ)

હવે જરથુસ્ત્રે ગાયેલી ગાથાઓ સાથે પ્રસ્તુત મંત્રને શો સંબંધ છે, અથવા અવસ્તામાં તેનું સ્થાન ક્યાં છે? તે પ્રશ્નનો વિચાર કરવાનું રહે છે.

અવસ્તાના ત્રણ સુપ્રસિદ્ધ ભાગો યજશ્ને, 'વિસ્પરદ અને વંદીદાદ પૈકી ધર્મસિદ્ધાન્તોની મૌલિકતા ઉપરથી તેમ જ ભાષાની રચના ઉપરથી યજશ્ને ભાગ સૌથી વધારે પ્રાચીન છે, એમ'સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. હાલમાં યજશ્નેમાં જે અનુક્રમે પ્રકરણો ગોઠવેલાં જોવામાં આવે છે, તેનો ઉદ્દેશ ગમે તે હોય, પરંતુ અહુનવઇતિ આદિ પાંચ સુપ્રસિદ્ધ ગાથાઓનાં પ્રકરણો જરથુસ્ત્ર-ધર્મના પાયારૂપ હોવાથી અને જરથુસ્ત્રે પોતે જ તે ગાથાઓ દ્વારા જનતાને ઉપદેશ કરેલો હોવાથી, તે ગાથાઓ સૌથી પ્રાચીનતમ છે, એમાં મતભેદ થવાનું કંઈ કારણ નથી. અહુનવરમંત્રની ભાષા સર્વાંશે તે ગાથાઓની ભાષા સાથે મળતી આવે છે, એટલું જ નહિ, પણ પ્રથમ અહુનવઇતિ ગાથામાં તો પ્રસ્તુત મંત્રમાં વપરાયેલા એકેએક શબ્દનો પ્રયોગ થયેલો જોવામાં આવે છે. તે ઉપરથી પ્રસ્તુત મંત્ર ગાથાઓની પછી રચાયાનું બિલકુલ અનુમાન થઈ શકે નહિ. કારણકે ગાથાની પછી રચાયેલ અવસ્તાના બીજા ભાગોની ભાષા

ગાથાની ભાષાથી ઘણે અંશે જૂદી પડે છે. જો કંઈ પણ અનુમાન થઈ શકે તો એ જ થઈ શકે કે ગાથાઓ પ્રસ્તુત મંત્રની પછીના કાળમાં જ રચાઈ હશે.

ગાથાઓ સાથે પ્રસ્તુત મંત્રની ભાષાનું સામ્ય છે, તે કરતાં વધારે મહત્ત્વની હકીકત તો ગાથાઓના વિચારો અને સિદ્ધાન્તો પ્રસ્તુત મંત્રના વિચારોથી જૂદા પડે છે, તે છે. ગાથાઓમાં સાધુ અને દુષ્ટ, એવી બે સૃષ્ટિઓ એક બીજાથી સ્વતંત્ર માની છે, એટલું જ નહિ, પણ એ બે સૃષ્ટિના સ્રષ્ટાઓ પણ એક બીજાથી જૂદા અને સ્વતંત્ર છે, એમ જરથુસ્ત્રે પોતે ભરસભામાં જાહેર કર્યું છે. (યજશ્ને હા ૩૦ પરિ૦ ૪).

રતુ અને અષનું જે ગૌરવ અહુનવરમંત્રમાં જોવામાં આવે છે, તેવું ગૌરવ ગાથાઓમાં જોવામાં આવતું નથી. ગાથાઓમાં તે બન્ને દેવતાઓ અહુરમઝદના તાબાના અધિકારીઓ છે, એમ સ્પષ્ટ કહ્યું છે. યદ્યપિ અહુનવરમંત્રમાં વહુંમનહું(શુદ્ધ મનસ્ અથવા સાધુ મનસ્)નો પ્રયોગ કર્યો છે, તે ઉપરથી એમ કહી શકાય કે તે મંત્ર રચનાર ઋષિના સમયમાં સાધુ મન અને દુષ્ટ મન, એવા બે વિભાગો પડી ગયા હતા. પરંતુ તેવું અનુમાન ઉપજાવવાને ખુદ મંત્રમાંથી કંઈ સાધન મળી શકતું નથી. અથર્વવેદીય અમૃતબિંદૂપનિષત્કારે પણ મનના શુદ્ધ અને અશુદ્ધ, એવા બે વિભાગો પાડ્યા છે; પરંતુ તે ઉપનિષદના ત્યારપછીના મંત્રો વાંચતાં સ્પષ્ટ જણાય છે કે શુદ્ધતા અને અશુદ્ધતા તે એક જ મનની બે અવસ્થાઓ છે, બે એક બીજાથી સ્વતંત્ર જૂદી જૂદી સૃષ્ટિઓ નથી. (જુઓ પાછળ પૃ. ૬૨, નોંધ ૮૮) તેવી જ રીતે અહુનવર મંત્રની રચનાના કાળમાં પણ વહુંમનહું (શુદ્ધ મનસ્) અને અકમનહું (અશુદ્ધ મનસ્), એમ એક મનના બે જૂદા જૂદા વિભાગો છે, એવી માન્યતા ઉદ્ભવી હશે, છતાં તે વિભાગો જૂદી જૂદી સૃષ્ટિઓ નહિ, પણ જૂદી જૂદી અવસ્થાઓ છે, એમ સમજી શકાય છે. જૂદી જૂદી સૃષ્ટિઓની

માન્યતા ઉદ્‌ભવી હોત તો, તેની સાથે સાથે તે બે જૂદી જૂદી સૃષ્ટિઓના બે જૂદા જૂદા સ્રષ્ટાઓ માનવાની તેઓને જરૂર પડત, પરંતુ અહીં તો તેથી ઉલટું, એક જ અહુરમઝદને હિરણ્યગર્ભની જેમ સકલ સૃષ્ટિનો રાજા કહ્યો છે, તે જ દર્શાવી આપે છે કે તે કાળના ઈરાની આર્યકવિઓએ તેવી કલ્પનાનો કદિ પણ સ્વીકાર કર્યો ન હતો. પ્રસ્તુત મંત્ર અને ગાથાઓની આ વિચારવિલક્ષણતાથી પણ સિદ્ધ થાય છે કે તે મંત્ર ગાથાઓની પૂર્વે જ રચાયો હશે.

(૩. જરથુસ્ત્રનું કુલ, તથા ગોત્ર)

ત્યારે ગાથાઓની રચનાનો કાળ ક્યારે હોવો જોઈએ? ગાથાઓ ભલે ઈશ્વરપ્રેરિત અથવા ઈશ્વરપ્રોક્ત હોય, છતાં એ તો નિર્વિવાદ છે કે તે ગાથાઓ પ્રસિદ્ધ કરનાર જરથુસ્ત્ર પોતે જ હતા. વૈદિક સાહિત્યમાંથી જરથુસ્ત્રનો સંબંધ વૈદિક ઋષિઓ સાથે દર્શાવવાનો પ્રયત્ન શ્રીયુત અવિનાશચંદ્રદાસે કર્યો છે. જરથુસ્ત્ર એટલે જરત્ (વૃદ્ધ) ત્વષ્ટૃ એવું સમીકરણ સાધીને તેઓએ ઇન્દ્રના કટ્ટર વિરોધી ત્વષ્ટૃને જરથુસ્ત્રનો પૂર્વજ ઠરાવવાનો પરમ પ્રયત્ન કર્યો છે.[૯૪] પરંતુ ત્વષ્ટૃ અને તેના પુત્રો વિશ્વરૂપ, વૃત્ર-વગેરેની સાથે ઇન્દ્રને વિગ્રહ થયા પછી ઘણે કાળે જરથુસ્ત્રનો આવિર્ભાવ થયો છે, એમાં કંઈ શંકા નથી. છતાં મૂલ પૂર્વજને નહિ, પણ ત્યારપછી અનેક પેઢીઓએ થઈ ગયેલના વંશજને જરત્ (વૃદ્ધ) કહેવાનું શું કારણ છે? તેનો તેઓએ ખુલાસો કર્યો નથી. જરથુસ્ત્રની પૂર્વના અને પાછીના ઈરાની આર્યો વેરેથ્રઘ્ન (વૃત્રઘ્ન) એટલે વૃત્રોને હણનારને સાધુદેવોના વર્ગમાં મૂકીને પૂજતા હતા. જરથુસ્ત્રના પૂર્વજો વૃત્રો હોત તો વૃત્રોને હણનાર વેરેથ્રઘ્નની પૂજ્યદેવમાં ગણના શી રીતે થઈ શકત? વસ્તુતઃ વૃત્રો અનાર્યો હતા, તેથી તેઓનો પિતામહ ત્વષ્ટા પણ અનાર્ય હતો. વૈદિક આર્યોના જેટલે અંશે તેઓ

---

૯૪ RigVedicIndia by Avinash Chandra Das, Pp. 161–167

શત્રુ હતા, તેટલે જ અંશે તેઓ ઇરાની આર્યોના પણ હતા. જરથુસ્રને તેઓ સાથે કંઈ પણ સંબંધ ન હતો.[૯૫]

પ્રોફેસર હાઉગે જરથુસ્રનો સંબંધ અથર્વા ઋષિસાથે ઠરાવવાનો પ્રયત્ન કર્યો છે.[૯૬] જરથુસ્રે પોતે જ સ્પેન્તામઇન્યુ ગાથામાં કહ્યું છે કે તેઓ પોતે એક સઓષ્યાન્ત છે (યજશ્ને, હા ૪૮, પરિ. ૯), એટલું જ નહિ પણ તે જ ગાથા(હા. ૪૮-૧૨)માં તેમ જ ઉશ્તવઇતિ ગાથા(હા ૪૬-૩)માં સઓષ્યાન્તોની પોતાના પૂર્વગામી ધર્માચાર્યો તરીકે પ્રશંસા કરી છે. વહિશ્તોઇશ્તિ(હા ૫૩-૩)માં જરથુસ્રની પુત્રી પૌરુચિસ્તનો જામાસ્પ (**यामाश्व**) સાથે સંબંધ કર્યાનું કહેવામાં આવ્યું છે; તે જ પ્રકરણ(પરિ. ૨)માં કવ

---

૯૫ જરથુસ્ર શબ્દની વ્યુત્પત્તિના સંબંધમાં પ્રોફેસર તારાપોરવાલાએ પોતાના પુસ્તકમાં જૂદા જૂદા વિદ્વાનોએ કરેલી કલ્પનાઓ નીચે પ્રમાણે આપી છે:

૧ जरत् = वृद्ध ; उष्ट्र = ઊંટ ; અર્થાત્ વૃદ્ધ ઊંટો રાખનાર.

૨ हरित (– झरित – झरत) = બદામી રંગનાં ; उष्ट्र = ઊંટ; અર્થાત્ બદામી રંગનાં ઊંટો રાખનાર.

૩ જર્મન પંડિતો Lassen (લેસન) અને Windishmann (વિન્ડીશમાન્) તેનો અર્થ ' હિરણ્યતારો ' કરે છે.

૪ તેઓ પોતે અને બીજા પારસી વિદ્વાનો हरित = હિરણ્યમય, અને અને उष्ट्र (उष् = પ્રકાશવું, ચળકવું) એટલે તેજ, પ્રકાશ; અર્થાત્ જરથુસ્ર એટલે હિરણ્યપ્રકાશ, એવો અર્થ કરે છે.

જરથુસ્રના સવિસ્તર જીવનચરિત માટે જુઓ, જેકસનકૃત જરથુસ્ર અને તેની વ્યુત્પત્તિ માટે જુઓ, તે જ ગ્રંથનું પરિશિષ્ટ, પૃ. ૧૪૭.

(જુઓ, પ્રોફેસર એરચ જહાંગીર સોરાબજી–તારાપોરવાલાકૃત (Selections from Avesta & old Persian P. 1, p. 15.)

૯૬ Essays on the Religion of the Parsis, by Dr. Haug, 2nd, ed., Pp. 295-5.

વિસ્તાસ્પ (**कवि विश्ताश्व**), ફ્રેશઓસ્ત્ર (**प्र[illegible]**), અને જામાસ્પ (**यामाश्व**)ને સઓષ્યાન્તનો ધર્મ શીખનારા તથા જરથુસ્ત્રનો ધર્મ સ્વીકારનારા કહ્યા છે.

અર્થાત્ આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે પ્રમાણે ખ્રિસ્ત-ધર્મના સ્થાપક જિસસ ક્રાઇસ્ટની પૂર્વે જ્હોન બાપ્તિસ્ટે તે ધર્મનાં બીજો રોપ્યાં હતાં, તે પ્રમાણે આ સઓષ્યાન્તો, પણ જરથુસ્ત્રની પૂર્વે મઝદધર્મના બીજરોપકો હતા. પરંતુ આ સઓષ્યાન્તો અનેક દેવોને માનતા હતા; જરથુસ્ત્રે તેમાં સુધારો કરી એકેશ્વરની સર્વોપરિ સત્તા સ્થાપન કરી.[૯૭] આ સઓષ્યાન્તો કોણ હતા? પ્રોફેસર હાઉગ કહે છે કે તેઓ અગ્નિયાજક ધર્માચાર્યો હતા, તેથી અથર્વા ઋષિના કુલના હતા. જરથુસ્ત્રે પોતે પોતાને સઓષ્યાન્ત કહ્યો છે, તેથી તેઓ પણ તે જ કુલના હતા.[૯૮]

સઓષ્યાન્ત શબ્દ **સુ** ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. **સુ**ધાતુનું તે ભવિષ્યકૃદંતરૂપ છે. (કાં. અ. શ. કો. પૃ. ૫૧૭) વિદ્વદ્વર્ય કાંગાએ **સુ**ધાતુનો અર્થ ' ફાયદો કરવો ' એવો કરીને સઓષ્યાન્તનો અર્થ ફાયદો કરનાર ધર્મોપદેશક કર્યો છે. (તેજ, પૃ. ૫૨૭) પરંતુ **સુ**ધાતુનો મૂલ અર્થ સોમવલ્લીને કચરીને, તેમાંથી રસ કાઢી, સોમયાગ કરવો એવો થાય છે. વૈદિક કાળમાં સોમયાગ કરનારાઓ અગ્નિયાજકો હતા, તે ખરૂં છે; પરન્તુ સઓષ્યાન્ત (સં. **सोष्यन्** એકવચન, **सोष्यन्तः** બહુવચન) શબ્દનો યૌગિક અર્થ તો સોમયાજકો જ થઈ શકે છે. અથર્વાઓ જેમ અગ્નિયાજકો હતા, તેમ સોમયાજકો પણ હતા; તે જ પ્રમાણે અંગિરાઓ અને ભૃગુઓ પણ અગ્નિયાજકો તેમ જ સોમયાજકો હતા. જ્યારે એમ છે ત્યારે જરથુસ્ત્રના પૂર્વજો અથર્વાઓ જ શા માટે હતા, તેનો પ્રોફેસર હાઉગે કંઈ પણ આધાર દર્શાવ્યો નથી.

---

૯૭ તેજ, પૃ. ૩૦૧.

૯૮ તેજ, પૃ. ૨૯૪–૨૯૫

ત્યારે આ સઓષ્યન્તો કયા કુલના હતા? જરથુસ્ત્રની પોતાની જ વંશાવલિ ઉપરથી તે પ્રશ્ન ઉપર યથેષ્ટ પ્રકાશ પડી શકે છે.

ગાથાઓમાં પોતાનું કુલ સ્પિતામ અથવા સ્પિતમનું છે, એમ જરથુસ્ત્રે પોતે જ અનેક સ્થલોએ કહ્યું છે. પોતાની પુત્રીને સ્પિતામી અને પોતાના પિત્રાઈ ભાઈ મઇધ્યોમાઓંહને સ્પિતમ કહેલ છે. (યજસ્ને હા ૫૩-૩ તથા ૫૧-૧૯) આ સ્પિતામ અથવા સ્પિતમ શબ્દ આવસ્તિક સ્પિત અથવા સંસ્કૃત **श्वित** ધાતુ ઉપરથી નિષ્પન્ન થયો છે; તેનો અર્થ સફેદ, ગૌર, નિર્મલ, નિષ્કલંક, નિષ્પાપ, એવો થાય છે. (કાં. અ. શ. કો. પૃ. ૫૪૬) વૈદિક સાહિત્યમાં પણ **श्वित्** ધાતુ ઉપરથી **श्वितान** અથવા **श्वित्न** શબ્દ વપરાયો છે. તેનો અર્થ પણ સ્પિતામ અથવા સ્પિતમ જેવો જ થાય છે. (આપ્ટે. સં. શ. કો. પૃ. ૧૦૬૪) અર્થાત્ સ્પિતામ અથવા સ્પિતમ વૈદિક **श्वितान** અથવા **श्वित्न** શબ્દનું રૂપાન્તર માત્ર છે. તે જ ધાતુ ઉપરથી તદર્થવાચક **श्वेत** શબ્દ પણ વ્યુત્પન્ન થયો.[૯૯]

સ્પિતમ જરથુસ્ત્રની દશ પેઢીઓનાં નામો નીચે પ્રમાણે આપ્યાં છે: ૧ જરથુસ્ત્ર, ૨ તેઓના પૌરુશસ્પ (**पौरुषाश्व**), ૩ પઇતિરસ્પ (**प्रतिअश्व**), ૪ અઉર્વદસ્પ (**और्वाश्व**), ૫ હએચદસ્પ (**सेचदश्व**), ૬ ચક્ષ્ણુશ (**चक्षण**), ૭ પઇતિરસ્પ (**प्रतिअश्व**), ૮ હરદસ્ન (**हारिद्रवेय**), ૯ હરદાર (**हारिद्रव**) અને ૧૦ સ્પિતમ (**श्वित्न**). (કાં. અ. કો. પૃ. ૫૬૩)

એ દશ નામો પૈકી પાંચ નામો અસ્પાન્ત એટલે અશ્વાન્ત છે.

---

૯૯ **रुशद्वत्सा रुशती श्वेत्यागात् (उषा)।** ऋ. १-११३-२
અર્થ—પોતાના ઝગહળતા સૂર્યરૂપ બાલક સાથે જ્યોતિષ્મતી શુભ્ર ઉષા આવી પહોંચી.
(જુઓ, નિઘંટુ ૧-૮ તથા નિરુક્ત ૨-૨૦). અહીંયાં વપરાયેલ શ્વેત્યા શબ્દ શ્વિત્ ધાતુ ઉપરથી નિષ્પન્ન થયો છે.

પાછળ કહેવામાં આવ્યું છે કે અહુનવરમંત્રની રચનાના કાળમાં મઝદ શબ્દના ભાવમાં કૃષ્ણયજુર્વેદની શ્વેતાશ્વતરોપનિષદના સિદ્ધાન્તનું પૂરેપૂરૂં અનુકરણ કરવામાં આવ્યું છે. (પાછળ પૃ. ૬૬) શ્વેતા-શ્વતરોપનિષદના કર્તા અથવા પ્રોક્તા શ્વેતાશ્વતર ઋષિ હતા, એમ તે જ ઉપનિષદ(અ. ૬ મં. ૨૧)માં કહેવામાં આવ્યું છે. આ શ્વેતાશ્વતર શબ્દથી સિદ્ધ થાય છે કે અશ્વતર ઋષિનું પોતાનું નામ હતું, અને શ્વેત તેઓના કુલનું નામ હતું. અશ્વતરના વંશજોને આશ્વતર તેમ જ આશ્વિ પણ કહેવામાં આવેલ છે. ઐતરેય બ્રાહ્મણ-(પં ૬ અ. ૩૦)માં વિશ્વજિત્ યાગની વિવેચના કરનાર બુડિલ ઋષિને આશ્વિ તેમ જ આશ્વતર કહેલ છે. સાયણાચાર્યે તે સ્થલે આશ્વિનો અર્થ 'અશ્વ ઋષિનો પુત્ર' અને આશ્વતરનો અર્થ 'અશ્વતર ઋષિનો વંશજ' એવો કર્યો છે. તે જ બુડિલ ઋષિએ ઉદ્દાલકાદિ ઋષિઓ સાથે એકઠા થઇને કૈકેય રાજા અશ્વપતિની બ્રહ્મપરિષદમાં વિશ્વાનર–બ્રહ્મ વિષે ચર્ચા કર્યાનું છાંદોગ્યોપનિષદ (અ. ૫–૧૧–૧ તથા ૧૬–૧) ઉપરથી જણાય છે. શતપથ બ્રાહ્મણ-(૪–૬–૧–૯ તથા ૧૦–૬–૧–૧)માં પણ અશ્વતર ઋષિનો પ્રભાવ જણાવવામાં આવ્યો છે.[100] તે ઉપરથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણ તથા ઉપનિષદના કાળમાં અશ્વ અથવા અશ્વતરના વંશજો બહુ પ્રખ્યાત અને પ્રભાવશાલી મનાતા હતા. અશ્વતર ઋષિને શ્વેત કુલના તથા કૃષ્ણયજુર્વેદની ઉપનિષદના પ્રોક્તા કહ્યા છે, તેથી તે અશ્વવંશ શ્વેત કુલનો અને યજુર્વેદની શાખાનો અનુયાયી હશે, એમ અનુમાન થાય છે. કૃષ્ણયજુર્વેદની કુલ ૮૬ શાખાઓ છે. તે પૈકી ચરક નામની એક મુખ્ય શાખા છે. તે ચરકની પણ બાર ઉપશાખાઓ છે. તે ઉપશાખાઓમાં શ્વેતાશ્વતર અને મૈત્રાયણી શાખાનાં નામો પણ જોવામાં આવે છે. મૈત્રાયણી શાખાની વળી સાત ઉપશાખાઓ છે, જેમાં એક હારિદ્રવેય

---

૧૦૦ Vedic Index of Names by Macdonell and Kieth Vol. 1, p. 69.

નામની છે.[1] જરથુસ્ત્રના આઠમી પેઢીના પૂર્વજનું નામ હરદશ્ન છે; તે હરદશ્ન અને આ હારિદ્રવેય એક જ હશે, એમ કલ્પના થઈ શકે છે. તે ઉપરથી જરથુસ્ત્રના પૂર્વજો શ્વેતકુલના અને કૃષ્ણયજુર્વેદના અનુયાયીઓ હશે, અનુમાન થાય છે.

કૃષ્ણયજુર્વેદની સંહિતામાં મંત્રો અને તેઓની વ્યાખ્યારૂપ બ્રાહ્મણ-વાક્યોનું મિશ્રણ જોવામાં છે. બીજી કોઈ સંહિતામાં તેવું મિશ્રણ જોવામાં આવતું નથી. યજશ્ને નામના અવસ્તાના મૂલ ગ્રંથમાં પણ ગાથા વગેરે મંત્રોનું અને તેની વ્યાખ્યારૂપ વાક્યોનું તેવું જ મિશ્રણ જોવામાં આવે છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે જરથુસ્ત્રે અથવા તેઓના અનુયાયીઓએ યજશ્ને ગ્રંથ રચવામાં કૃષ્ણયજુર્વેદ સંહિતાનું અનુકરણ કર્યું હશે.

જરથુસ્ત્રના શ્વિત્ન અથવા શ્વેતકુલના બ્રાહ્મણો કૃષ્ણયજુર્વેદના અનુયાયીઓ હતા, એ તો સિદ્ધ થયું. પરંતુ શ્વિત્ન અથવા શ્વેતકુલ કયા ગોત્રમાંથી ઉતરી આવ્યું હતું, તે જાણવાનું બાકી રહે છે. નિર્ણયસિંધુ નામના ધર્મશાસ્ત્રના ગ્રંથના વિવાહપ્રકરણ(પરિચ્છેદ ૩)માં બ્રાહ્મણોનાં સર્વ ગોત્રો અને પ્રવરોનાં નામો આપ્યાં છે. તેમાં મૂલગોત્રકાર ભૃગુઋષિના ૧ વત્સ, ૨ વિદ, ૩ આર્ષ્ટિષેણ, ૪ યસ્ક, ૫ મિત્રયુવા, ૬ વૈન્ય અને ૭ શુનક, એ સાત ગણો (=સમવાયો અથવા જથ્થાઓ) ગણાવ્યા છે. તે પૈકી વૈન્ય ગણના વંશજોને શ્યેત કહેવામાં આવ્યા છે. શ્યેતનો અર્થ શ્વેતના જેવો જ થાય છે. તેથી તે સ્થલે શ્યેતનો શ્વેતના પર્યાય તરીકે પ્રયોગ કરવામાં આવ્યો છે, એમ સ્પષ્ટ જણાય છે. (આપ્ટે. સં. શ. કો. પૃ. ૧૦૫૮) તે તે સમવાયના મૂલ પુરુષ વૈન્યના પિતાનું નામ વેન હતું. તે વેન ઋષિએ ઋગ્વેદના નવમા મંડલનું ૮૫મું સૂક્ત તથા દશમા મંડલનું ૧૨૩મું સૂક્ત, એમ બે સૂક્તો રચ્યાં છે. નવમા મંડલના ૮૫મા સૂક્તમાં વેન ઋષિએ સોમયાગની સ્તુતિ ગાઈ છે. તે ઉપરથી તે શ્યેત અથવા શ્વેત કુલના બ્રાહ્મણો સોમયાગ કરનારા હતા, એમ

---

૧ જુઓ, શબ્દકલ્પદ્રુપ નામના સંસ્કૃત કોષમાં यज्ञः શબ્દનું વિવરણ.

પણ સિદ્ધ થાય છે. તેઓ સોમયાગ કરનારા હોવાથી ઇરાની આર્યોએ તેઓને સઓષ્યન્તો (सोष्यन्तः) કહ્યા હોય, એમ જણાય છે. એટલું જ નહિ પણ હઓમયશ્ત નામની ગાથામાં સોમયજન સ્થાપન કરનાર મૂલ પુરુષ અને પછી તેના મુખ્ય અનુયાયીઓનાં નામો આપ્યાં છે; તેમાં મૂલ પુરુષ વીવહ્વાઓ(विवस्वान्)ને સૌથી પ્રથમ સોમયજન દાખલ કરનાર કહેલ છે; તેના મુખ્ય અનુયાયીઓમાં અથ્વ્ય (आप्त्य) અને થ્રિત(त्रित)નાં નામો ગણાવ્યાં છે. તે સોમયાજકોના છેવટના પુરુષ તરીકે પૌરુશસ્પ(पौरुषाश्व)નું નામ પણ આપ્યું છે (યજશ્ને, હા ૯, પરિ. ૪–૧૩). તે જ પ્રકરણના ત્રીજા શ્લોકમાં તો સોમદેવતાએ જરથુસ્ત્રે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે જરથુસ્ત્રના સઘળા પૂર્વજો સઓષ્યન્તો સોમયાજકો હતા, તે જ પ્રમાણે જરથુસ્ત્રે પણ સોમયજન શરૂ રાખવું.[2]

ઉપર્યુક્ત ચર્ચામાંથી નિમ્નલિખિત અનુમાનો સ્પષ્ટ રીતે નિષ્પન્ન થાય છે:

૧ જરથુસ્ત્રનું કુલ સ્પિતમ એટલે વૈદિક શ્વિત્ન અથવા શ્વેત અથવા સ્યેત નામનું હતું.

૨ તેઓની વંશાવલીમાં અશ્વાન્ત નામો જોવામાં આવે છે. તેથી તેમ જ વૈદિક શ્વેતકુલના ઋષિ અશ્વતર કૃષ્ણયજુર્વેદના અધ્યાયી હતા, તેથી, તેમ જ હારિદ્રવેયાદિ બીજાં પણ સમાન

---

૨ અઝેમ્ અહ્મિ જરથુસ્ત્ર, આ મામ્ યાસહ્વ સ્પિતમ ।
अहं अस्मि जरथुस्त्र, आ माम् याचस्व श्वित्न ।
અવિ મામ્ સ્તોઓમઇનિ સ્તુહ્મિ, સઓષ્યાન્તો સ્તવાન્ ॥
अपि माम् स्तोमानि स्तुहि, सोष्यन्तः अस्तुवन् ॥

અર્થ. હે જરથુસ્ત્ર ! હું (સોમ) છું. હે સ્પિતમ ! તું મને પ્રાપ્ત કર ! જે પ્રમાણે તારા પૂર્વજ સઓષ્યાન્તોએ મારી સ્તુતિ ગાઈ છે, તેમ તું પણ સ્તોત્રો રચી મારી સ્તુતિ કર !

નામો હોવાથી, તથા કૃષ્ણયજુર્વેદની પેઠે યજશ્નેમાં પણ મંત્રો અને તેની વ્યાખ્યાઓનું મિશ્રણ હોવાથી, જરથુસ્ત્રના પૂર્વજો કૃષ્ણયજુર્વેદના અનુયાયીઓ હતા.

૩ ભૃગુગોત્રના વૈન્યગણના વંશજો પણ સ્પેત અથવા શ્વેત કુલના હતા, તેથી જરથુસ્ત્રનું ગોત્ર ભાર્ગવ હતું.

૪ આ વૈન્યગણના બ્રાહ્મણો સોમયજકો હતા. જરથુસ્ત્ર પોતે તેમ જ તેઓના પૂર્વજો સઓષ્યાન્તો (**सोष्यन्तः**) હતા. હઓમ-યશ્ન (=**सोमइष्ट=सोमयाग**) નામની ગાથામાં સઘળા સઓષ્યા-ન્તોને સોમયાજકો કહ્યા છે, તે ઉપરથી પણ જરથુસ્ત્રનું ગોત્ર ભાર્ગવ હતું, એમ અનુમાન થઈ શકે છે.

(કદાચ તે જ કારણથી એટલે જરથુસ્ત્રના પિતાશ્રી પણ ચુસ્ત સોમયાજક હતા, તેથી જરથુસ્ત્રનો પોતાનો સોમયાગ પ્રતિ પૂર્ણ અભાવ હોવા છતાં, તેનો તેઓ કેવલ નિષેધ કરી શકયા નહતા.)

(૪ જરથુસ્ત્રના પૂર્વજોનું મૂલ નિવાસસ્થાન)

ભાર્ગવ ગોત્રના, આ શ્વેત અથવા શ્વિત્ન અથવા સ્પિતમ કુલના બ્રાહ્મણો વૈદિક કાળમાં કયા પ્રદેશમાં વસતા હશે, તેની કલ્પના કરવાનું સાધન ઋગ્વેદમાંથી જ પ્રાપ્ત થાય છે. વૈદિક કાળમાં સપ્તસિંધુ (આવસ્તિક હપ્તહિંધુ) પ્રદેશ પૂર્વમાં ગંગાયમુનાથી આરંભી પશ્ચિમમાં છેક કાબુલ નદી સુધી વિસ્તર્યો હતો. ઋગ્વેદમાં સિંધુ નદીની પૂર્વે આવેલી મુખ્ય સાત નદીઓનાં નામો ગણાવ્યાં છે.[૩] સિંધુની પશ્ચિમે એટલે પૂર્વ અફઘાનીસ્તાનમાં આવેલી સાત

---

૩ इमं मे गङ्गे यमुने सरस्वति शुतुद्रि स्तोमं सचता परुष्ण्या ।
असिक्न्या मरुद्वृधे वितस्तयार्जीकीये शृणुह्या सुषोमया ॥
तृष्टामया प्रथमं यातवे सजूः सुसर्त्वा रसया श्वेतया त्या ।
त्वं सिन्धो कुभया गोमतीं क्रुमुं मेहत्न्वा सरथं याभिरीयसे ॥
ऋ. १०–७५–५, ६ ॥

સિંધુ નદીની પૂર્વે આવેલી સાત નદીઓ=૧ ગંગા, ૨ યમુના, ૩ સર-

નદીઓ પૈકી એક શ્વેતી અથવા શ્વેત્યા નદીનું નામ પણ ગણાવવામાં આવ્યું છે. ઋગ્વેદના આઠમા મંડલ(૨૩–૧૮)માં તેનું બીજું નામ શ્વેતયાવરી પણ કહ્યું છે. શતપથ બ્રાહ્મણ(૧૪–૬–૮–૯)માં કહ્યું છે કે સિંધુ નદીની પૂર્વે અને પશ્ચિમે આવેલી આ ચૌદે નદીઓ શ્વેતગિરિ (ધવલગિરિ) નામના પર્વતમાંથી નીકળીને છેવટે સિંધુ નદીને મળે છે. આ શ્વેતી (અર્જુની) નદી પણ શ્વેતગિરિ પર્વતમાંથી નીકળીને હાલના ડેરા ઇસ્માઇલિખાન પાસે થઇને સિંધુ નદીની સાથે એકઠી થાય છે. તે નદીને કિનારે શ્વેત કુલના બ્રાહ્મણો વસતા હશે, અને તે જ કારણથી તેનું શ્વેતી નામ પડયું હશે.

આ અનુમાનને બીજી દિશાથી પણ પુષ્ટિ મળે છે.

ઋગ્વેદનાં છટ્ઠા તથા સાતમા મંડલોમાં, આર્ય સમ્રાટોને અનાર્યો તેમ જ આર્યો સાથે ભીષણ વિગ્રહો થયા હતા, તેનાં વર્ણનો કર્યાં છે. છટ્ઠા મંડલના ૨૭ મા સૂક્ત(ઋચા ૫–૬)માં

સ્વતી ૪ શુતુદ્રી (સતલજ), ૫ પરુષ્ણી, (ઈરાવતી અથવા રાવિ) ૬ અસિક્ની ને મળતી મરુદ્‌વૃધા (અસિક્ની=ચંદ્રભાગા–ચિનાબ, વિતસ્તા =જહલમ ; આ ચંદ્રભાગા અને જહલમ એકઠી થઇને વહે છે; ત્યારે તેનું નામ મરુદ્‌વૃધા કહેવાય છે), ૭ વિતસ્તા તથા સુષોમાની સાથે એકઠી થતી આર્જીકીયા (જહલમ અને સુષોમા (સુવન) સાથે એકઠી થતી આર્જીકીયા = વિપાશા બીઆસ=પ્રાચીન નામ ઉરૂંજિરા).

પશ્ચિમની સાત નદીઓ–૧ તૃષ્ટામા (ચિત્રાલ પ્રદેશમાં વહેતી નદી), ૨ સુસર્તુ (સુવાસ્તુ = સ્વાત) ૩ રસા (રંહા–એરેક્ષીસ અથવા જક્ષર્ટીસ), ૪ શ્વેતી અથવા શ્વેત્યા (અર્જુની), ૫ કુભા (કાબુલ નદી), ૬ ક્રુમુ (કુરમ નદી), ૭ મેહત્નુ સાથે ગોમતી (ગોમલ નદી).

(Rig Vedic India Pp. 66–67, Vedic Index Vol. II Pp. 209–460.)

સત્યવ્રત સામશ્રમીકૃત નિરુક્તાલોચન, પૃ. ૨૬–૨૭–૨૮.

૪ તેજ, પૃ. ૩૪

કહ્યું છે કે યવ્યાવતી તથા હરિયૂપીયા નદીઓને તીરે સપ્તસિંધુ પ્રદેશના સમ્રાટ્ ચયમાનના પુત્ર અભ્યાવર્તીને વરશિખના પુત્રો સાથે બે મોટાં યુદ્ધો થયાં હતાં. આ હરિયૂપીયા નદી કયાં આવી હતી ? હાલમાં અફઘાનીસ્તાનમાં આવેલા હજારા પ્રદેશમાં વહતી હરિરૂદ નામની નદી છે, તે નદી વૈદિક હરિયૂપીયા હોવી જોઇએ, એવો સત્યવ્રત સામશ્રમીનો અભિપ્રાય છે.[૫] હરિયૂપીયાનું બીજું નામ યવ્યાવતી હતું, એમ સાયણાચાર્યે પોતાના ભાષ્યમાં કહ્યું છે. અથવા યવ્યાવતી નામની બીજી કોઈ નદી તે પ્રદેશમાં આવી હશે, એમ પણ કહી શકાય. વારશિખો કોણ હતા, તે જાણવાને વિશ્વનીય સાધનો મળી શકયાં નથી. પરંતુ તે પ્રદેશમાં વસતી, ઇન્દ્રયજનનો કટ્ટર વિરોધ કરનારી કોઈ આર્યજાતિ હશે, એમ અનુમાન થઈ શકે શકે છે. કારણ કે યવ્યાવતીને તીરે જે યુદ્ધ થયું હતું, તેના વર્ણનમાં કહેવામાં આવ્યું છે કે વરશિખના ૧૩૦ પુત્રો અભ્યાવર્તી ઉપર ચઢી આવ્યા, તેનાં યજ્ઞપાત્રો ભાંગી નાંખ્યાં, અને એ રીતે તેઓએ તેના યજ્ઞનો ભંગ કર્યો (ઋ. ૬–૨૭–૬). આ વિગ્રહનું વર્ણન અંગિરા ગોત્રના ભરદ્વાજ ઋષિએ પોતે કર્યું છે. ભરદ્વાજ ઋષિ તે વિગ્રહમાં અભ્યાવર્તીને દૈવી સાહાય્ય આપવા સાથે ગયા હતા, તેની કાર્યસિદ્ધિ કરી આપી હતી, અને તેના બદલામાં રાજાએ તેઓને પુષ્કળ ધન આપ્યું હતું (ઋચા ૮). તે જ ભરદ્વાજ ઋષિએ ૨૬મા સૂક્ત(ઋચા ૩)માં કહ્યું છે કે ઇન્દ્રે ભાર્ગવગોત્રજ કવિને ઇન્દ્રયજન કરવાની ફરજ પાડી. તે ઉપરથી જણાય છે કે વારશિખોએ ઇન્દ્રયજનની સામે બળવો કર્યો હતો; તે બળવામાં તેઓને ભાર્ગવોએ સાહાય્ય કરી હતી. પરંતુ દૈવેચ્છા કંઇક જૂદી જ હોય છે; બળવાખોરોનો નાશ થયો અને ઇન્દ્રયજન વધારે બળવાન્ થયું.

તે જ પ્રસંગે વળી ભરદ્વાજ ઋષિએ (ઋ. ૬–૨૭–૭) કહ્યું

---

૫ સત્યવ્રત સામશ્રમીકૃત, ઐતરેયાલોચન, પૃ. ૩૩

છે કે ઇન્દ્રની કૃપાથી પ્રસ્તોકસૃંજય રાજાએ તુર્વશ રાજાને તાબે કર્યો. તે જ મંડલના ૩૭ મા સૂક્ત(ઋચા ૨૨–૨૪)માં કહ્યું છે કે તે જ ભરદ્વાજના પુત્રો ગર્ગે અને પાયુએ પ્રસ્તોકસૃંજયને તથા અતિથિગ્વ દિવોદાસને (સુદાસના પિતાને) તેઓના શત્રુઓની સામેના સંગ્રામોમાં દૈવી સાહાય્ય કરી હતી. તેના બદલામાં તે રાજાઓએ તેઓને પુષ્કલ ધનસંપત્તિ દાનમાં આપી હતી. આ ઉપરથી સ્પષ્ટ અનુમાન થાય છે કે અંગિરાગોત્રના ભરદ્વાજ ઋષિ અને તેના વંશજોએ પોતાના યજમાન રાજાઓને ઉશ્કેરીને તેઓની પાસે ઇન્દ્રને નહિ માનનારા આર્યોની દુર્દશા કરાવી હતી.

ઋગ્વેદના સાતમા મંડલમાં વસિષ્ઠઋષિએ ૧૮–૩૩ અને ૮૩-મા સૂક્તોમાં દાશરાજ્ઞવિગ્રહનું બહુ ઓજસ્વી કાવ્યમાં વર્ણન કર્યું છે. દાશરાજ્ઞવિગ્રહ વૈદિક પરુષ્ણી એટલે પૌરાણિક ઇરાવતી અથવા વર્તમાન રાવિ નદીને કિનારે થયો હતો. તે વિગ્રહમા એક બાજુએ ભરતવંશી રાજા દિવોદાસનો પુત્ર સુદાસ અને તેની સાહાય્યમાં તૃત્સુઓ હતા. બીજી બાજુએ અનુઓ, દ્રુહ્યુઓ, પુરુઓ, યદુઓ, તુર્વશો, મત્સ્યો, ભૃગુઓ, કવષો, શ્રુતો અને વૃદ્ધો, એ દશ જાતિઓના દશ રાજાઓ અને તેઓની સાહાય્યમાં આર્યાવર્તની સરહદે આવેલ પક્થો, ભલાનો, અલિનો, વિષાણીઓ, શિવો, વિકર્ણો, અને શિમ્યુઓ નામની જાતિઓના સરદારો પોતપોતાની સેનાઓ લઇને લડવા આવ્યા હતા. દશ આર્યરાજાઓનાં રાજ્યો પરુષ્ણીથી પશ્ચિમે, ઉત્તરે અને દક્ષિણે આવ્યાં હતાં, અને સુદાસનું રાજ્ય પરુષ્ણીથી પૂર્વે સરસ્વતી નદી સુધીના પ્રદેશ ઉપર હતું. પરુષ્ણી એટલે રાવિ–ચિનાબ નદીઓ વચ્ચેના પ્રદેશ ઉપર મિત્રરાજ્યોએ પડાવ નાંખ્યો હતો, અને તેની પૂર્વ બાજુએ સુદાસ રાજાની સેના ગોઠવાઈ હતી. આ સ્થલે ઘોર સંહારક યુદ્ધ થયું હતું; સુદાસે મિત્રરાજાઓની સેનાઓનું નિકંદન કરી નાંખ્યું હતું. જેઓ તેમાંથી બચ્યા હતા, તેઓ આ દેશ છોડી નાશી ગયા હતા. આ ઉપરથી

જણાય છે કે, આ યુદ્ધમાં જે ભૃગુઓએ ભાગ લીધો હતો, તે પૂર્વે અફ્ઘાનીસ્તાનમાં આવેલી શ્વેતી (અર્જુની) નદીને કિનારે વસનારા શ્વેત અથવા શ્વિત્ન કુલના વંશજો હશે.

૫ અહ્રીમઈન્યુ એટલે શું? અને શાથી?

ઉપર્યુક્ત ઐતિહાસિક કથાઓથી સ્પષ્ટ અનુમાન થાય છે કે હરિયૂપીયા અને પરુષ્ણીનાં યુદ્ધો થયા પછી વારશિખો, અનુઓ, દ્રુહ્યુઓ, પૂરૂઓ, યદુઓ, તુર્વશો–ઇત્યાદિ ક્ષત્રિઓ, તેમ જ તેઓની સાથે ભાર્ગવગોત્રના શ્વિત્ન અથવા શ્વેત કુલના બ્રાહ્મણો અને અથર્વાના વંશજો પણ સપ્તસિંધુપ્રદેશ છોડી નાશી ગયા હતા. અંગિરાઓએ અને વસિષ્ઠોએ તેઓની દુર્દશા કરવામાં મોટો ભાગ લીધો હતો. બ્રાહ્મણગ્રંથોમાં, મહાભારતમાં અને પુરાણોમાં વર્ણવેલા દીર્ઘકાલવ્યાપી દેવાસુરવિગ્રહો, તે ભાર્ગવઅંગિરાઓ વચ્ચે થયેલ ઇન્દ્રાદિસંપ્રદાયો વિરુદ્ધ ધર્મકલહો હતા. અહુનવરમંત્રમાં ઉપનિષદોના સિદ્ધાન્તોની છાયા સ્પષ્ટરીતે જોવામાં આવે છે. તે મંત્રના રચનાકાલ સુધી ઈરાની આર્યો અને વૈદિક આર્યો વચ્ચેનો સંબંધ સચવાઈ રહેલો જણાય છે. જરથુસ્ત્રે બે ઈશ્વિરોની કલ્પના કરી છે, અને તેવી કલ્પના વેદ, પુરાણ કે ઇતિહાસના કોઈ પણ ગ્રંથમાં જોવામાં આવતી નથી. તેથી જરથુસ્ત્રના કાળમાં તે સંબંધ કેવલ બંધ પડયાનું અનુમાન થાય છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જરથુસ્ત્રે બે સૃષ્ટિઓના બે ઈશ્વરો હોવાની કલ્પના ક્યાંથી મેળવી? તેના પ્રત્યુત્તરમાં પ્રોફેસર હાઉગ કહે છે કે જરથુસ્ત્રની ગાથાઓમાંથી બે ઈશ્વિરોની ભાવના બિલકુલ પ્રતીત થતી નથી. એક અહુરમઝદમાં જ તે બન્ને ભાવનાઓ સમાઈ રહી છે.[૬] ફ્રેંચ પંડિત દારમેસ્તેતે કહે છે કે એકીમીનીયાની પ્રજામાં બે સ્વતંત્ર ઈશ્વિરોની ભાવના પ્રચલિત હતી.

---

૬ Essays on the Religion of the Parsees, by Prof. Haug, 3rd ed, p p. 303–304.

જરથુસ્ત્રે તે કલ્પના એકીમીનીયાના ધર્મમાંથી મેળવી હતી.[૭] પરંતુ એકીમીનીયા ઈરાનનો જ ભાગ હતો, તેની પ્રજા મઝદધર્મ પાળતી હતી; મહાન્ સાયરસ, કેમ્બીસીસ અને દરાયસ જેવા સુવિખ્યાત સમ્રાટો એકીમીનીયન વંશના હતા.[૮] તેઓ સઘળા જરથુસ્ત્રસ્થાપિત ધર્મ પાળતા હતા, ત્યારે જરથુસ્ત્ર તેઓની પછી થઈ ગયા, એમ શી રીતે કહી શકાય? એ કલ્પનાનું મૂલ તો ઈતર સ્થલેથી જ શોધવાનું રહે છે. એસિરિયા, બાબીલોનીયા, ચેલ્ડીયા જેવી પ્રાચીનતર સેમેટિક પ્રજાઓના ધર્મોમાંથી પણ તેવી કલ્પના નીકળતી નથી. જરથુસ્ત્રને પોતાને જ તે કલ્પના ઉદ્ભવવી પડી હતી, અને તેમ થવાનાં કારણો પણ છે.

ઉપર કહેવામાં આવ્યું છે તેમ જરથુસ્ત્રને તે કલ્પના સ્ફુરવાનું કારણ બીજું કંઈ નહિ, પણ ઇન્દ્રાદિ સંપ્રદાયોના અનુયાયીઓ અંગિરાઓ અને તે સંપ્રદાયોના વિરોધી ભાર્ગવો વચ્ચેનો ધર્મવિગ્રહ અથવા દેવાસુરવિગ્રહ જ છે. પ્રોફેસર દારમેસ્તેતે પણ અનેક ઊહાપોહો કરી અંતે તે જ નિર્ણય ઉપર આવેલ છે. પરુષ્ણીયુદ્ધમાં વિજય મેળવનાર ભારતવંશી રાજા સુદાસનો પિતા દિવોદાસ હતો; તે રાજાના પુરોહિત અંગિરાકુલના ભરદ્વાજ ઋષિ હતા. તે દિવોદાસના વંશજ પરુચ્છેપે એક સાત મંત્રોનું સ્તોત્ર રચ્યું છે. તેમાં ઇન્દ્રદ્રોહીઓનો ચૂરેચૂરા કરવાની, તેઓ સર્વનો એક સાથે સ્મશાનવાસ કરાવવાની તેમ જ તેઓને નરકના અગ્નિકુંડોમાં નાંખવાની ઇન્દ્રને પ્રાર્થના કરી છે (ઋ. ૧-૧૩૩). અંગિરાગોત્રના શુનહોત્ર ઋષિના પુત્ર ગર્ત્સમદે ઇન્દ્રના મહિમાનાં ઉપરાઉપરિ એક સાથે બાર સૂક્તો (ઋ. ૨-૧૧ થી ૨૨ સુધી) રચ્યાં છે. તેમાં

---

૭ Zend Avesta Part I, by Prof. J. Darmesteter, Sacred Books of the East, Vol. IV, Introduction Pp. LXI-LXIII.

૮ Nelson's Encyclopaedia, Vol, P. 69.

પણ ઇન્દ્રનું અસ્તિત્વ સિદ્ધ કરવાના હેતુથી, ઇન્દ્રે તેઓના શત્રુઓનો કેટલો બધો કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે, તેનું અતિ પ્રચંડ વાણીમાં વર્ણન કર્યું છે. જરથુસ્ત્રની ગાથાઓમાં પણ તેના પ્રત્યુત્તરરૂપે પ્રતિધ્વનિઓ સંભળાય છે. જરથુસ્ત્રના પૂર્વજોને નવીન સંપ્રદાય સ્થાપનાર અંગિરાદિ બ્રાહ્મણો અને તેઓના યજમાન રાજાઓની સામે બંડ ઉઠાવવું પડયું હતું, તેમ જરથુસ્ત્રને પણ પોતાનો ધર્મ જાહેર કરતાં જ આખી પ્રજાના વિરોધથી તેમજ બંદ્વાદિ રાજાઓના આક્રમણથી ત્રાહિ ત્રાહિ પુકરાવાની સ્થિતિ પ્રાપ્ત થઈ હતી.[૯]

એ સઘળાં કારણોથી ઉશ્કેરાઇને, જરથુસ્ત્રને સાધુસૃષ્ટિના તેમ જ દુષ્ટસૃષ્ટિના, એમ બે સૃષ્ટિઓના બે જૂદા જૂદા ઇશ્વરો કલ્પવા પડયા હતા. યજશ્નેના ૪૫ મા હામાં જરથુસ્ત્રે પોતાના સિદ્ધાન્તો સ્પષ્ટતાથી જાહેર કર્યા છે. તે પ્રકરણના બીજા પરિચ્છેદમાં સાધુસૃષ્ટિના સ્રષ્ટાને સ્પેન્તામઇન્યુ અને દુષ્ટસૃષ્ટિના સ્રષ્ટાને અંગ્રો-મઇન્યુ કહ્યા છે.

ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અંગ્રોમઇન્યુ એટલે શું? અને શા માટે દુષ્ટસૃષ્ટિના ઇશ્વરનું નામ અંગ્રોમઇન્યુ પાડવામાં આવ્યું.

પ્રોફેસર તારાપોરવાલા કહે છે કે અંગ્રોમઇન્યુનું મૂલ રૂપ અંઙ્હ્રમઇન્યુ છે. અંઙ્હ્ર શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃત **अंह्** ધાતુમાંથી નિષ્પન્ન થયેલ **अंहस्** શબ્દ ઉપરથી થઈ છે. કાંગાકૃત અવસ્તાના શબ્દ કોષમાં અઙ્હ્ર શબ્દનું રૂપાન્તર અંગ્ર આપ્યું છે, અને અંગ્ર શબ્દ અંઘ્ (સં. **अंह्**) ધાતુ ઉપરથી વ્યુત્પન્ન થયો છે, એમ દર્શાવ્યું છે. (પૃ. ૧૧) અંઘ્ અથવા સંસ્કૃત **अंह्**નો અર્થ 'પીડવું, હણવું,' એવો કરવામાં આવ્યો છે (પૃ. ૨૨). પરંતુ સંસ્કૃત **अंह्** ધાતુનો મૂલ અર્થ 'પીડવું' થતો નથી, મૂલ અર્થ તો 'જવું, પોહોંચવું' વગેરે થાય છે. આ **अंह्** ધાતુ ઉપરથી **अंहस्**, **अंहु** અને **अंहुर** શબ્દો નિષ્પન્ન થયા છે, અને તે શબ્દો વૈદિક સાહિત્યમાં 'પાપી, પીડક'

---

૯ યજશ્ને હા ૪૬ પરિ. ૧–૨; તથા હા ૩૨ પરિ. ૧ થી ૪ તથા હા ૪૪ પરિ. ૧૫–૧૬; તથા હા ૪૯ પરિ. ૧–૪

વગેરે અર્થમાં વપરાયા છે. પરંતુ તે ધાતુ ઉપરથી **अंग्र** શબ્દ વ્યુત્પન્ન થયો નથી.

પ્રોફેસર તારાપોરવાલા કહે છે તેમ મૂલ શબ્દ અઙ્ગ્રોમઈન્યુ છે? કે અઙ્રૅમઈન્યુ છે? પરંતુ યજશ્નેમાં તેમ ખુદ જરથુસ્ત્રવિરચિત ગાથાઓમાં મૂલ શબ્દ અઙ્ગ્ર અથવા અઙ્ગ્રોમઈન્યુનો પ્રયોગ થયેલો જોવામાં આવે છે. ત્યાર પછી રચાયેલા વંદીદાદના ગ્રંથમાં તે અઙ્ગ્રનું અઙ્રૅ રૂપાન્તર થયું છે. (કાં. અ. શ. કો. પૃ. ૧૧૭). તે ઉપરથી નિર્વિવાદ સિદ્ધ થાય છે કે મૂળ શબ્દ અઙ્રૅ નહિ, પણ અઙ્ગ્ર જ છે.

ઉપર કહ્યા પ્રમાણે જરથુસ્ત્રની ઉશ્તવઈતિ ગાથા(યજશ્ને, હા. ૪૪ પરિ. ૧)માં અઙ્ગ્ર શબ્દ અઙ્ગ્રોમઈન્યુને માટે વપરાયો છે. પરંતુ તે સિવાય યજશ્નેના ૪૨મા હાના ૧૫મા પરિચ્છેદમાં અઙ્ગ્ર શબ્દ વપરાયો છે, તેનો અર્થ અંગિરાઋષિઓ જ થાય છે, એમ પ્રોફેસર હાઉગ નિશ્ચયપૂર્વક માને છે. તેઓ વિશેષતઃ એમ પણ કહે છે કે 'ઈરાની આર્યો સાથે જે જે ઋષિકુલોએ કલહ કર્યો હતો, તેમાં અંગિરાઓએ સૌથી વધારે ભાગ લીધો હતો.'[૧૦] છતાં તે સ્થળે તેમ જ યજશ્ને હા ૪૫-૨ તથા હા ૪૮-૧૦માં અઙ્ગ્ર શબ્દનો અર્થ દુષ્ટ મનુષ્ય અથવા દુષ્ટતા કર્યો છે.[૧૧] એ રીતે અવસ્તામાં અઙ્ગ્ર શબ્દનો અર્થ દુષ્ટતાવાચક જ થઈ ગયો છે.

જ્યારે મૂલ શબ્દ અઙ્રૅ નહિ, પણ અઙ્ગ્ર છે, ત્યારે તેનો ધાતુ **अंह्** નહિ. પણ **अंग्** જ હોવો જોઈએ. **अंग्** ધાતુનો અર્થ 'ચાલવું, હરવુંફરવું' થાય છે. (આપ્ટે. સં. શ. કો, પૃ. ૧૮). તે **अंग्** ધાતુ ઉપરથી **अंगिर्** અથવા **अङ्गिरस्** શબ્દો નિષ્પન્ન થયા છે. અઙ્ગિરસ્ અથવા અઙ્ગિરા ઋષિની ઉત્પત્તિ યજ્ઞકુંડમાંથી થઈ હતી, એમ

---

૧૦ Essays on the Religion of the Parsees by Haug 2nded. P. 294.

૧૧ કાવસજી એદલજી કાંગાકૃત ગાથાઓનું ગુજરાતી ભાષાન્તર પૃ. ૧૦૭, ૧૦૮, ૧૩૦, ૧૭૪.

કહેવામાં આવ્યું છે.[૧૨] તે અઙ્ગિર્ અથવા અઙ્ગિરસ્ શબ્દ ઉપરથી અવસ્તાનો અઙ્ગ્ર શબ્દ રૂપાન્તરિત થયો છે. જે અઙ્ગિરાના વંશજોએ જરથુસ્ત્રના પૂર્વજ ભાર્ગવો અને તેઓના યજમાન ક્ષત્રિય રાજાઓને પાયમાલ કરી નાંખ્યા હતા, તે અંગિરાઓ અથવા અઙ્ગ્રો દુષ્ટ, અરે! દુષ્ટતમ સિવાય બીજા કયા અર્થના વાચક થઈ શકે? અંગિરાઓ દુષ્ટ, તેઓના ઇન્દ્રાદિ દેવો પણ દુષ્ટ, તેમ જ તેઓના સોમયાગો પણ દુષ્ટ, એવી માન્યતા જરથુસ્ત્રના કાળમાં ઈરાની આર્યોની થઈ જાય, તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? ત્યારે તેવા દુષ્ટ દેવો, તે દેવોના ભક્તો તેમ જ તેઓની સૃષ્ટિનો સ્રષ્ટા, કરુણાનો ભંડાર, સકલ સદ્‌ગુણોની પ્રજ્વલંત પ્રતિમા અહુરમઝ્દ તો શી રીતે હોઈ શકે? અરે દુષ્ટ અંગિરાઓનો (મઇન્યુ) મન્યુ એટલે ક્રોધ, તેઓનો રોષ એ જ તેઓનો આત્મા હોઈ શકે! એ જ તેઓનો ઇશ્વર હોઈ શકે! આવો વિચાર જરથુસ્ત્રના મગજમાં આવે, તેમાં અસ્વાભાવિક કશુંય નથી. જરથુસ્ત્ર તો એવી દુષ્ટસૃષ્ટિના સ્રષ્ટાનું નામ અંગિરામન્યુ એટલે અઙ્ગ્રમઇન્યુ જ પાડે!

(૬ ગાથાઓનો ગીતા સાથે કે બુદ્ધ દેવના ધર્મગ્રન્થો સાથે કંઈ સંબંધ હતો?)

તેમ છતાં પણ જરથુસ્ત્રના સમયનો નિર્ણય કરવો, તે ઓછું વિકટ નથી. માત્ર એટલું જ કહી શકાય કે મુખ્ય ઉપનિષદોના કાળમાં અથવા ત્યાર પછી તુરત જરથુસ્ત્રનો અવતાર થયો હતો. મુખ્ય ઉપનિષદો ચોક્કસ કેટલાં વર્ષો પહેલાં પ્રકટ થઈ હતી, તેનો સંતોષકારક નિર્ણય હજુ કયાં થયો છે? બૃહદારણ્યકોપનિષદ્ મૈથિલ રાજા જનકવિદેહીના સમયમાં પ્રકટ થઈ હતી, એ તો સ્પષ્ટ છે. પરંતુ જનકવિદેહી, એ કંઈ અમુક રાજાનું વિશેષ નામ ન હતું. બ્રહ્મવિદ્યાનું અવિચ્છિન્ન અધ્યયન કરવાને લીધે મિથિલાના રાજાઓને

---

૧૨ ઐતરેય બ્રાહ્મણ ૩-૧; શતપથ બ્રાહ્મણ ૪-૫-૧૦૮, શૌનકકૃત બૃહદ્દેવતા અ. ૫. શ્લો. ૯૫-૯૮.

વંશપરંપરાગત તે પદવી આપવામાં આવી હતી. ગમે તેમ હોય પણ ગીતાની પહેલાં મુખ્ય ઉપનિષદોની પ્રસિદ્ધિ હોવી જ જોઈએ. કારણ કે ગીતા સર્વ ઉપનિષદોનું નવનીત છે, એમ કહેવામાં આવે છે. તો પછી મહાભારતના કાળપહેલાં ઉપનિષદો રચાઈ હતી, એમ સ્વીકારવું પડે છે. સાંખ્યવિદ્યાના સ્થાપક કપિલમુનિના શિષ્ય આસુરિ, તેઓના શિષ્ય પંચશિખ, મિથિલેશના ગુરૂ યાજ્ઞવલ્કય, તેઓના ગુરૂ તેમ જ છાંદોગ્યોપનિષદમાં **તત્ત્વમસિ** સિદ્ધાન્તના પ્રતિપાદક ઉદ્દાલક, આદિ સમકાલીન ઋષિઓ ઉપનિષદના કાળમાં જ થઈ ગયા હતા. ગીતાની ભાષા, ગીતાના વિચારો, ગીતામાં કરેલું સકલ સંપ્રદાયોનું વર્ગીકરણ તેમ જ સમન્વય, તત્ત્વદર્શન કરાવવાની કલા, સંવાદવિવાદની પદ્ધતિ, એ તો એટલું બધું અપૂર્વ અને અદ્વિતીય છે કે જગતનો કોઈ પણ ધર્મગ્રંથ અથવા તત્ત્વજ્ઞાનનું પુસ્તક ગીતાની કક્ષામાં આવી શકે તેમ નથી, એ સર્વ હકીકત ધ્યાનમાં લેતાં, ગીતા અવશ્ય ઉપનિષદોની પછી જ રચાયેલી હોવી જોઇએ.

ગીતા અને ગાથાઓની સંરખામણી કરતાં સહજ જણાઈ આવશે કે ગાથાઓને ગીતાના તત્ત્વજ્ઞાનનો, સિદ્ધાન્તોનો, સૃષ્ટિચક્રના રહસ્યમાં અવગાહનનો કે માનસ તત્ત્વના પૃથક્કરણનો લેશમાત્ર સ્પર્શ થયો નથી. ત્યારે ગીતા પછી ઘણે વર્ષે થયેલા મહાત્મા બુદ્ધ દેવના ઉપદેશની તેમાં છાયા હોવાનો સંભવ પણ કયાંથી હોય ? અષો જરથુસ્ત્ર એટલે સત્યાત્મા * જરથુસ્ત્રે અંતઃકરણને સત્ત્વગુણના સંભારથી ભરી દેવા, વાણીને કેવલ નિર્દોષ રાખવા તથા શારીરિક સકલ કર્મો નિતાન્ત નિરુપદ્રવ કરવાને પોતાના અંતરને ઉથલાવી નાંખી, ઉપદેશ કર્યો છે. ગળેલા વિચારો, ગળેલા ઉચ્ચારો અને ગળેલા આચારો,×

---

* અષ=સત્ય ; અષો=સત્યાત્મા. અશો તેનું રૂપાન્તર છે.

× સરખાવો:—

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं जलं पिबेत् ।
सत्यपूतां वदेद्वाचं मनःपूतं समाचारेत् ॥ મનુસ્મૃતિ, ૬–૪૬.

અર્થ—દૃષ્ટિથી ગળીને એટલે જોઈ જોઇને પગલું ભરવું, વસ્ત્રથી ગળીને પાણી પીવું, સત્યથી ગળીને વચન કાઢવું, મન અને બુદ્ધિથી ગાળીને કામ કરવું.

તે સાથે એ ત્રણેનું અવિરત ઐક્ય એટલે કદિ પણ છૂટું ન થઈ શકે તેવું ગંઠન-ગુંથવાને તેઓએ પ્રસંગે પ્રસંગે, સ્થલે સ્થલે ભાર મૂકીને તે સમયની પ્રજાને આગ્રહ કર્યો છે. પરંતુ બુદ્ધદેવનું હૃદય મનુષ્યોના અત્યાચારોથી, વિદ્વેષથી, પ્રતારણાથી, સ્વાર્થાન્ધતાથી, કલહોથી, વિગ્રહોથી અને તે સર્વમાંથી પરિણમતા ક્લેશો અને વિનિપાતોના હાહાકારથી પીગળી જઈ, તેમાંથી કરુણાનો જેવો ગંગાપ્રવાહ અર્ધ જગત ઉપર રેલાઈ ગયો હતો, તેવો પ્રવાહ ગાથાઓમાંથી વહતો હોય, તેમ જણાતું નથી. બુદ્ધદેવે તો ઇશ્વર અને ઇશ્વરની સૃષ્ટિનો કદિ પણ પાર ન આવે, તેવા વિવાદનો સ્પર્શ પણ કર્યો નથી. ત્યારે સત્યાત્મા જરથુસ્ત્રે માત્ર ઇશ્વર વિષે જ નહિ, પણ ઇશ્વરના સૃષ્ટિ સાથેના સબંધ વિષે, ઇશ્વરની વોહુમનહું, અષવહિશ્તાદિ સામગ્રીઓ વિષે, ઇશ્વરને સહાય્ય કરનાર સ્રઓશ (**ओष्यन्-ओष**), પૃથ્વીદેવતા, રતુ, અહુ, સ્પેન્તામઇન્યુ, આર્મેઇતિ, ઇત્યાદિ અધિકારી દેવો વિષે પોતાના સિદ્ધાન્તો સ્પષ્ટરીતે જાહેર કર્યા છે. (યજસ્ને હા ૨૮-૩૧) બુદ્ધદેવના ઉપદેશ સાથે મહાત્મા જરથુસ્ત્રના ઉપદેશનું એ મહત્ત્વનું વૈષમ્ય છે.

છતાં વંદીદાદના ૧૯ મા ફરગર્દના પ્રથમ પરિચ્છેદમાં કહ્યું છે કે જરથુસ્ત્રને સતાવવાના, તેઓને ધર્મોપદેશ કરતાં અટકાવવાના ઉદ્દેશથી અગ્રોમઇન્યુએ પોતાના બુઇતિ અને દ્રુજ નામના દૂતોને પ્રેર્યા; ૧૧ મા ફરગર્દના ૯ મા પરિચ્છેદમાં દુષ્ટ સત્ત્વોની સાથે બુઇતિ અને તેનાં સંતાનોને હાંકી કાઢવાને જરથુસ્ત્રે મંત્રોપદેશ કર્યો છે. તે બે હકીકતો ઉપરથી પ્રોફેસર દારમેસ્તેતે તે બન્ને સ્થલોએ બુઇતિ અથવા બુઇધિનો અર્થ બુદ્ધદેવ અને બૌદ્ધ ધર્મની મૂર્તિપૂજા કરે છે. [૧૩]

---

13 The Sacred Books of the East, Vol, IV. The Zend Avesta Part I, by J. Darmesteter, Pp. 210 & 245 as well as Introduction P. LII.

બુઇતિ અથવા બુઇધિ એ કદાચ બુદ્ધ શબ્દનું રૂપાન્તર હોઈ શકે, પરંતુ બુદ્ધનો અર્થ જ્ઞાની થાય છે, છતાં તેનો અર્થ મૂર્તિપૂજક કે મૂર્તિપૂજા શી રીતે થઈ શકે? બુદ્ધના અનુયાયીઓએ પાછળથી મૂર્તિપૂજા દાખલ કરી હતી, પરંતુ બુદ્ધદેવે પોતે કદી પણ મૂર્તિપૂજાનો ઉપદેશ કર્યો ન હતો. અંગ્રોમઇન્યુએ જેમ જરથુસ્ત્રને સતાવ્યા હતા, તે પ્રમાણે અથવા તેથી સહસ્રગુણ વિશેષ માર દેવે બુદ્ધને તપશ્ચર્યા કરતાં અટકાવવાને પીડા કરી હતી ઉભય ધર્માવતારોની જીવનકથાનો તેટલો ભાગ સમાન છે, તે સત્ય છે. પરંતુ મારનો પરાજય શી રીતે કરવામાં આવ્યો હતો? જન્મજન્માન્તરથી અંતઃકરણમાં જડ ઘાલી રહેલ કુસંસ્કારો અને દુર્વાસનાઓનો બુદ્ધદેવે માત્ર સંકલ્પના બલથી જ વિનાશ કરી નાંખ્યો અને એ રીતે માર દેવની સેનાને ભસ્મસાત્ કરી નાંખી: નિઃસત્ત્વ થઈ ગયેલ માર દેવ જીવ લઈ પલાયન કરી ગયો, ત્યારે જરથુસ્ત્રે અંગ્રોમઇન્યુ અને તેની સેનાનો નાશ કરવાને માટે સંકલ્પબલનો એટલે આત્મબલનો નહિ, પણ અહુરમઝદની પેઠે અહુનવરમંત્રમાં રહેલ અગાધ શક્તિનો ઉપયોગ કર્યો હતો.[૧૪] અંગ્રોમઇન્યુ અહુરમઝદનો પ્રતિયોગી, પ્રતિસ્પર્ધી સ્વતંત્ર પ્રભુ હતો ત્યારે માર તો માત્ર વ્યક્તિના તેમ જ સમષ્ટિનાં સૂક્ષ્મ શરીરોમાં વજ્રલેપવત્ ચોંટી રહેલ દુર્વૃત્તિઓનો સમસ્ત પ્રતિનિધિ હતો. મારમાં કોઈ પણ પ્રકારનું ઐશ્વર્ય હતું જ નહિ.

ત્યારે બુઇતિ અથવા બુઇધિ એટલે શું? બુત એટલે મૂર્તિ અને તે ઉપરથી બુઇતિ એટલે મૂર્તિપૂજકોનો દેવ, એવો અર્થ અવસ્તાના શબ્દકોષમાં કરવામાં આવ્યો છે. (પૃ. ૩૭૭–૩૭૮) સંસ્કૃત કોષમાં **बुट्** ધાતુનો અર્થ 'પીડવું અથવા હણવું' એવો આપ્યો છે. (આપ્ટે સં. શ. કો. પૃ. ૭૯૮) **बुट्** ધાતુને **ति** પ્રત્યય લગાડવાથી **बुट्टि** અથવા **बुत्ति** રૂપ નિષ્પન્ન થઈ શકે.

૧૪ યજશ્ને હા ૧૯, પરિ૦ ૧૫ તથા વદીદાદ ફરગર્દ ૧૯, પરિ૦ ૨૦

અને તેનો અર્થ 'પીડા કરનાર, ખૂની' એવો કરી શકાય. બુઇતિ અથવા બુઇધિ આ સંસ્કૃત બુદ્દિ અથવા બુત્તિનું રૂપાન્તર માત્ર છે; બુદ્ધ અને બુઇતિને પરસ્પર કશો ય સંબંધ નથી. વંદીદાદના કર્ત્તા જરથુસ્ત્રે અથવા તેઓના શિષ્યોએ બુદ્ધ અને તેઓના ધર્મનો તિરસ્કાર કરવાના હેતુથી બુઇતિ અથવા બુઇધિ શબ્દોનો પ્રયોગ કર્યો હતો, એવી પ્રોફેસર દારમેસ્તેતેની કલ્પના કેવલ કાલ્પનિક જ સિદ્ધ થાય છે.

(૭ ગાથાઓનો મહિમા).

જરથુસ્ત્રે સ્વવિરચિત ગાથાઓમાં ગીતામાંથી કે બુદ્ધના ધર્મગ્રંથો-માંથી કંઈ પણ ભાગ ગ્રહણ કર્યો હતો, અથવા ગીતોપદેશ કરનાર શ્રીકૃષ્ણભગવાને કે તે ઉપદેશને ગીતામાં ગોઠવનાર શ્રીમદ્દ્વૈપાયન વ્યાસજીએ તેમ જ બુદ્ધદેવે કે તેઓના શિષ્યોએ પોતાના ધર્મગ્રંથોમાં ગાથાઓના સિદ્ધાન્તોનો ઉપયોગ કર્યો હતો, એમ માનવાને કંઈ પણ કારણ નથી. ગાથાઓની રચના કેવલ વૈદિક સંહિતાઓની, વિશેષતઃ તૈત્તિરીય સંહિતાની રચનાને જ મળતી આવે છે, તે સંહિતાઓના વૈદિક ઋષિઓની પેઠે મહાત્મા જરથુસ્ત્રે પણ સાધુ દેવોની જ સ્તુતિ, દુષ્ટ દેવોનો તિરસ્કાર, ધર્મવિરોધીઓને અભિશાપો, તેઓનું નિકંદન કાઢી નાંખવાને ઈશ્વરપ્રાર્થનાઓ, પોતાને મદદ આપનાર કવ વિશ્તાસ્પ (કવિ વિશ્ટાશ્વ), પોતાના શ્વશુર તેમ જ પટ્ટ શિષ્ય ફ્રેશ ઓસ્ત્ર (પરિશસ્ત્ર), તથા પોતાના જામાતા જામાસ્પ (યામાશ્વ) હકીમની પ્રશસ્તિ,[૧૫] દુષ્ટોને આ લોકમાં તેમ જ પરલોકમાં દુર્ગતિનો ભય, સાધુ જીવોની ઉત્તરોત્તર ઉન્નતિની આશા, એ સર્વ વિષયો વિષે ઓજસ્વી ભાષામાં, પ્રભુપ્રેરિત વાણીમાં સૂક્તો ને સૂક્તો ગાયાં છે.

પરંતુ માત્ર સામાન્ય સદુપદેશોનાં પ્રવચનો કરવાનું કે ભજનો ગાઈ ભક્તોને રીઝવવાનું જરથુસ્ત્રના અવતારનું મુખ્ય પ્રયોજન ન હતું.

૧૫ યજશ્ને હા ૫૧-૧૭ તથા હા ૫૩-૨,૩, ૪.

જે સમયે આખી જનસમાજ સેતાનના મોહપાશમાં સપડાઈ ગઈ હતી, જે સમયે સ્વાર્થની અંધી છાઈ રહેલી હોવાથી કર્ત્તવ્યાકર્તવ્યનું ભાન રહ્યું ન હતું, તે સમયે પ્રભુએ જનતાને પોતાના ધામનો માર્ગ દર્શાવવાને માટે–માત્ર દર્શાવવા જ નહિ, પણ તે માર્ગે ખેંચી જવાને માટે–જરથુસ્ત્રને મોકલ્યા હતા. એકેશ્વરની અનન્ય ભક્તિ, એકેશ્વરનું અનન્યશરણ, તે કાલની સિંધુપારની પ્રજાને કોઈએ પણ અર્પ્યું હોય, તો તે ઈશ્વરાવતાર જરથુસ્ત્ર જ હતા. મનનો, વચનનો, તનનો મેલ ધોઈ નાંખનાર, કેવલ દૈવી સંપત્તિનો ભંડાર ખુલ્લો મૂકનાર પ્રથમ કોઈ પણ પયગંબરે જન્મ લીધો હોય, તો તે મહાત્મા જરથુસ્ત્રે જ. પશુપક્ષીઓનો સંહાર કરી, ઉદરદર પૂરવાનું બંધ કરવાનો અને ઈશ્વરે આપેલા હાથપગ હલાવીને પ્રામાણિક ઉદ્યમથી પોતાનું કે પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાનો બલિષ્ઠ આગ્રહ કરનાર સૌથી પહેલા જરથુસ્ત્ર જ હતા.[૧૬] બીજા પયગમ્બરોએ, આચાર્યોએ, નીતિશાસ્ત્રીઓએ કે તત્ત્વવેત્તાઓએ તેઓના ધ્વનિનો માત્ર પ્રતિધ્વનિ જ કર્યો છે. સંક્ષેપમાં કહીએ તો **વિશુદ્ધ જીવન અને અનન્ય ઈશ્વર-ભક્તિ**–એટલા શબ્દોમાં જ તેઓનો ઈશ્વરી સંદેશ સમાઈ જાય છેઃ આજ હજારો વર્ષ પછી સ્વદેશમાંથી નિર્દયતાથી હાંકી કઢાયેલા, પરદેશમાં પરપ્રજાની મધ્યમાં આવીને વસેલા તેઓના મુઠ્ઠીભર અનુયાયીઓનાં હૃદયોમાંથી, તેઓના સંદેશની પ્રજ્વલંત જ્વાલા ઓલવાઈ ગઈ નથી. તે જ તેઓના સંદેશનું સંપૂર્ણ અંતઃસત્ત્વ સિદ્ધ કરે છે. હજુ પણ તે સંદેશને ઇચ્છાએ કે અનિચ્છાએ, અલ્પાંશે કે અધિકાંશે અનુસરનાર પારસી ભાઈઓ પરદેશી પ્રજામાં, પરધર્મી સમાજોમાં પોતાનું સ્વત્વ, પોતાનું ગૌરવ, પોતાની પ્રતિષ્ઠા, પોતાનું મહત્ત્વ સાચવી રહ્યા છે, તે તે ઈશ્વરતેજોંશસંભૂત મહાત્મા જરથુસ્ત્રનો ઓછો વિજય નથી!

---

૧૬ યજશ્ને હા ૩૧, પરિ૦ ૯–૧૦

મહાત્મા જરથુસ્ત્રને કોઈ પણ મંત્રે એટલી બધી પ્રેરણા કરી હોય, એટલું બધું આત્મબલ રેડયું હોય, તો તે આ એક જ અહુનવર મંત્ર હતો. તે મંત્રનો મહિમા આથી વધારે કયા શબ્દોમાં વર્ણવી શકાય ?

અંતે મહાત્મા જરથુસ્ત્રના શબ્દોમાં પ્રભુને વિનવતાં, વિનવતાં, આપણે આટલેથી જ વિરમશું !

૧ ૨ ૩ ૪ ૫ ૬
તાઈશ્ વાઓ યશનાઇશ પઇતી સ્તવસ્ અયેની ।
तैः वः यजनैः प्रति स्तुवन् अयानि ।

૭ ૮ ૯ ૧૦ ૧૧
મઝદા અષા વઙુહેઉશ શ્યઓથનાઇશ્ મનહ્ઙો ।
महद्‌ अर्षेण वसुनः च्योत्नैः मनसः ॥

હે અહુરમઝદ![૭] હે પ્રભુ![૭] તે તે[૧] યજનો[૩] દ્વારા[૪] સત્યથી[૮] તેમ જ નિર્મલ[૯] અંતઃકરણમાંથી[૧૧] (ઉદ્‌ભવતાં) કર્મોથી[૧૦] તારાં[૨] સ્તોત્રો ગાતાં ગાતાં[૫] (હું તારી) પ્રાપ્તિ કરું ![૬]

યજશ્ને હા ૫૦–૯.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—મુંબઈ

સાહિત્યપ્રચારને ઉત્તેજનની યોજના

શાળા—પાઠશાળાઓને ઇનામ માટે તેમ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિંમ્મતની ગોઠવણ

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ, મુંબાઇ ઇલાકાનાં સરકારી, દેશી રાજ્યોનાં તેમ જ મ્યુનીસીપાલીટીઓ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાંઓમાં અભ્યાસ તથા વાંચનપ્રસાર દ્વારા તથા વિદ્યાર્થીઓને અપાતાં ઇનામો દ્વારા, તેમ જ તેમના હસ્તકની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ અને પુસ્તકાલયોમાં ગુજરાતી સાહિત્યનો પ્રસાર બહોળા પ્રમાણમાં સહેલાઇથી, ઓછા ખર્ચે થઈ શકે તે માટે પોતાની માલિકીનાં પુસ્તકો (રાસમાળા ભાગ ૧—૨ સિવાય) અર્ધી કિંમ્મતે અને રાસમાળા (ભાગ—૧૨) સાડા બાર ટકે ઉપલી સંસ્થાઓને વેચાતાં લેઈ શકવાની અનુકૂલતા કરી આપવા ઠરાવ્યું છે.

સૂચના:

ઉપલી સંસ્થાઓમાંની જેમને આ પુસ્તકો અર્ધી કિંમ્મતે વેચાતાં લેવાં હોય, તેમણે **નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.**

રા. રા. હરસિદ્ધભાઈ વજુભાઇ દિવેટીયા,

એમ. એ., એલએલ. બી., એડવોકેટ, હાઇકોર્ટ, મુંબઈ.

માનાર્થ મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા,

મહારાજ, મેન્શન્સ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબાઇ નં. ૪.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાની માલિકીનાં પુસ્તકો

૧-૨ રાસમાળા (સચિત્ર) **તૃતીય આવૃત્તિ, ભાગ ૧ લો, તથા બીજો;** સ્વ. શ્રી. એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસે રચેલી, અને દિ. બ. રણછોડભાઈ ઉદયરામ દવેએ ભાષાન્તર કરેલી. દરેકનું **મૂલ્ય રૂ. ૫-૮-૦.**

૪ માર્કસ ઓરેલીઅસ એન્ટોનીનસના સુવિચારો— ભાષાન્તરકાર, ઈડરનરેશ સ્વર્ગસ્થ શ્રી. **મહારાજા સર કેસરીસિંહજી;** રા. રા. નગીનદાસ પુ. સંઘવીએ સંગ્રહેલાં સંસ્કૃત સુભાષિત અને તત્ત્વજ્ઞાનનાં વચનો સાથે **મૂલ્ય રૂ. ૨-૦-૦.**

૫-૬ શ્રી ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ. ભાગ ૧ લો. તથા ભાગ બીજો; તૈયાર કરનાર રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ., **દરેકનું મૂલ્ય રૂ. ૨-૦-૦.**

૭ ગુજરાતનાં ઐતિહાસિક સાધનો ભાગ ૧-૨ (સાથે ભેગા) તૈયાર કરનાર રા. રા. **નર્મદાશંકર બાલાજી દ્વિવેદી;** મૂલ્ય રૂ. ૧-૦-૦

૮ રસકલ્લોલ: બાળાઓએ ગાવાનાં આજીવનનાં ગીતો : સંપાદક રા. રા. **છગનલાલ વિદ્યારામ રાવળ, મહેતાજી** રૂ. ૦-૧૦-૦

૯ અબોધબત્રીસી (કવિશ્રી માંડણકૃત) અને **રાવણમંદોદરી સંવાદ** (કવિ શ્રીધરકૃત) સંપાદક અને સંશોધક સ્વ. રા. **મણિલાલ બકોરભાઈ વ્યાસ;** ટીકા અને ઉપોદ્ઘાત લખનાર, રા. રા. **શંકરપ્રસાદ છગનલાલ રાવળ.** મૂલ્ય રૂ. ૦-૧૨-૦.

૧૦ પ્રાચીન કાવ્યવિનોદ ભાગ ૧ લો—પ્રાચીન કવિયોનાં આખ્યાનો અને પદો: સંપાદક રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ, **મૂલ્ય રૂ. ૧-૦-૦.**

૧૧ અહુનવર એ નામનો જરથુસ્તનો મંત્ર, પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન—લેખક રા. રા. **માનશંકર પીતાંબરદાસ મહેતા,** મૂલ્ય ૦-૮-૦

મળવાનું ઠેકાણું

મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કું.

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨.